# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

15 MARCH, 2026 SUNDAY



પેજ 2  ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્ર સહિત 3 વોન્ટેડ આરોપીઓનું નેપાળ કનેક્શન ખુલ્યું

પેજ 3  શ્રમ અને રોજગાર વિભાગનું 2,902 કરોડનું ઐતિહાસિક બજેટ

પેજ 7  કેન્દ્રીય વિદ્યાલયને બોમ્બ બ્લાસ્ટની ધમકી આપનારો વિદ્યાર્થી નીકળ્યો

પેજ 5  રાજીવ ગાંધી ભવન ખાતે વ્યૂહાત્મક બેઠકો, સંગઠન સાથે સશક્ત લડતનો સંકલ્પ



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 356 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### સરકારે કહ્યું- ઉતાવળમાં બુકિંગ ન કરો; દિલ્હીની હોટલો-રેસ્ટોરન્ટ્સ કચરામાંથી ઉત્પાદિત ગેસનો ઉપયોગ કરે

# 5 દિવસ પછી કોમર્શિયલ LPG સિલિન્ડરની સપ્લાય ફરી શરૂ

### ગેસ સિલિન્ડરની કાળાબજારી અને સંગ્રહખોરી પણ થઈ રહી છે. ઘણી જગ્યાએ 2 હજારનો કોમર્શિયલ સિલિન્ડર 4 હજાર રૂપિયામાં વેચાઈ રહ્યો છે

• નવી દિલ્હી

સરકારે પાંચ દિવસ પછી કોમર્શિયલ LPG સિલિન્ડર પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. પેટ્રોલિયમ મંત્રાલયે શનિવારે જાહેરાત કરી હતી કે દેશના 29 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોમર્શિયલ સિલિન્ડરનું વિતરણ ફરી શરૂ થઈ ગયું છે. સરકારે 9 માર્ચે કોમર્શિયલ સિલિન્ડરના પુરવઠા પર પ્રતિબંધ લાદ્યો હતો.

બિહારમાં ગેસ સિલિન્ડરની અછતને કારણે લાકડા-કોલસાની માગ વધી ગઈ છે. રાજસ્થાનમાં હોટલ લાકડા પર રસોઈ બનાવી રહ્યા છે.ગેસ સિલિન્ડરની કાળાબજારી અને સંગ્રહખોરી પણ થઈ રહી છે. ઘણી જગ્યાએ 2 હજારનો કોમર્શિયલ સિલિન્ડર 4 હજાર રૂપિયામાં વેચાઈ રહ્યો છે. આ સાથે જ સિલિન્ડર જપ્ત કરવાની કાર્યવાહી પણ થઈ રહી છે. તેને રોકવા માટે સરકાર MP-UP, કર્ણાટક-તમિલનાડુમાં ગોદામો પર દરોડા પાડી રહી છે. જોકે, સરકારનો દાવો છે કે દેશમાં ઈંધણની કોઈ અછત નથી અને લોકોને ગભરાવાની જરૂર નથી. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ પણ સંસદમાં કહ્યું છે કે બધું નિયંત્રણમાં છે.

LPG અછતને લઈને દેશભરની સ્થિતિ વિશે પળેપળની જાણકારી જાણવા માટે નીચે બ્લોગ વાંચો સરકારે કહ્યું- દિલ્હીની હોટલ-રેસ્ટોરન્ટ કચરામાંથી બનેલી ગેસનો ઉપયોગ કરેપેટ્રોલિયમ અને નેચરલ ગેસ મિનિસ્ટ્રીના જોઈન્ટ સેક્રેટરી (માર્કેટિંગ અને ઓઈલ રિફાઈનરી) સુજાતા શર્માએ જણાવ્યું કે, હવે દિલ્હી-NCR ની ઈન્ડસ્ટ્રીઝ, હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય સંસ્થાઓને એક મહિના માટે નેચરલ ગેસને બદલે બાયોમાસમાંથી બનેલા પેલેટ્સ, ખાસ કરીને રિફ્યુઝ ડિરાઈવ્ડ ફ્યુઅલ (RDF) પેલેટ્સના અસ્થાયી ઉપયોગની મંજૂરી આપી દેવામાં આવી છે.



કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ એટલે કે CAQM એ આ આદેશ જાહેર કર્યો છે. રિફ્યુઝ-ડિરાઈવ્ડ ફ્યુઅલ (RDF) હકીકતમાં કચરામાંથી બનાવવામાં આવેલું એક પ્રકારનું બળતણ છે. તેમાં નગરપાલિકા અને ઈન્ડસ્ટ્રીઝમાંથી નીકળતા સૂકા કચરા- જેમ કે પ્લાસ્ટિક, કાગળ, કાપડ અને લાકડાને પ્રોસેસ કરવામાં આવે છે.અખાતી દેશોમાંથી LPG લઈને આવી રહેલા બે ભારતીય જહાજો શનિવારે સવારે સુરક્ષિત રીતે હોર્મુઝ રૂટ પાર કરી ગયા છે. આ વિસ્તાર હાલમાં યુદ્ધની ઝપેટમાં છે. શિપિંગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિન્હાએ મીડિયાને જણાવ્યું કે LPG જહાજ 'શિવાલિક' અને 'નંદા દેવી' હવે ગુજરાતના મુંદ્રા અને કંડલા બંદર તરફ આગળ વધી રહ્યા છે.

તેમણે કહ્યું કે આ જહાજોમાં 92,700 ટન LPG છે અને તેમના 16 કે 17 માર્ચ સુધીમાં ભારતીય બંદરો પર પહોંચવાની સંભાવના છે. માનવામાં આવે છે કે તેનાથી ગેસની અછત ઓછી થઈ શકે છે. આ બંને જહાજો તે 24 જહાજોમાં સામેલ હતા, જે આ વિસ્તારમાં યુદ્ધ શરૂ થયા ત્યારથી જ હોર્મુઝ રૂટના પશ્ચિમી ભાગમાં ફસાયેલા હતા.

યુપીના ફરુખાબાદમાં સિલિન્ડર લેવા માટે લાઈનમાં ઉભેલા મોહમ્મદ મુખ્તિયાર (76)ની તબિયત બગડી હતી. સ્વજનો તેમને હોસ્પિટલ લઈ ગયા, પરંતુ તેમનું અવસાન થયું હતું. મુખ્તિયાર શુક્રવારે સવારે લગભગ 6:30 વાગ્યે એજન્સી પહોંચ્યા હતા. લાઈનમાં ઉભા રહેવા દરમિયાન તેઓ અચાનક નીચે પડી ગયા હતા.

રાયપુર, બિલાસપુર, દુર્ગ-ભિલાઈ, સરગુજા અને રાયગઢ સહિત અનેક જિલ્લાઓમાં સવારથી જ ગેસ એજન્સીઓ અને ગોદામોની બહાર લોકોની ભીડ જામી છે. લોકો તડકામાં કલાકો સુધી ઉભા રહીને પોતાનો વારો આવવાની રાહ જોઈ રહ્યા છે. આ દરમિયાન સર્વર ઠપ થઈ જવાથી લોકોની મુશ્કેલીમાં વધુ વધારો થયો છે.કોમર્શિયલ સિલિન્ડરનો પુરવઠો બંધ થવાથી હોટલોમાં 10% સરચાર્જ લેવામાં આવી રહ્યો છે. બીજી તરફ રાયગઢ, જગદલપુર સહિત અનેક જિલ્લાઓની હોટલોમાં લાકડાના ચૂલા પર ભોજન બનાવવામાં આવી રહ્યું છે. કેટલીક જગ્યાએ મેનૂમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે.મધ્યપ્રદેશના છિંદવાડામાં ગેસ સિલિન્ડર ગોદામ પર સવારથી LPG સિલિન્ડર લેવા માટે લોકોની લાંબી કતારો લાગી છે.

### પહેલાં પાકિસ્તાને કાબુલ પર એરસ્ટ્રાઈક કરી

# પાકિસ્તાને ઈસ્લામાબાદમાં 2 વિસ્ફોટક ડ્રોન તોડી પાડ્યા અફઘાનિસ્તાને લશ્કરી ઠેકાણા નિશાન બનાવ્યા

• ઈસ્લામાબાદ

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં સુરક્ષા એજન્સીઓએ વિસ્ફોટકોથી ભરેલા બે ડ્રોન તોડી પાડ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એક ડ્રોન ફૈઝાબાદ વિસ્તાર નજીક પડ્યું, જ્યારે બીજું I-9 સેક્ટરમાં તોડી પાડવામાં આવ્યું.આ પહેલા અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે અફઘાન વાયુસેનાએ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના કોહાટ ક્ષેત્રમાં સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા.

ખરેખરમાં પાકિસ્તાને ગુરુવારે રાત્રે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ અને કંધહારમાં હવાઈ હુમલા કર્યા હતા. તાલિબાન અધિકારીઓ અનુસાર, આ હુમલાઓમાં 6 લોકોના મોત થયા હતા અને 15 લોકો ઘાયલ થયા હતા.આ દરમિયાન પાકિસ્તાન એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું કે ઈસ્લામાબાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ્સ સામાન્ય રીતે ચાલુ છે અને એરપોર્ટ બંધ થવાના સમાચાર ખોટા છે.તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદના જણાવ્યા અનુસાર, પાકિસ્તાને પ્રાઈવેટ એરલાઈન 'કામ એર'ના ફ્યુઅલ ડેપો પર હુમલો કર્યો હતો, જે સિવિલિયન વિમાનો અને UNના વિમાનોને પણ ફ્યુઅલ સપ્લાય કરે છે. તેમણે ચેતવણી આપી હતી કે આ હુમલાનો જવાબ આપવામાં આવશે.

બીજી તરફ, પાકિસ્તાની સુરક્ષા અધિકારીઓએ રોયટર્સને જણાવ્યું કે આ કાર્યવાહી પાકિસ્તાની તાલિબાન (TTP) ના ઠેકાણાઓ પર કરવામાં આવી છે. તાજેતરના મહિનાઓમાં દેશમાં વધતા આતંકી હુમલાઓ બાદ આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે પાકિસ્તાની હુમલા કંધાર અને પક્તિકા પ્રાંતોમાં પણ કરવામાં આવ્યા. કંધાર તાલિબાન નેતાઓનો ગઢ માનવામાં આવે છે. બીજી તરફ, તાલિબાન સરકારે પાકિસ્તાનના આરોપોને નકારી કાઢ્યા છે. તેનું કહેવું છે કે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ કોઈપણ દેશ વિરુદ્ધ હુમલાઓ માટે થવા દેવામાં આવશે નહીં. ખરેખરમાં, પાકિસ્તાન લાંબા સમયથી અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પર દબાણ કરતું રહ્યું છે કે તે પોતાની જમીનનો ઉપયોગ કોઈપણ આતંકવાદી સંગઠનને ન કરવા દે. ઈસ્લામાબાદનો આરોપ છે કે TTP અફઘાનિસ્તાનથી કાર્યરત છે, જ્યારે તાલિબાન સરકાર આ આરોપોને સતત નકારતી રહી છે.

# પંજાબ ચૂંટણીમાં અકાલી દળ-ભાજપ ગઠબંધન નહીં થાય

### અમિત શાહે કહ્યું- 2027માં ભાજપની સરકાર બનશે

• મોગા

પંજાબમાં વિધાનસભા ચૂંટણી 2027 પહેલાં BJPએ આજે મોગામાં પરિવર્તન રેલી યોજી. તેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પહોંચ્યા. તેઓ કેસરી રંગની પાઘડી બાંધીને મંચ પર પહોંચ્યા. જોરદાર નારાબાજી સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું.રેલીને સંબોધતા શાહે કહ્યું કે પંજાબમાં ભાજપ પોતાની સરકાર બનાવશે. ગૃહમંત્રીના આ નિવેદનથી અકાલી દળ સાથે ગઠબંધનની અટકળો પર પૂર્ણવિરામ મુકાઈ ગયું. ગૃહમંત્રીએ વચન આપ્યું કે જો પંજાબમાં ભાજપ સરકાર બનશે તો 2 વર્ષમાં જ નશાને જડમૂળથી ઉખાડી ફેંકશે.

આ ઉપરાંત, રેલીમાં આવતા પહેલા શાહે ટ્વીટ કરીને કહ્યું- પંજાબનો દરેક વ્યક્તિ પરિવર્તન ઈચ્છે છે. કારણ કે જવાનો, ખેડૂતો અને મહેનતુ લોકો માટે પ્રસિદ્ધ પંજાબની પવિત્ર ભૂમિને 'આપ-દા' સરકારે ભ્રષ્ટાચાર, ડ્રગ્સ અને અપરાધમાં ડુબાડી દીધી છે. રિમોટ કંટ્રોલવાળી 'આપ-દા' સરકારમાં પંજાબમાંથી કાયદો અને વ્યવસ્થા તથા વિકાસ ગાયબ છે. આજે મોગામાં પંજાબના બહેનો-ભાઈઓ સાથે સંવાદ કરવા ઉત્સુક છું.આમ આદમી પાર્ટી (AAP) સરકારના મંત્રી અમન અરોરાએ પ્રેસ કોન્ફરન્સ કરીને ઘણા સવાલો કર્યા. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે 1600 કરોડ રૂપિયા વળતર આપવાનું વચન આપ્યું છે. ગૃહમંત્રી જણાવે કે શું તેઓ ચેક લઈને આવ્યા છે?આ દરમિયાન ચર્ચા ચાલી કે પ્રખ્યાત પંજાબી ગાયક મનકીરત ઔલખ ભાજપમાં જોડાઈ શકે છે. ઔલખ હરિયાણાના રહેવાસી છે.

### મેયરે કહ્યું- યહૂદી સમુદાયને ટાર્ગેટ કરીને હુમલો કરવામાં આવ્યો

# નેધરલેન્ડની રાજધાની એમ્સ્ટરડેમમાં જોરદાર બ્લાસ્ટ :યહૂદી સ્કૂલને નિશાન બનાવવામાં આવી

• નેધરલેન્ડ

નેધરલેન્ડની રાજધાની એમ્સ્ટરડેમના એક સમૃદ્ધ રહેણાંક વિસ્તારમાં આવેલી યહૂદી શાળા શનિવારે વહેલી સવારે એક જોરદાર વિસ્ફોટથી ધ્રૂજી ઉઠી હતી. શહેરના મેયર ફેમકે હલ્સેમાએ આ ઘટનાને 'યહૂદી સમુદાય વિરુદ્ધ જાણીજોઈને કરવામાં આવેલો હુમલો' ગણાવ્યો છે. આ હુમલા બાદ સમગ્ર શહેરમાં સુરક્ષા અને તકેદારી વધારી દેવામાં આવી છે. રિપોર્ટ્સ અનુસાર, વિસ્ફોટ એમ્સ્ટરડેમના દક્ષિણ ભાગમાં આવેલી શાળામાં થયો હતો. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી, જેનાથી નુકસાનને મર્યાદિત રાખવામાં મદદ મળી હતી. સદનસીબે ધમાકો વહેલી સવારે થયો હતો જેના કારણે શાળાની ઈમારતને માત્ર નજીવું નુકસાન થયું હતું અને કોઈ જાનહાનિ થઈ ન હતી. મેયર હલ્સેમાએ એક પ્રેસ રિલીઝ જાહેર કરીને આ હુમલાની સખત નિંદા કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ માત્ર એક અકસ્માત નથી પરંતુ સમુદાયને ડરાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવેલું કૃત્ય છે. પોલીસે વિસ્તારની ઘેરાબંધી કરી દીધી છે અને CCTV ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે જેથી હુમલાખોરોની ઓળખ કરી શકાય. યહૂદી સંસ્થાઓની આસપાસ સુરક્ષા બંદોબસ્ત પણ કડક કરી દેવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી યુરોપના વિવિધ શહેરોમાં યહૂદી સંસ્થાઓને નિશાન બનાવવાની ઘટનાઓમાં વધારો જોવા મળ્યો છે. એમ્સ્ટરડેમની આ ઘટનાએ સ્થાનિક યહૂદી વસ્તીમાં ચિંતા પેદા કરી છે. મેયરે આશ્વાસન આપ્યું છે કે શહેરમાં નફરત અને હિંસા માટે કોઈ સ્થાન નથી અને દોષિતોને ટૂંક સમયમાં કાયદાના સકંજામાં લાવવામાં આવશે. આ પહેલા શુક્રવારે રાત્રે રોટરડેમના કેન્દ્રમાં એક યહૂદી પ્રાર્થના સ્થળમાં આગજનીની ઘટના બની હતી. ત્યારબાદ એમ્સ્ટરડેમમાં સિનાગોગ અને અન્ય યહૂદી સંસ્થાઓની સુરક્ષા અગાઉથી જ વધારી દેવામાં આવી હતી. પાડોશી દેશ બેલ્જિયમમાં પણ સોમવારે લીજમાં એક સિનાગોગમાં વિસ્ફોટ થયો હતો, જેમાં આગ લાગી ગઈ હતી.અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર હુમલા અને તેહરાનના વળતા હુમલા બાદ વિશ્વભરમાં યહૂદી સમુદાયો પર સંભવિત હુમલાની આશંકા વધી ગઈ છે. યુરોપમાં યહૂદી સંસ્થાઓ પર સતત થઈ રહેલા હુમલા ચિંતાનો વિષય બન્યા છે.પોલીસે લોકોને શાંત રહેવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ કરવા અપીલ કરી છે.

# કેન્દ્રએ સોનમ વાંગચુક પર લાગેલો NSA હટાવ્યો જોધપુર જેલમાંથી 170 દિવસ પછી મુક્ત થશે

### સોનમે NSA એક્ટ હેઠળ પોતાની અટકાયતનો લગભગ અડધો સમય પૂરો કરી લીધો છે

• નવી દિલ્હી

કેન્દ્રએ શનિવારે લદ્દાખના સામાજિક કાર્યકર અને એન્જિનિયર સોનમ વાંગચુક પર લાગુ નેશનલ સિક્યુરિટી એક્ટ (NSA) હટાવી દીધો. આ આદેશ તાત્કાલિક અસરથી સમાપ્ત કરી દેવામાં આવશે. ગૃહ મંત્રાલય અનુસાર, સોનમે NSA એક્ટ હેઠળ પોતાની અટકાયતનો લગભગ અડધો સમય પૂરો કરી લીધો છે.લદ્દાખ પ્રશાસને 24 સપ્ટેમ્બર 2025ના રોજ લેહ હિંસા ભડકાવવાના આરોપમાં 26 સપ્ટેમ્બરે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) હેઠળ વાંગચુકને અટકાયતમાં લીધા હતા. ત્યારથી તેઓ જોધપુર જેલમાં છે. આ હિંસામાં 4 લોકોના મોત થયા હતા અને 150થી વધુ લોકો ઘાયલ થયા હતા. લગભગ સાડા પાંચ મહિના થઈ ચૂક્યા છે. લગભગ 170 દિવસ પછી મુક્ત થશે.NSA સરકારને એવા લોકોને અટકાયતમાં લેવાનો અધિકાર આપે છે, જેમની પાસેથી દેશની સુરક્ષા કે જાહેર વ્યવસ્થાને ખતરો હોય. આ હેઠળ કોઈ વ્યક્તિને વધુમાં વધુ 12 મહિના સુધી નજરકેદ રાખી શકાય છે.સોનમ વાંગચુકને 26 સપ્ટેમ્બર 2025ના રોજ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA) હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તેઓ લદ્દાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની માગ સાથે આંદોલન કરી રહ્યા હતા. આંદોલન દરમિયાન થયેલા હિંસક પ્રદર્શનોના બે દિવસ પછી તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ પ્રદર્શનોમાં 4 લોકોના મોત થયા હતા. 90 લોકો ઘાયલ થયા હતા. સરકારનો આરોપ છે કે વાંગચુકે આ હિંસા ભડકાવી હતી. સુપ્રીમ કોર્ટમાં સરકારે જણાવ્યું હતું કે સોનમ વાંગચુક બિલકુલ ઠીક હાલતમાં છે. કસ્ટડીમાં રહેતા તેમને AIIMS, જોધપુરમાં સારી સારવાર મળી રહી છે. વાંગચુકના વકીલે કહ્યું કે તેમની કસ્ટડી પર ફરીથી વિચાર કરવાનો આ યોગ્ય સમય છે કારણ કે તેઓ હજુ પણ અસ્વસ્થ છે.કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે સોનમ વાંગચુકને એટલા માટે અટકાયતમાં લેવામાં આવ્યા કારણ કે તેઓ પાકિસ્તાન અને ચીન સરહદે આવેલા સંવેદનશીલ સરહદી વિસ્તારમાં લોકોને ભડકાવી રહ્યા હતા.

### હિમાચલ-ગોવા સહિત 4 રાજ્યોમાં હીટવેવ

# રાજસ્થાન-યુપીમાં વાવાઝોડા-વરસાદની સંભાવના, હીટવેવથી રાહત મળશે

• નવી દિલ્હી

દેશના ઘણા રાજ્યોમાં હવામાન આજથી બદલાવાનું છે. રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં શનિવારે તેજ પવનો સાથે વરસાદની સંભાવના છે. યુપીના 20 જિલ્લા અને રાજસ્થાનના 8 જિલ્લામાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ દરમિયાન 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાઈ શકે છે. વરસાદથી બંને રાજ્યોમાં હીટવેવથી રાહત મળશે. યુપીમાં શુક્રવારે પારો 39C સુધી પહોંચી ગયો. ગોરખપુર સહિત 10 જિલ્લામાં ધુમ્મસ જોવા મળ્યું. રાજસ્થાનમાં મહત્તમ તાપમાન 39C થી 41C ની વચ્ચે રહ્યું. તેમાં બાડમેરમાં સૌથી વધુ 39.4C તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગે શનિવારે ઝારખંડ, ઓડિશા, હિમાચલ પ્રદેશ અને ગોવામાં લૂનું એલર્ટ જાહેર કર્યું છે. અહીં મધ્ય પ્રદેશના ઘણા જિલ્લાઓમાં પણ લૂ જેવી સ્થિતિ છે. મધ્ય પ્રદેશના નર્મદાપુરમમાં શુક્રવારે સતત બીજા દિવસે લૂ ચાલી. અહીં પારો 40.1 ડિગ્રી નોંધાયો, જે સામાન્ય કરતાં 6.6 ડિગ્રી સેલ્સિયસ વધુ છે. 15 માર્ચ- દિલ્હીમાં મોટાભાગના સ્થળોએ તાપમાનમાં વધારો નોંધાશે. મધ્યપ્રદેશ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, પંજાબ, હરિયાણા સહિત પૂર્વોત્તર રાજ્યોમાં વરસાદની ચેતવણી છે.16 માર્ચ- મધ્યપ્રદેશ, ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ, પ. બંગાળ, સિક્કિમમાં ગાજવીજ સાથે વીજળી પડવાની ચેતવણી છે. મહારાષ્ટ્રમાં વરસાદની સંભાવના છે.

# DUમાં ઈન્ટરવ્યુથી વિદ્યાર્થીઓને બહાર કાઢે છે : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

### દિલ્હી યુનિવર્સિટીએ કહ્યું- પહેલા હકીકત તપાસો, એડમિશન પ્રવેશ પરીક્ષાથી થાય છે

• નવી દિલ્હી

દિલ્હી યુનિવર્સિટીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના તે નિવેદનને ફગાવી દીધું છે, જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે યુનિવર્સિટીમાં ઈન્ટરવ્યુ દ્વારા વિદ્યાર્થીઓને બહાર કરવામાં આવે છે. યુનિવર્સિટીએ કહ્યું કે રાહુલ નિવેદન આપતા પહેલા તથ્યોની તપાસ કરે. DUમાં એડમિશન કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET) ના સ્કોરના આધારે મેરિટથી થાય છે. મોટાભાગના કોર્સમાં ઈન્ટરવ્યુ પ્રક્રિયાનો ભાગ નથી. રાહુલ ગાંધીએ શુક્રવારે લખનઉમાં બહુજન સમાજ પાર્ટીના સંસ્થાપક કાંશીરામની જયંતી પર આયોજિત સંવિધાન સંમેલન કાર્યક્રમમાં કહ્યું હતું કે દિલ્હી યુનિવર્સિટી ઈન્ટરવ્યુનો ઉપયોગ વિદ્યાર્થીઓને બહાર કરવા માટે કરે છે.

દિલ્હી યુનિવર્સિટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે યુનિવર્સિટીની પ્રમાણભૂત પ્રવેશ પ્રક્રિયામાં મોટાભાગના અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે ઈન્ટરવ્યુનો સમાવેશ થતો નથી. પ્રવેશ સંપૂર્ણપણે CUET સ્કોરના આધારે પારદર્શક રીતે આપવામાં આવે છે.યુનિવર્સિટીએ જણાવ્યું કે જો રાહુલ ગાંધીનો ઈશારો ફેકલ્ટી ભરતી તરફ હતો, તો તાજેતરના સમયમાં તમામ કેટેગરીમાં હજારો શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે. DUએ રાહુલ ગાંધીના નિવેદન પર વાંધો ઉઠાવતા કહ્યું કે આ પ્રકારની ટિપ્પણીઓથી યુનિવર્સિટીનું વાતાવરણ ખરાબ થાય છે. રાહુલ ગાંધીએ કહ્યું- નરેન્દ્ર મોદી માનસિક રીતે ખતમ થઈ ગયા છે. મોદી હવે ભારતના વડાપ્રધાન નથી રહ્યા, તેઓ અમેરિકા માટે કામ કરી રહ્યા છે અને નરેન્દ્રએ શરણાગતિ સ્વીકારી લીધી છે. જ્યારે હું આ વાત સંસદમાં બોલવા જઈ રહ્યો હતો ત્યારે નરેન્દ્ર મોદીજી ભાગીને નીકળી ગયા. તેમણે કહ્યું- નરેન્દ્ર મોદીએ દેશની ઊર્જા સુરક્ષા સાથે સમાધાન કર્યું છે. કારણ કે હવે અમેરિકા નક્કી કરી રહ્યું છે કે આપણે ઓઈલ ક્યાંથી લઈશું? ઊર્જા ક્ષેત્રની સ્થિતિ હજુ વધુ ખરાબ થશે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# કોંગ્રેસનું 'National Talent Hunt' અભિયાન ગુજરાતમાં ચાર ઝોનમાં 15-16 માર્ચે ઈન્ટરવ્યૂ

અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ખાતે AICC મીડિયા વિભાગના પદાધિકારીઓ તથા નિષ્પક્ષ જ્યુરીની ઉપસ્થિતિમાં પસંદગી પ્રક્રિયા યોજાશેગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશી તથા મીડિયા કો-કન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું હતું કે અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી (AICC)ના મીડિયા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ રાષ્ટ્રીય પ્રતિભા શોધ અભિયાન - National Talent Hunt અંતર્ગત સમગ્ર ગુજરાતમાં પ્રાદેશિક સ્તરે ઈન્ટરવ્યૂ પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે.કોંગ્રેસ પક્ષે દેશભરમાં પોતાની વિચારધારાને વધુ અસરકારક રીતે રજૂ કરી શકે એવા પ્રખર અને સક્ષમ વક્તાઓની ઓળખ માટે આ વિશેષ અભિયાન શરૂ કર્યું છે. આ કાર્યક્રમ જનનાયક શ્રી રાહુલ ગાંધી તથા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગેની વિશેષ પહેલ હેઠળ શરૂ કરવામાં આવ્યો છે અને AICC મીડિયા વિભાગના શ્રી જયરામ રમેશ, શ્રી પવન ખેરા તથા સોશીયલ મીડીયા વિભાગના શ્રીમતિ સુપ્રિયા શ્રીનેતના માર્ગદર્શન હેઠળ દેશવ્યાપી રીતે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં આ અભિયાનને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાના નેતૃત્વ હેઠળ આગળ વધારવામાં આવી રહ્યું છે.

આ અભિયાન અંતર્ગત ઓનલાઈન નોંધણી પછી પસંદ થયેલા ઉમેદવારોના પ્રાદેશિક સ્તરે ગ્રુપ ડિસ્કશન તથા ઈન્ટરવ્યૂ યોજાશે, જેમાં ઉમેદવારોની વાદવિવાદ ક્ષમતા, વૈચારિક સ્પષ્ટતા, અભિવ્યક્તિ કૌશલ્ય અને જાહેર મંચ પર પક્ષની વિચારધારા રજૂ કરવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

ગુજરાતમાં આ પ્રક્રિયા માટે રાજ્યને ચાર ઝોનમાં 15 માર્ચ, રવિવારના રોજ અમદાવાદ, રાજકોટ, વડોદરા તથા 16 માર્ચના રોજ સુરત ખાતે પ્રાદેશિક સ્તરે ઈન્ટરવ્યૂ યોજાશે. આ ઈન્ટરવ્યૂ પ્રક્રિયા AICC મીડિયા વિભાગના ગુજરાત National Talent Hunt પ્રભારીશ્રી હરીશંકર ગુપ્તા અને સંલગ્ન પદાધિકારીઓ તથા નિષ્પક્ષ જ્યુરી પેનલની ઉપસ્થિતિમાં યોજાશે. સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને વ્યાવસાયિક રીતે હાથ ધરવામાં આવશે.આ અભિયાનનો મુખ્ય હેતુ એવા યુવાનો અને કાર્યકર્તાઓને આગળ લાવવાનો છે, જેઓ કોંગ્રેસના ગૌરવશાળી ઈતિહાસ, બંધારણીય મૂલ્યો તથા વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે મજબૂત સમજ ધરાવે છે.

# સાયણથી કોઈ અજાણ્યો ચોર ઈન્ડસ ટાવર પરથી રૂ.૬૦,૦૦૦ ની કિંમતનાં બે અંઝના કાર્ડ ચોરી ગયો

• ઓલપાડ,તા.૧૫

સાયણ ટાઉનની એક રેસીડેન્સીનાંઈન્ડસ ટાવર પરથી કોઈ અજાણ્યો ચોર રૂ.૬૦,૦૦૦ ની કિંમતનાં બે અંઝના કાર્ડ ચોરી કરી ફરાર થઈ ગયો છે.જયારે આ પ્રકારની ચોરીની ઘટના કામરેજ પોલીસની હદના શેખપુર રોડનાં ઈન્ડસ ટાવર પરથી પણ કાર્ડ ચોરાતા બંન્ને ગુનાઓની ચોરીને અંજામ આપનાર આ ગેંગનો ચોરટો હોવાની શક્યતા જણાઈ રહી છે. મનિષ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૪૪)રહે.૧૫૦,કીર્તિ નગર સોસાયટી, કોમ્યુનીટી હોલની બાજુમાં,ઉત્રાણ- સુરત શહેરમાં રહે છે.તે છેલ્લા ૭ વર્ષથી ઈન્ડસ ટાવર ગુજરાતનાં આર. એસ.સિક્યુરીટીનાં સુરત ઝોનના સર્વેલન્સ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે.

**ઘરપકડ**

શહેરનો ચકચારી ઋષભ પટેલ આત્મહત્યા કેસ

# ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્ર સહિત 3 વોન્ટેડ આરોપીઓનું નેપાળ કનેક્શન ખુલ્યું, પોલીસ હવે ઈન્ટરનેશનલ પ્લાનિંગ સાથે ઘરપકડ

## નેપાળ પોલીસના સંલકનમાં રહી માઈક્રો પ્લાનિંગ સાથે તપાસનો ધમધમાટ શરૂ કરવાની છે

• ગાંધીનગર

ગાંધીનગરના સુઘડમાં રહેતા સાનિધ્ય બિલ્ડરના 25 વર્ષીય ઋષભ પટેલના આપઘાત કેસમાં જાન્યુઆરી મહિનાથી વોન્ટેડ ત્રણ આરોપીઓ નેપાળમાં આશરો લઈ રહ્યા હોવાનું ઈન્ફોસિટી પોલીસની તપાસમાં ઘટસ્ફોટ થયો છે. જેના પગલે હવે ગાંધીનગર પોલીસ આરોપીઓ સુધી પહોંચવા માટે નેપાળ પોલીસના સંલકનમાં રહી માઈક્રો પ્લાનિંગ સાથે તપાસનો ધમધમાટ શરૂ કરવાની છે.

ગાંધીનગર કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા 25 વર્ષીય ઋષભ પટેલની આત્મહત્યા કેસમાં ઈન્ફોસિટી પોલીસ સ્ટેશને મૃતકના પિતા પ્રવિણભાઈએ ચાર શખસોના નામજોગ આત્મહત્યા દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે. સુઘડ ખાતે અપોલો હોસ્પિટલ નજીક આવેલા શિખર બંગ્લોઝમાં રહેતા ઋષભ પ્રવિણભાઈ પટેલના લગ્ન તા. 12 જાન્યુઆરીના રોજ થયા હતા. લગ્નના 13 દિવસ બાદ એટલે કે 25 જાન્યુઆરીના રોજ તે સાઈટ ઉપર જવાનું કહીને ઘરેથી નીકળ્યો હતો. જોકે તે પરત નહીં ફરતા પરિવારજનો દ્વારા તેની શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ ઋષભનો ક્યાંય પત્તો લાગ્યો નહોતો. દરમિયાન 26 જાન્યુઆરીના રોજ ઋષભની કાર રાયપુર નર્મદા કેનાલ પાસે બહુચર પાન પાર્લર નજીકથી બિનવારસી હાલતમાં મળી આવી હતી. જેની અંદરતપાસ કરતા પરિવારને દાગીના, મોબાઈલ અને રોકડ રકમની સાથે બે પેજની અંતિમ ચિટ્ઠી પણ મળી હતી. 28 જાન્યુઆરીના રોજ ઋષભનો મૃતદેહ ઘરથી 39 કિમી દૂર કડી નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. ઋષભે સ્યુસાઈડ નોટમાં ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્ર સહિત ચાર શખસના માનસિક ત્રાસથી કંટાળીને આ પગલું ભરી રહ્યો હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો. તો બીજી તરફ ઋષભે લખેલી સુસાઈડ નોટમાં પોતાની પત્નીને સંબોધીને લખ્યું હતું કે હેલી બેટા (પત્ની) ખુશ રહેજે, મને તારા જ માણસોએ મરવા માટે મજબૂર કર્યો છે, તેમને સજા અપાવજે. પોલીસ ચોપડે ફરિયાદ દાખલ થતા જ કલ્પેશ ઉર્ફે તલાટી અંબાલાલ પટેલ (હાલ રહેવાસી એ/802, નેસ્ટ રેસીડન્સી, કેરાહેજા રોડ કોબા) મનિષ ઉર્ફે સ્પલેન્ડર સોમાભાઈ પટેલ (રહે. બી/101, શિખર રેસીડન્સી, નાના ચિલોડા), ક્રિશાલ અરવિંદભાઈ ઉર્ફે વિક્રમભાઈ પટેલ (રહે.સી/702, બેવરલી હિલ્સ, નાના ચિલોડા) અને મહિપાલસિંહ રાઠોડ (તાબુંલ પાર્ન પાર્લર બેવરલી કોમ્પલેક્ષ, રહે.નાના ચિલોડા) ભૂગર્ભમાં ઉતરી ગયા હતા.બાદમાં પોલીસના હાથમાં મહિપાલસિંહ રાઠોડ આવી ગયો હતો. જેણે પોલીસ રિમાન્ડ દરમિયાન વટાણા વેરી દેતા સમગ્ર પ્રકરણ ક્રિકેટ સટ્ટા બેટિંગના રૂપિયાની લેતીદેતીનું હોવાનું બહાર આવ્યું હતું. જેમાં ભાજપના પૂર્વ કોર્પોરેટર તારાબેન પટેલના પુત્ર



મનીષ ઉર્ફે સ્પ્લેન્ડર, કલ્પેશ ઉર્ફે તલાટી અંબાલાલ પટેલ, ક્રિશાલ પટેલ દ્વારા સટ્ટાના 70થી 80 લાખની ઉઘરાણી કરવામાં આવતી હતી. મનીષ ઉર્ફે સ્પ્લેન્ડર અને સાણંદ ખાતે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતો કલ્પેશ ઉર્ફે તલાટી જે આઈડીથી ઋષભ સટ્ટો રમતો હતો એ આઈડી પાસવર્ડ આરોપીઓ તરફથી આપવામાં આવેલું હતું. જે સટ્ટા બેટિંગ પૈસાની ઉઘરાણી કરવામાં આવતી હતી.જોકે ઋષભ પૈસા ચૂકવવામાં ગલ્લા તલ્લા કરતો હોવાથી તેને માર મારી ટોર્ચર કરાયો હતો. આખરે ઋષભે કેનાલમાં આપઘાત કરી લીધો હતો. ત્યારે પોલીસે ઋષભની પત્ની હેલીની પણ પૂછતાછ કરતાં પારિવારિક સંબંધોના લીધે કલ્પેશ ઉર્ફે તલાટીને તે મામા કહીને બોલાવતી હોવાનો ખુલાસો થયો છે. પોલીસ સમક્ષ હેલીએ મામા કલ્પેશ તલાટી પતિના આપઘાત માટે જવાબદાર નહિ હોવાનો પણ દાવો કર્યો હતો. બીજી તરફ ઋષભ પટેલ જે પૈસા સટ્ટામાં હારી ગયો હતો. એ પૈસા આગળ ચૂકવવા માટે કલ્પેશ ઉર્ફે તલાટીએ તેનું માણસા નું મકાન પણ અંદાજિત 65 લાખમાં વેચી માર્યું હતું. તેમ છતાં ઋષભ પૈસા પરત કરવાની કોઈ દરકાર કરતો નહોતો. વધુમાં પોલીસ તપાસમાં એવું પણ બહાર આવ્યું છેકે ભૂતકાળમાં ઋષભ નકલી માર્કશીટ કેસમાં સંડોવાયેલો હતો.જોકે આ સમગ્ર મામલે ગુનો દાખલ થતાં જ મનીષ ઉર્ફે સ્પ્લેન્ડર, કલ્પેશ ઉર્ફે તલાટી અને ક્રિશાલ પટેલને પકડવા ઈન્ફોસિટી પીઆઈ વી આર ખેરની ટીમોએ ત્રણેયના આશ્રય સ્થાનો પર દરોડા પાડી પરિવાજનોની પણ પૂછતાછ હાથ ધરી હતી. પરંતુ કોઈ ફળદાયી હકીકત મળી આવી હતી. ત્યારે પોલીસે એક પછી એક કડીઓ જોડીને તપાસનો દોર ચાલુ રાખતા આરોપીઓ નેપાળમાં છુપાયા હોવાનું બહાર આવ્યું છે.આ અંગે વિશ્વસનીય સુત્રોએ કહ્યુ કે, આરોપીઓ નેપાળમાં નજીકના પરિચિત મારફતે આશરો મેળવી રહ્યા હોવાનું સામે આવ્યું છે. નેપાળ વિઝા ફ્રી હોવાથી ત્રણેય ત્યાં છુપાઈને બેસી ગયા છે. જેના પગલે નેપાળ પોલીસના સંકલનમાં રહીને ત્રણેયને ઝડપી લેવા તખ્તો ગોઠવામાં આવી રહ્યો છે.

સિલિકોન વેલ્થના માલિક સામે વધુ બે ફરિયાદ

# રોકાણનું કહીને અલગ અલગ લોકો પાસેથી 42 લાખ પડાવ્યા, શરૂઆતમાં વિશ્વાસ અપાવવા વળતર પણ આપ્યું

**દર મહિને 10%ના લેખે વળતર**

પાલડીમાં રહેતા આશીનીબેન શાહે ફરિયાદ નોંધાવી છે કે, તેઓ વર્ષ 2021માં સિદ્ધાર્થના સંપર્કમાં આવ્યા હતા

• અમદાવાદ

અમદાવાદમાં અલગ અલગ વિસ્તારમાં સિલિકોન વેલ્થ મેનેજમેન્ટ કંપનીમાં રોકાણ કરવાનું કહીને લોકો પાસેથી લાખો રૂપિયા પડાવનાર સિદ્ધાર્થ રાવલ સામે વધુ બે ફરિયાદ નોંધાઈ છે. સરખેજ પોલીસ સ્ટેશનમાં સિદ્ધાર્થ રાવલ સામે 42 લાખ રૂપિયાની ઠગાઈ કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. સિદ્ધાર્થે લોકોને શરૂઆતમાં રોકાણ કરવાનું કહીને સારું એવું વળતર પણ આપ્યું હતું, પરંતુ થોડા સમય બાદ વળતર આપવાનું બંધ કરીને ઠગાઈ કરી હતી. સરખેજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પાલડીમાં રહેતા આશીનીબેન શાહે ફરિયાદ નોંધાવી છે કે, તેઓ વર્ષ 2021માં સિદ્ધાર્થના સંપર્કમાં આવ્યા હતા. જેમાં તેમને સિલિકોન વેલ્થ મેનેજમેન્ટ કંપનીના કર્મચારી અને માલિકે રોકાણ પર દર મહિને 10%ના લેખે વળતર ચૂકવી આપવાનું જણાવ્યું હતું. જેથી આશીનીબેને 10 લાખનું રોકાણ કર્યું હતું, જેમાં તેમને શરૂઆતમાં વળતર આપવામાં આવ્યું હતું. જે બાદ વળતર આપવાનું બંધ કરી દીધું હતું. આશાનીબેને મૂડી પરત માંગતા વાયદા કરીને મૂડી પરત આપી ન્હોતી. આશાનીબેન સહિત અન્ય લોકો સાથે પણ આ રીતે જ પૈસા પડાવ્યા હતા જેથી સરખેજ



પોલીસે 20 લાખની છેતરપિંડી મામલે સિદ્ધાર્થ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.સેટેલાઈટમાં રહેતા કલ્પનાબેન શાહે પણ સિદ્ધાર્થ રાવલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે, વર્ષ 2022માં તેમનો સંપર્ક સિલિકોન વેલ્થ મેનેજમેન્ટ કંપની સાથે થયો હતો. જેમાં શેર માર્કેટમાં રોકાણ કરવાની સારી પોલીસી જણાવી સારું વળતર આપવાની લાલચ આપી હતી. જેથી કલ્પનાબેને 8.50 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. કલ્પનાબેનને શરૂઆતમાં રોકાણ પર વળતર આપવામાં આવતું હતું. જ્યારે કલ્પનાબેને તેમની મૂડી પરત માગી ત્યારે પરત આપવામાં આવી નહોતી અને અલગ અલગ બહાના બનાવવામાં આવતા હતા.

કલ્પનાબેને સિદ્ધાર્થ રાવલની ઓફિસ અને રહેઠાણ ખાતે તપાસ કરી તો તે ત્યાં પણ હાજર ન હતો. કલ્પનાબેન સહિત અન્ય ચાર લોકો પાસે પણ આ જ રીતે અલગ અલગ રકમ લઈને ઠગાઈ કરવામાં આવી હતી. સરખેજ પોલીસે બીજી ફરિયાદમાં સિદ્ધાર્થ રાવલ વિરુદ્ધ 22 લાખની છેતરપિંડી મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# સેટેલાઈટમાં ફાઈનાન્સ પેઢીના સંચાલકોએ કરોડોનું ફૂલેકું ફેરવ્યું, જાણીતી કંપનીના નામનો દુરુપયોગ કર્યો

કંપનીઝ 'ના નામે ઑફિસ ધરાવતા મિહીર પરીખ અને તેના ભાગીદારોએ કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી

• અમદાવાદ

અમદાવાદ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં 'એમ પી ગ્રુપ ઓફ કંપનીઝ'ના નામે ઑફિસ ધરાવતા મિહીર પરીખ અને તેના ભાગીદારોએ કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી છે. તેઓએ આંબાવાડીના એક વેપારીને મોતીલાલ ઓસવાલ કંપનીમાં ડીમેટ એકાઉન્ટ ખોલાવી આપવાનું કહી વિશ્વાસમાં લીધા અને તેમની પાસેથી 5 કરોડથી વધુનું રોકાણ કરાવીને તે નાણાં બારોબાર હડપ કરી લીધા હતા. આ મામલે સેટેલાઈટ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ ટોળકીએ શેરબજારમાં રોકાણના બહાને અન્ય અનેક લોકો સાથે પણ કરોડો રૂપિયાનું નાણાકીય કૌભાંડ આચર્યું છે.શેરબજારમાં કમાણીની લાલચે પરિવારના નામે 5.30 કરોડનું ઈન્વેસ્ટમેન્ટ

આંબાવાડીના રહેવાસી અને વટવા GIDC માં મશીનરીનો વ્યવસાય કરતા મહેન્દ્રભાઈપટેલ તેમની લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખ મિહીર પરીખના પરિચયમાં



આવ્યા હતા. મિહીર પરીખે પોતાની કંપની 'એમ પી ફિનકોર્પ'નું મોતીલાલ ઓસવાલ સાથે ટાઈઅપ હોવાનું જણાવી મહેન્દ્રભાઈને શેરબજારમાં રોકાણ કરવાની લાલચ આપી હતી. તેના પર વિશ્વાસ રાખીને મહેન્દ્રભાઈએ પોતાના પરિવારના સભ્યોના નામે અલગ-અલગ ડીમેટ એકાઉન્ટ ખોલાવ્યા અને અંદાજે 5.30 કરોડ રૂપિયાનું મોટું રોકાણ મિહીરની કંપનીમાં કર્યું હતું.મિહીર પરીખે મહેન્દ્રભાઈને ખાતરી આપી હતી કે તેમના ડીમેટ એકાઉન્ટ મોતીલાલ ઓસવાલમાં જ છે, પણ વ્યવહારો 'એમ પી ફિનકોર્પ'ની એપમાં દેખાશે. જ્યારે મહેન્દ્રભાઈએ પોતાના પૈસા પાછા માંગ્યા, ત્યારે મિહીરે બે-ત્રણ દિવસમાં આપી દેવાનો વાયદો કર્યો, પરંતુ લાંબા સમય પછી માત્ર ૨.૭૨ કરોડ રૂપિયા જ પરત કર્યા. બાકીના પૈસા ન મળતા મહેન્દ્રભાઈએ મોતીલાલ ઓસવાલની ઑફિસમાં તપાસ કરી, ત્યારે ખબર પડી કે તેમની કંપની દ્વારા કોઈ રોકાણ કે શેરની લે-વેચ થઈ જ નથી અને તેમની સાથે છેતરપિંડી થઈ છે.

# બળતણની તંગીના સમયમાં મ્યુનિ.દ્વારા એક હજાર કિલો છાણ સ્ટીક,છાણાંનુ વિતરણ

• અમદાવાદ

વૈશ્વિક સ્તરે યુધ્ધના વાતાવરણની વચ્ચે દેશની સાથે અમદાવાદમા પણ બળતણની તંગીના એંધાણ શરુ થયા છે.આ પરિસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સી.એન.સી.ડી. વિભાગ દ્વારા એક હજાર કિલો છાણ સ્ટીક અને છાણાંનુ વિતરણ ઈંધણ વિકલ્પના રુપમા શરુ કરવામા આવ્યુ છે.વિવિધ વિસ્તારમા આવેલ હોસ્ટેલ,કેન્ટિન ઉપરાંત કોમ્યુનિટી કીટન તથા નાના એકમોને અત્યારસુધીમા ૩૫૦ કિલોગ્રામ જથ્થો પુરો પાડવામા આવ્યો છે.જેનો કોઈ ચાર્જ વસૂલ કરવામા આવ્યો નથી. જયાં સામૂહીક રસોડા ચાલે છે તેવા એકમોને અગ્રિમતા અપાશે.



શહેરના દાણીલીમડા અને બાકરોલ ખાતે ૯૩૦ જેટલા ગાય સહિતના અન્ય પશુઓ ઢોરડબામા રાખવામા આવ્યા છે. આ પશુઓ દ્વારા દૈનિક ૩૮૦૦ કિલોથી વધુ જનરેટ થતા છાણ,ઘાસ અને ગ્રીન વેસ્ટનો ઉપયોગ કરી છાણાં,સ્ટીક,ખાતર અને બાયોગેસ બનાવવામા આવે છે.સી.એન.સી.ડી. વિભાગના નરેશ રાજપૂતે કહયુ, વર્તમાન સમયમા જે પ્રકારે આપત્તિ આવી પડી છે તેને ધ્યાનમા લઈ શહેરના કાલુપુર સહિતના અન્ય વિસ્તારમા વિભાગ તરફથી જયાં સામૂહીક રસોડા ચાલે છે તેમને સંપર્ક કરી વૈદિક હોળી માટે તૈયાર કરેલી કીટ તેમને મોકલી આપવામા આવી છે. આ કીટમાં દસ છાણાં ઉપરાંત છાણ સ્ટીક તથા ઘાસના વેસ્ટનો સમાવેશ થાય છે.ચા-કોફી બનાવતા નાના એકમો, રેસ્ટોરન્ટ,ઢાબા કે પછી કોમર્શિયલ એકમો જયાં ચુલામાં રસોઈ બનાવવા વરાળ જનરેટ કરવા લાકડાનો કે ગેસનો ઉપયોગ થાય છે તેવા એકમો તરફથી છાણ સ્ટીક અને છાણાંના ઉપયોગ અંગે ઈન્કવાયરી આવી હતી.આ એકમો હાલ આ કીટનો ઉપયોગ કરી તેમની ભવિષ્યની જરુરીયાત જણાવશે તો એ દિશામા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેમને મદદરુપ થવા પ્રયાસ કરવામા આવશે.

# મોહમ્મદ વસીમ અબ્દુલ લતીફ મલેકને 'ગુજરાત વેટરન ક્રિકેટ ટીમ' ના હેડ કોચ તરીકે પસંદ કરવામાં આવી




• ઓલપાડ તા.૧૪

ઓલપાડ તાલુકાનું ગૌરવ મોહમ્મદ વસીમ અબ્દુલ લતીફ મલેક જે પ્રથમ International Cricket Council (ICC) નું સર્ટિફિકેટ ધરાવનાર કોચ છે,તેમણે હાલમાં જ પોતાની મહેનત અને પ્રતિભાથી પ્રસિદ્ધિ હાંસલ કરી છે. આથી ગર્વ સાથે જાહેર કરવામાં આવે છે કે શ્રી મોહમ્મદ વસીમ અબ્દુલ લતીફ મલેકને 'ગુજરાત વેટરન ક્રિકેટ ટીમ'ના હેડ કોચ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.આ નોંધપાત્ર સિદ્ધિ તેમની સમર્પણ ભાવના, જ્ઞાન અને ક્રિકેટ પ્રત્યેના ઉત્સાહને દર્શાવે છે. રમતના વિકાસ માટે તથા ખેલાડીઓને માર્ગદર્શન આપવા માટે તેમની પ્રતિબદ્ધતા ખરેખર પ્રશંસનીય છે.અમે શ્રી વસીમ મલેકને દિલથી અભિનંદન પાઠવીએ છીએ અને તેમના કોચિંગ જીવન માટે ખૂબ સફળતાની શુભેચ્છાઓ પાઠવીએ છીએ. તેઓ ભવિષ્યમાં ટીમને પ્રેરણા આપતા રહે અને અનેક જીત તરફ દોરી જાય તેવી શુભકામનાઓ.

શ્રી શક્તિસિંહ ગોહિલનું કાર્યાલય સાંસદ રાજ્યસભા, રાષ્ટ્રીય પ્રવક્તા એ.આઈ.સી.સી., દિલ્હી

# ભારતના નિર્ણયો ભારત જ લેશે એવો સ્પષ્ટ સંદેશ અમેરિકાને આપવા માગણી

ઈન્દિરા ગાંધીના ઉદાહરણ સાથે મોદીની વિદેશ નીતિ પર નિશાન સાધ્યું રાજ્યસભામાં કોંગ્રેસના ગુજરાતથી સાંસદ શક્તિસિંહ ગોહિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો જણાવ્યું હતું કે ભારતની વિદેશ નીતિ હવે "નરેન્દ્ર સરેન્ડર" જેવી બની ગઈ છે. તેમણે કહ્યું કે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જે કહે છે તે પ્રમાણે ભારત નિર્ણય લેતું હોય એવું લાગી રહ્યું છે.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે આપણા વડાપ્રધાન એટલા નબળા અને ટ્રમ્પના આદેશ સામે નમતા જોવા મળે છે તે જોઈને આશ્ચર્ય અને દુઃખ થાય છે. ટ્રમ્પ ભારતને કહે કે યુદ્ધ બંધ કરો તો નવી દિલ્હી તે માને છે. ટ્રમ્પ ઓઈલ ક્યાંથી ખરીદવું તે નક્કી કરે અને ભારત તેને સ્વીકારી લે છે. ગોહિલે કહ્યું કે ટ્રમ્પ માત્ર એટલું કહે કે "નરેન્દ્ર, સરેન્ડર" અને ભારત સરકાર તરત જ તેને માનતી હોય એવું લાગે છે.

ગોહિલે વધુમાં જણાવ્યું કે ભાજપ વારંવાર દાવો કરે છે કે વિશ્વમાં ભારતનું સ્વાભિમાન અને પ્રતિષ્ઠા વધી છે. પરંતુ આવી "નરેન્દ્ર સરેન્ડર" પ્રકારની શાસનશૈલી દેશના ગૌરવને નુકસાન પહોંચાડે છે. એ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે ટ્રમ્પ સામે ઊભા રહેવાની હિંમત નથી. ટ્રમ્પ કહે કે યુદ્ધ બંધ કરો અને આપણે બંધ કરીએ. ટ્રમ્પ કહે કે રશિયાથી ઓઈલ ન ખરીદો અને આપણે તે માની લઈએ. મને ખબર નથી કે એ એપ્સ્ટિન ફાઈલ્સના કારણે છે કે અન્ય કોઈ કારણ છે, પરંતુ મોદીજી 'નરેન્દ્ર સરેન્ડર' સિદ્ધાંતને અનુસરે છે. તેમણે કહ્યું કે મોદીજી, અમે તમારી સાથે છીએ. ડરશો નહીં. હિંમત એકઠી કરો અને ટ્રમ્પને કહો કે તમે જુટ્ઠા છો. તેમના આ વિધાનને રાજ્યસભામાં કેટલાક સભ્યોએ તાળીઓથી વધાવી લીધુ હતું. દરમિયાનમાં પત્રકારો સાથે વાત કરતાં ગોહિલે જણાવ્યું કે ભારત વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર છે અને વૈશ્વિક રાજકારણમાં મહત્વપૂર્ણ શક્તિ પણ છે. તેમ છતાં જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ જાહેરમાં કહે છે કે તેમણે ભારતને યુદ્ધ અથવા વ્યૂહાત્મક નિર્ણય અંગે સૂચના આપી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી તરત જ કોઈ જોરદાર જવાબ જોવા મળતો નથી. ગોહિલે કહ્યું કે વોશિંગ્ટન પ્રત્યેનો આ અભિગમ હવે "નરેન્દ્ર સરેન્ડર" નીતિ તરીકે ઓળખાઈ રહ્યો છે, કારણ કે ટ્રમ્પ ભારતના નિર્ણયો અંગે જાહેરમાં મોટા દાવા કરે ત્યારે મોદી તેનો જવાબ આપવા તૈયાર દેખાતા નથી. તેમણે પ્રશ્ન કર્યો કે અમેરિકા કેમ નક્કી કરે કે ભારત રશિયાથી ઓઈલ ખરીદી શકે કે નહીં. સરકાર કહે છે કે ભારતનું ગૌરવ અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા વધી છે, પરંતુ જો એવું હોત તો શું અમેરિકા આપણા નાગરિકોને હાથકડી પહેરાવીને પાછા મોકલત? ઈતિહાસને યાદ કરતા ગોહિલે કહ્યું કે પૂર્વ વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ એક અમેરિકન રાષ્ટ્રપતિને સ્પષ્ટ કહી દીધું હતું કે ભારત કયા ચોખા ખાય તે નક્કી કરવાનો અધિકાર અમેરિકા પાસે નથી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આવા નિર્ણયો ભારત અને ભારતના લોકો કરશે, અમેરિકા નહીં.

# શ્રમ અને રોજગાર વિભાગનું 2,902 કરોડનું ઐતિહાસિક બજેટ, યુવા સશક્તિકરણ અને નવી યોજનાઓ

## પાઇલટ અને 1,200 થી વધુ તાલીમાર્થીઓને ડ્રોન મેન્યુફેક્ચરિંગની તાલીમ અપાઈ છે

• ગાંધીનગર



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત સરકારે રાજ્યના યુવાનોને કૌશલ્યબદ્ધ કરવા અને શ્રમિકોના સર્વાંગી ઉત્થાન માટે કમર કસી છે. વર્ષ 2026-27ના અંદાજપત્રમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે 2,902 કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે. મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ આ બજેટને 'વિકસિત ભારત @ 2047'ના વિઝનને સાકાર કરનારું ગણાવ્યું છે.રાજ્યના યુવાનોની રોજગારક્ષમતા વધારવા માટે 'નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન' અંતર્ગત 226 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ITI શિક્ષણને આધુનિક બનાવવા માટે 'PM-સેતુ યોજના' હેઠળ 200 કરોડના ખર્ચે હબ-એન્ડ-સ્પોક મોડલ વિકસાવાશે. ખાસ કરીને દીકરીઓને ટેકનિકલ શિક્ષણમાં પ્રોત્સાહિત કરવા 'નમો કૌશલ્ય લક્ષ્મી યોજના' અમલી બનાવાઈ છે, જેમાં 1 વર્ષના કોર્સ માટે 15,000 અને 2 વર્ષના કોર્સ માટે 24,000ની આર્થિક સહાય અપાશે.શ્રમિકોના કલ્યાણ માટે સરકાર 'શ્રમિક અન્નપૂર્ણા યોજના'નો વ્યાપ વધારી રહી છે. 200 કરોડના ખર્ચ સાથે નવા 300 અન્નપૂર્ણા બુથ શરૂ થશે, જ્યાં માત્ર 5 રૂપિયામાં પૌષ્ટિક ભોજન મળશે. રહેઠાણ માટે 'શ્રમિક બસેરા યોજના' હેઠળ 150 કરોડ અને આરોગ્ય સેવાઓ માટે 50 નવા 'ધનવંતરી આરોગ્ય રથ' ઉમેરવા 160 કરોડ ફાળવાયા છે. મીઠાના અગરીયાઓ માટે સોલાર પેનલ ધરાવતા આવાસો માટે 25 કરોડની જોગવાઈ કરાઈ છે. વધુમાં, અકસ્માત વીમા પેટે 3.5 લાખ અને સિલીકોસીસ પીડિતોને સારવાર તથા મરણોત્તર સહાયમાં વધારો કરાયો છે.ગુજરાત આજે દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર ધરાવતું રાજ્ય છે. ભારતનો સરેરાશ બેરોજગારી દર 3.2% છે, જ્યારે ગુજરાતનો દર માત્ર 1.1% છે. વર્ષ 2025-26 દરમિયાન 1,215 ભરતીમેળા દ્વારા 2,60,878 ઉમેદવારોને રોજગારી મળી છે. રાજ્યમાં 559 ITI માં 2,18,516 બેઠકો કાર્યરત છે. ઔદ્યોગિક ક્ષેત્રે પણ ઉત્સાહજનક વૃદ્ધિ જોવા મળી છે; છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં નવા 1,016 કારખાનાઓની નોંધણી સાથે કુલ સંખ્યા 51,033 પર પહોંચી છે.ભવિષ્યની ટેકનોલોજીને ધ્યાને રાખીને રાજ્યમાં 6 DGCA માન્ય ડ્રોન પાઈલટ તાલીમ કેન્દ્રો કાર્યરત છે. કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા 600 થી વધુ પાઈલટ અને 1,200 થી વધુ તાલીમાર્થીઓને ડ્રોન મેન્યુફેક્ચરિંગની તાલીમ અપાઈ છે. સરકારનું આગામી લક્ષ્ય 4-5 વર્ષમાં 60,000 થી વધુ લોકોને અત્યાધુનિક તાલીમ આપીને 'વિકસિત ગુજરાત'ના પાયાને મજબૂત કરવાનું છે.

વિરોધ

બજેટમાં 60 કરોડની જોગવાઈ અને સેચ્યુરેશન એપ્રોચ

# દિવ્યાંગોની પાંખોને મળી નવી ગતિ:36.7 કરોડના સાધનોનું વિતરણ અને સહાય મેળવવાની વયમર્યાદામાં કરાયો મોટો ઘટાડો

## ગુજરાત સરકાર દ્વારા રાજ્યના દિવ્યાંગોને સ્વનિર્ભર અને સક્ષમ બનાવવા માટે એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે

• ગાંધીનગર



ગુજરાત સરકાર દ્વારા રાજ્યના દિવ્યાંગોને સ્વનિર્ભર અને સક્ષમ બનાવવા માટે એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં રાજ્યના 5676 દિવ્યાંગ લાભાર્થીઓને કુલ 36.7 કરોડ રૂપિયાની કિંમતની મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ અને જોયસ્ટિક વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય દિવ્યાંગોનું રોજિંદુ જીવન વધુ સરળ, સુગમ અને ગતિશીલ બનાવવાનો છે.

અત્યાર સુધી દિવ્યાંગોને સાધન સહાય યોજના હેઠળ હાથથી ચલાવવી પડે તેવી સાદી ટ્રાઈસિકલ કે વ્હીલચેર આપવામાં આવતી હતી. જેના કારણે તેમને શારીરિક શ્રમ વધુ કરવો પડતો અને લાંબા અંતરની મુસાફરીમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ વેદનાને સમજીને સરકારે હવે આધુનિક સાધનો આપવાનો નિર્ણય કર્યો છે. ગાંધીનગરમાં પ્રતિકરૂપે 40 લાભાર્થીઓને સાધનો અર્પણ કરી આ અભિયાનનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા, રાજ્ય મંત્રી ડૉ. મનીષાબેન વકીલ અને મુખ્ય સચિવ એમ. કે. દાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ દિવ્યાંગોના હિતમાં વધુ બે મોટા નિર્ણયોની જાહેરાત કરી છે. લોકમોટર ડિસેબિલિટી, સેરેબ્રલ પાલ્સી અને મસ્ક્યુલર ડિસ્ટ્રોફી ધરાવતા દર્દીઓ મુસાફરી દરમિયાન પણ પોતાની વ્હીલચેર સાથે રાખી શકે તે માટે હવે સાદી જોયસ્ટિક વ્હીલચેરને બદલે 'ફોલ્ડિંગ જોયસ્ટિક વ્હીલચેર' આપવામાં આવશે. આ માટે સહાયની રકમ વધારીને 1.10 લાખ રૂપિયા કરવામાં આવી છે. આ ઉપરાંત, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી ધરાવતા બાળકો માટે સહાય મેળવવાની પાત્રતા વય 18 વર્ષથી ઘટાડીને 10 વર્ષ કરી દેવામાં આવી છે, જેથી નાની ઉંમરથી જ તેમને આધુનિક સુવિધા મળી રહે.

વર્ષ 2025-26 ના બજેટમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આ યોજના માટે 60 કરોડ રૂપિયાની માતબર જોગવાઈ કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે રાજ્યનો એક પણ જરૂરતમંદ દિવ્યાંગ આ સહાયથી વંચિત ન રહેવો જોઈએ. આ માટે 'સેચ્યુરેશન એપ્રોચ' (સો ટકા લક્ષ્યાંક) અપનાવવાની સૂચના અપાઈ છે. ઉલ્લેખનીય છે કે આ તમામ સાધનો ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (ALIMCO) દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે.

વધુ એક અકસ્માતનો બનાવ સામે આવ્યો

# દાણીલીમડામાં BRTS ટ્રેકમાં ચાલવા નીકળેલા 23 વર્ષના યુવકને બુલેટે ઉડાવ્યો

અકસ્માત

## અમદાવાદ શહેરમાં વધતા અકસ્માત વચ્ચે વધુ એક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે

• અમદાવાદ



અમદાવાદ શહેરમાં વધતા અકસ્માત વચ્ચે વધુ એક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે, જેમાં ઠક્કરનગર બીઆરટીએસ ટ્રેકમાં ચાલી રહેલા યુવકને પૂરઝડપે એક બુલેટ ચાલકે ટક્કર મારી હતી. જેના કારણે 23 વર્ષના યુવકનું ઘટના સ્થળે જ મોત થયું હતું.અકસ્માત કરનાર બુલેટ ચાલક પણ ઈજાગ્રસ્ત થયો હોવાથી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સમગ્ર મામલે જી-ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

શહેરના હીરાવાડી વિસ્તારમાં રહેતો 23 વર્ષનો સાહિલ રાદડિયા નિકોલ ખાતે આવેલા મોતીલાલ ઓસ્વાલ ખાતે શેરબજારનો કામ કરતો હતો. ગત મોડી રાત્રે સાહિલ તેના ઘરેથી જમીને ચાલવા માટે બહાર નીકળ્યો હતો. આ દરમિયાન ઠક્કરનગર BRTS ટ્રેકમાં સાહિલ ચાલી રહ્યો હતો. ત્યારે એક બુલેટ બાઈકના ચાલકે પૂરઝડપે સાહિલને ટક્કર મારી હતી, જેના કારણે સાહિલ નીચે પટકાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે, સાહિલને મોઢા અને માથાના ભાગે ગંભીર ઈજા થવાના કારણે લોહી નીકળવા લાગ્યું હતું.

સાહિલનું ગંભીર ઈજા થવાના કારણે ઘટના સ્થળે જ મોત થયું હતું. અકસ્માત કરનાર બુલેટ ચાલક પણ બુલેટ પરથી પડ્યો હતો. જેના કારણે બુલેટ ચાલકને પણ ઈજા થતાં તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે જી ડિવિઝન ટ્રાફિક પોલીસે બુલેટ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.અન્ય કિસ્સામાં દાણીલીમડા વિસ્તારમાં શક્તિ સોસાયટીમાં રહેતા નૂર મોહમદ રાતના 8 વાગ્યે મસ્જિદમાં નમાઝ માટે ગયા હતા.રાતે 10 વાગ્યે નમાઝ કરીને પરત આવી રહ્યા હતા, ત્યારે તેમના ઘર મેઈન દરવાજા પાસે પહોચતા જ એક સફેદ કલરના બર્ગમેન ચાલકે પૂરઝડપે ટક્કર મારી હતી. બર્ગમેનની ટક્કર બહાર રમી રહેલી 4 વર્ષની બાળકી અને નૂરમોહમદને વાગતા બાળકીને ઈજા થઈ હતી. જ્યારે નૂરમોહમદને માથાના ભાગે ગંભીર ઈજા થતા પરિવારના સભ્યો સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન નૂરમોહમદનું મોત થયું હતું. કે.ડિવિઝન ટ્રાફિક પોલીસે ટૂ-વ્હીલર ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દહેગામ નગરપાલિકા ખાતે હીટવેવ જાગૃતિ મામલે ગાંધીનગર જોન કમિશનરે યોજી મિટિંગ

## ગાંધીનગર જોન કમિશનર બી એમ પટેલ દ્વારા દહેગામ નગરપાલિકા ખાતે હીટવેવ જાગૃતિ બાબતે મુલાકાત

• ગાંધીનગર




ગાંધીનગર જોનની નગરપાલિકાઓના રિજીયોનલ કમિશનરની કચેરી ગાંધીનગરના પ્રાદેશિક કમિશનર બી એમ પટેલ તથા ચીફ ઓફિસર વર્ગ એક તેમજ મનોજભાઈ સોલંકી દ્વારા દહેગામ નગરપાલિકા ખાતે ચાલુ વર્ષે ગરમીનું પ્રમાણ અચાનક જ ઝડપથી વધવાની શક્યતાને ધ્યાને લેતા નગરપાલિકા દ્વારા આગોતરા આયોજન બાબતે જરૂરી માર્ગદર્શન સૂચનાઓ આપવા નગરપાલિકા હોલમાં મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પ્રમુખ વૈશાલીબેન સોલંકી, ચીફ ઓફિસર ઉમાબેન રામાણી, પીન્ટુભાઈ અમીન, વિપુલભાઈ શાહ, સદસ્યો, સ્થાનિક નાગરિકો, તથા નગરપાલિકાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં આરસીએમ દ્વારા નગરપાલિકા વિસ્તારમાં દૈનિક વિતરણ કરવામાં આવતા પાણી પુરવઠા ના સ્ત્રોત ઉપરથી સેવાડાના ઘર સુધી યોગ્ય માત્રામાં ક્લોરીનેશનલ વાળુ પાણી સપ્લાય થાય અને કોઈ ફરિયાદ મળે તો તે તાત્કાલિક રીપેરીંગ થાય તે બાબતે ખાસ કાળજી રાખવાની સૂચના આપવામાં આવી હતી. નગરપાલિકા વિસ્તારમાં દૈનિક સફાઈ બાબતે સઘન અભિયાન હાથ ધરવા તથા ખાદ્ય ચીજ વસ્તુઓના વેચાણ અને ઉત્પાદન સ્થળની સરપ્રાઈઝ ચકાસણી કરવા જણાવવામાં આવ્યું હતું. તથા આગની આકસ્મિક ઘટના બને તો તેને પહોંચી વળવા માટે ફાયર શાખાને તૈયાર રહેવા જણાવવામાં આવ્યું હતું. વધુમાં નગરપાલિકા વિસ્તારમાં ચાલતા બાંધકામની સાઈડ ઉપર હિટવેવ સામે સુરક્ષાના પગલાં લેવા બાબતે સરકારની વખત તો વખતની માર્ગદર્શક સૂચનાઓના અમલીરણ બાબતે તાકીદ કરવામાં આવી હતી.

# PM પોષણ યોજનાના કમિશનરનો આદેશ : શાળાઓને ગેસની વ્યવસ્થા માટે કલેક્ટરોને તાકીદ

• ગાંધીનગર

મિડલ ઈસ્ટમાં યુદ્ધના કારણે ઊભી થયેલી એલપીજી ગેસની અછતની સીધી અસર શાળાઓના મધ્યાહન ભોજન પર ન પડે તે માટે રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી છે. પીએમ પોષણ યોજનાના કમિશનરે તમામ જિલ્લા કલેક્ટરો અને મ્યુનિસિપલ કમિશનરોને પત્ર લખીને શાળાઓ અને સેન્ટ્રલાઈઝ્ડ કિચન માટે ગેસનો પુરવઠો કોઈપણ અવરોધ વિના અને પ્રાથમિકતાના ધોરણે પૂરો પાડવા સૂચના આપી છે.પીએમ પોષણ યોજનાના સંયુક્ત કમિશનર એન.એસ. ગુપ્તા દ્વારા 13મી માર્ચ 2026ના રોજ બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ યોજના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA) 2013 અંતર્ગત આવે છે. બાલવાટિકાથી ધોરણ 8 સુધીના બાળકોને નિયમિત ભોજન પહોંચાડવું એ રાજ્ય સરકારની કાનૂની બાંહેધરીરૂપ ફરજ છે. આથી, કોઈપણ સંજોગોમાં શાળાઓમાં રસોઈ બંધ થવી જોઈએ નહીં.પરિપત્રમાં જણાવાયું છે કે, રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટેનું ભોજન એલપીજી સિલિન્ડર પર રાંધવામાં આવે છે, જ્યારે એનજીઓ સંચાલિત શાળાઓમાં સેન્ટ્રલાઈઝ્ડ કિચન મારફતે ભોજન તૈયાર થાય છે. વૈશ્વિક અસ્થિરતાને કારણે ગેસ સપ્લાયમાં અડચણો આવી રહી છે, ત્યારે ગેસ એજન્સીઓને પીએમ પોષણ યોજનાના કેન્દ્રોને અગ્રતા આપવા આદેશ અપાયો છે. જિલ્લા પુરવઠા અધિકારીઓને ગેસ પુરવઠો સુનિશ્ચિત કરવા જવાબદારી સોંપવામાં આવી છે. સેન્ટ્રલાઈઝ્ડ કિચન માટે જરૂરી ઈંધણના જથ્થામાં કોઈ વિઘ્ન ન પડે તે જોવાની તાકીદ કરી છે.આ ગંભીર મુદ્દે શિક્ષણ વિભાગ અને અન્ન તથા નાગરિક પુરવઠા વિભાગના નાયબ સચિવોને પણ જાણ કરવામાં આવી છે. તમામ મહાનગરપાલિકાઓના નાયબ કલેક્ટરોને આદેશ અપાયો છે.

# હચમચાવી નાખતો બનાવ : નિકોલમાં વૃદ્ધને બોનેટ પર બેસાડી 500 મીટર સુધી કાર દોડાવી



• અમદાવાદ

અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં એક હચમચાવી નાખતો બનાવ સામે આવ્યો છે. અકસ્માત સર્જનારા કારચાલકને સમજાવવા ગયેલા એક વૃદ્ધને કારના બોનેટ પર બેસાડી કારચાલકે કાર ભગાડી મૂક્યાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. વીડિયોમાં સિનિયર સિટીઝન કહી રહ્યા છે કે, 'હજી કહું છું કેસ નથી કરવો' તેમ છતા કારચાલકે પોતાની કાર ઉભી રાખવાના બદલે રસ્તા પર પૂરપાટ ઝડપે દોડાવી રહ્યો છે. આ મામલે હજી સુધી પોલીસ સ્ટેશન સુધી કોઈ ફરિયાદ આવી ન હોય પોલીસે વાઈરલ વીડિયોના આધારે તપાસ કરી કારચાલકની શોધખોળ હાથ ધરી છે.નિકોલમાં ખોડિયાર મંદિર પાસે 13 માર્ચે રાત્રે 10:30 વાગ્યાની આસપાસ GJ-13 CB 2908 નંબરની I-10 કારના ચાલકે એક અકસ્માત સર્જ્યો હતો.

સાયલેન્સર ચોર ગેંગનો તરખાટ

# સેક્ટર 13માં નંબર પ્લેટ વગરની કારમાં આવી બે ઈકોના સાયલેન્સર ચોરી ફરાર

• ગાંધીનગર




ગાંધીનગરના સેક્ટર-13 વિસ્તારમાં તસ્કરો રહેણાંક વિસ્તારમાં પાર્ક કરેલી બે મારુતિ ઈકો ગાડીઓમાંથી સાયલેન્સરની ચોરી કરીને ફરાર થઈ જતા સ્થાનિકોમાં પોતાના વાહનોની સુરક્ષાને લઈ ચિંતામાં મુકાઈ ગયો છે. આ મામલે સેક્ટર-13માં રહેતા વેપારી અજાણ્યા ત્રણ ઈસમો વિરુદ્ધ ફરિયાદ આપતા સેક્ટર 7 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ગાંધીનગરના સેક્ટર 13/એ, પ્લોટ નંબર 673/2 માં રહેતાને ચીઝ પનીરનો ધંધો કરતા બિજેશ પરમારે પોતાની ઈકો ગાડી ગત 29 ડિસેમ્બર, 2025ના સાંજે સેક્ટર-13ના ખુલ્લા પ્લોટમાં પાર્ક કરી હતી. બીજા દિવસે સવારે જ્યારે પડોશમાં રહેતા કમલેશ પરમારે તેમની ગાડીનું સાયલેન્સર ચોરાયું હોવાની જાણ કરી ત્યારે બિજેશ પરમારે પોતાની ગાડી તપાસતા તેમાંથી પણ સાયલેન્સર ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું.બાદમાં ગાડી ચાલુ કરતા જ અવાજ બદલાઈ ગયો હતો અને નીચે જોતા બોલ્ટ ખુલ્લા હાલતમાં મળી આવ્યા હતા. આ સમગ્ર ઘટના પાડોશમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જેના ફૂટેજની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, 30 ડિસેમ્બરના રોજ વહેલી સવારે એક સફેદ કલરની આઈ-20 ગાડી ત્યાં આવી પહોંચી હતી. આ નંબર પ્લેટ વગરની ગાડીમાંથી ત્રણ અજાણ્યા શખ્સો ઉતરીને બંને ઈકો ગાડીઓના કુલ 60 હજારની કિંમતના સાયલેન્સરની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા.આ ઘટના અંગે શરૂઆતમાં ખાનગી રાહે તપાસ કર્યા બાદ અને ઈન્સ્યોરન્સ કંપની દ્વારા પોલીસ ફરિયાદનો આગ્રહ રાખવામાં આવતા આખરે ભોગ બનનાર વેપારીએ કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી મુદ્દે આમ આદમી પાર્ટીની ઉમેદવાર પસંદગી પ્રક્રિયા શરૂ

## 15 માર્ચ સુધીમાં સ્થાનિક સ્તરે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા ચાલશે: AAP



• અમદાવાદ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. થોડા સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની છે. આ બાબતે આમ આદમી પાર્ટી સતત સંઘર્ષ કરીને આજે ગુજરાતની અંદર એક મજબૂત વિકલ્પ તરીકે ઊભરી આવી છે. આજે જ્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે પાર્ટી તમામ સીટો પર મજબૂતીથી ચૂંટણી લડવા જઈ રહી છે. આ બાબતે આમ આદમી પાર્ટીની ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ગત 10મી માર્ચથી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ વેસ્ટ ખાતે મહાનગરપાલિકા સીટો માટે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં

ડૉ જ્વેલ વસરા મધ્ય ઝોન અધ્યક્ષ,જીતુભાઈ ઉપાધ્યાય,પ્રણવ ઠક્કર,આફતાબ ભાઈ, હિરેન ગોહિલ, નીતિન બારોટ,જતીન પટેલ,યાત્રિક પટેલ વિપુલ પટેલ સહિતના પદાધિકારીઓ જોડાયા હતા. આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ પારદર્શક અને લોકશાહી પદ્ધતિથી કરવામાં આવી રહી છે, જેમાં પાર્ટીના કાર્યકરો, પદાધિકારીઓ અને સમર્થકોને પણ ભાગ લેવા તક મળી રહ્યો છે. ગુજરાતના લોકો અને ગુજરાતના યુવાનો ભાજપના શાસનમાંથી મુક્તિ ઈચ્છે છે. આમ આદમી પાર્ટી એક સકારાત્મક વિકલ્પ તરીકે આગળ આવી રહી છે ત્યારે જેને પણ રાજકારણમાં આવવું હોય તે આ પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે. આવો સાથે મળીને ગુજરાતને ભાજપના અત્યાચારમાંથી મુક્ત કરીએ અને સાચા અર્થમાં ગુજરાતનો વિકાસ કરીએ.

આમ આદમી પાર્ટી દ્વારા બે તબક્કામાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરશે. પ્રથમ તબક્કામાં જિલ્લા અને લોકસભા સ્તરે આગામી 10મી તારીખથી લઈને 15મી તારીખ સુધી અલગ અલગ જિલ્લાઓ અને લોકસભા વિસ્તારોમાં આમ આદમી પાર્ટીની સ્ક્રુટિની કમિટીઓ બેઠકો કરશે. તેમાં તમામ દાવેદારો, જેમણે ચૂંટણી લડવા માટે ઈચ્છા દર્શાવી છે, તેઓને મળવામાં આવશે અને સાથે સંગઠનના સાથીઓ સાથે ચર્ચા કરીને પસંદગી પ્રક્રિયા આગળ વધારવામાં આવશે. ત્યારબાદ પ્રદેશ સ્તરે પ્રદેશ ચૂંટણી કમિટી દ્વારા 16મીથી 18મી તારીખ વચ્ચે તમામ ઉમેદવારના નામો અને ચર્ચાઓ પર વિચાર કરવામાં આવશે. ત્યાર પછી આ તમામ નામો આમ આદમી પાર્ટીની સર્વોચ્ચ સમિતિ પાસે અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે. અમને પૂરો વિશ્વાસ છે કે આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારોના નામ 20મી માર્ચ પછી જાહેર કરવામાં આવશે અને પાર્ટી તમામ સીટો પર મજબૂત ઉમેદવારો સાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે.

**વિરોધ** ‘દીકરી એ ઘરની લક્ષ્મી’ છે, દરેક સાસરીયાઓએ વહુને દીકરી સમજીને રાખવી જોઈએ : ઉદ્યોગપતિ મહેશભાઈ સવાણી

# પોરબંદરમાં સામાજિકઅગ્રણી પ્રવિણભાઈ ખોરાવા દ્વારા માતૃશ્રીની સ્મૃતિમાં યોજાયેલ ‘સપ્તવચન સમૂહ લગ્નોત્સવ’ ભવ્ય રીતે સંપન્ન

## ૧૪ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા,ઉદ્યોગપતિ મહેશભાઈ સવાણી સહિત અનેક સંતો, મહાનુભાવો ની ગરિમામય ઉપસ્થિતિ

• ગોસા(ઘેડ) તા.૧૪

પોરબંદરના દરિયાકિનારે આવેલા ચોપાટી ગ્રાઉન્ડમાં નગરપાલિકાના પાર્ટીપ્લોટ ખાતે તાજેતરમાં ‘સપ્તવચન સમૂહ લગ્નોત્સવ’નું અત્યંત ભવ્ય અને સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. જાણીતા સામાજિક અગ્રણી અને પાયોનિયર ક્લબના પ્રમુખ પ્રવિણભાઈ રતનશીભાઈ ખોરાવા દ્વારા તેમના માતૃશ્રી સ્વ. નાથીબેન રતનશીભાઈ ખોરાવાની પવિત્ર સ્મૃતિમાં આ સેવાકીય યજ્ઞ યોજાયો હતો. આ મંગલ પ્રસંગે પોરબંદર, વેરાવળ અને દ્વારકા સહિતના વિસ્તારોના ૧૪ નવયુગલોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે નવજીવનની શરૂઆત કરી હતી.

આ સમૂહ લગ્નની વિશેષતા એ હતી કે દરેક દીકરીને ઘરવખરીની તમામ નાની-મોટી ચીજવસ્તુઓ સહિત અઢળક ભેટ સોગાદો આપવામાં આવી હતી. કરિયાવરમાં સોનાના દાણા, ચાંદીના સાંકળા જેવા આભૂષણો તેમજ ગેસનો ચૂલો, કબાટ, પલંગ જેવી ૨૦૦થી વધુ જીવન જરૂરિયાતની વસ્તુઓ અર્પણ કરી દીકરીઓને લાડ લડાવવામાં આવ્યા હતા. લગ્નોત્સવ અંતર્ગત ૭ માર્ચના રોજ સાંજીના ગીત અને દાંડિયા રાસની ભવ્ય ડીજે પાર્ટી યોજાઈ હતી, જેમાં ૨૫૦૦થી વધુ મહેમાનો જોડાયા હતા. જ્યારે ૮ માર્ચના રોજ શહેરના મુખ્ય માર્ગો પર ૧૪ વરરાજાઓની ભવ્ય જાન અને વરઘોડો નીકળ્યો હતો. ફટાકડાની આતશબાજી અને વાજતે-ગાજતે નીકળેલી આ જાન લગ્નસ્થળે પહોંચી ત્યારે ૫૦૦૦થી વધુ લોકોની હાજરીમાં લગ્નવિધિ સંપન્ન થઈ હતી. કાર્યક્રમમાં રાજ્યના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક, ખારવા સમાજ વાણોટ પવનભાઈ શિયાળ, ભાજપ પ્રમુખ ચેતનાબેન તિવારી તેમજ કલેક્ટર એસ.ડી. ધાનાણી પોરબંદર જિલ્લા રેડક્રોસ સોસાયટી ના ચેરમેન રામદેભાઈ મોઢવાડીયા,સામતભાઈ ઓડેદરા , રમેશભાઈ ઓડેદરા, પ્રવિણભાઈ ઓડેદરા, રમેશભાઈ કરગથિયા,સુનિલભાઈ ગોહેલ,ભરતભાઈ મોદી,ડો.સુરેશભાઈ ગાંધી સાહેબ, ડૉ.ભરતભાઈ ગઢવી, નોંઘણભાઈ મોઢવાડીયા, અરજનભાઈ ખિસ્તરીયા, સ્વામિનારાયણ ગુરુકુળના ભાનુપ્રકાશ સ્વામીજી,કરશનભાઈ સલેટ, ઉદ્યોગપતિ પદુભાઈ રાયચુરા,કીર્તિમંદિર પોલીસ સ્ટેશન ના પીઆઈ શ્રી ચૌધરી સાહેબ ,એલસીબી ના પીઆઈ શ્રી આર કે કાંબારિયા સાહેબ સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા. આ પ્રસંગે વેરાવળ ખારવા સમાજના પટેલ જીતુભાઈ કુહાડા, માંગરોળના પટેલ ધનસુખભાઈ ગોસીયા, ભીડિયાના પટેલ રતિ લાલ ગોહેલ, માઢવાડ બંદરના પટેલ લાલજીભાઈ ગોહેલ, ઓખાના પટેલ મુકેશભાઈ પાંજરી તેમજ દ્વારકા, મીઠાપુર, વરવાળા અને જામનગર ખારવા સમાજના પટેલશ્રીઓ તથા પોરબંદર ખારવા સમાજના ઉપપ્રમુખ અશ્વિનભાઈ જુંગી સહિત પંચ પટેલશ્રીઓએ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. રાજેશભાઈ કોટેચા દ્વારા કરવામાં આવ્યું હતું. આ આયોજનને સફળ બનાવવા પ્રોજેક્ટ ચેરમેન પિયુષભાઈ મજીઠીયા, યક્ષ ખોરાવા અને દેવશ્રી ખોરાવા સાથે સંસ્થાના મેમ્બર્સ: લીલાબેન મોતીવરસ, ઉમાબેન ખોરાવા, દેવશ્રીબેન ખોરાવા, ક્રિષ્નાબેન ઠાકર, દિપ્તીબેન રાયમગીયા, અંજલીબેન પોસતરીયા, નુતનબેન ખોરાવા, ઉર્મિલાબેન સાકરીયા, સ્મિતાબેન બરીદુન, નીલાબેન થાનકી, ચેતનાબેન થાનકી, ભારતીબેન પલાણ, દિપાબેન ચાવડા, પારુલબેન મોઢા, મીનાક્ષીબેન ગજ્જર, મીનાબેન કોટીયા, રુહીબેન કોટીયા, ડિમ્પલબેન ખુંટી, પ્રવીણભાઈ ખોરાવા, દિલીપભાઈ ખોરાવા, હરજીવન ભાઈ કોટીયા, મહેન્દ્રભાઈ જુંગી, જયેશભાઈ માંડવીયા, સંજય લોઢારી, જયેન્દ્રભાઈ ખુંટી, જયેશ ભોગાયતા, ડો. અનિલભાઈ દેવાણી, ભાવિક દેવાણી, શૈલેષ કોટેચા, ભરતભાઈ પોપટ, પરેશ પારેખ, દિલીપ ગંધા, પ્રદીપ ગજ્જર, અલ્પેશ મશરૂ, કિરીટ ધોળકીયા, વિજયભાઈ ઉનડકટ, કેતનભાઈ પટેલ, રાજીવ વ્યાસ, મુકેશ ગોસલિયા, મયુર કુહાડા, હાર્દિક તન્ના, નરેશ થાનકી, એડવોકેટ શિંગરખીયા અને જોષી સાહેબ, ઘનશ્યામભાઈ મહેતા અને હરેશ રાડિયાએ રાત-દિવસ જહેમત ઉઠાવી હતી.



# રાણપુરમાં ગેસ એજન્સીને ત્યાં બોટલ માટે ગ્રાહકોની લાંબી લાઈન લાગી




• બોટાદ

બોટાદ જિલ્લાના રાણપુરમાં ગેસ બોટલની અછતને કારણે ગ્રાહકોની લાંબી લાઈનો લાગી છે. ગેસ એજન્સી બહાર બોટલ લેવા માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે, જેને પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.છેલ્લા પાંચ દિવસથી ગેસની બોટલોની ગાડી ન આવવાને કારણે આ પરિસ્થિતિ સર્જાઈ છે. ’ગેસની બોટલો હવે નહીં મળી શકે’ તેવી અફવાઓ ફેલાતા ગ્રાહકો કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે.રાણપુરની નોમાન ઈન્ડિયન ગેસ એજન્સીના સંચાલકે ગ્રાહકોને ધીરજ રાખવા અપીલ કરી છે. તેમણે આશ્વાસન આપ્યું છે કે તમામ ગ્રાહકોને ગેસની બોટલ મળી રહેશે અને વિતરણ કાર્ય ચાલુ જ રહેશે.સંચાલક અનુસાર, રાણપુર શહેર અને તાલુકામાં એજન્સીના કુલ 11,500 કનેક્શન છે, જેમાંથી હાલ ફક્ત 550 ગ્રાહકોએ ગેસ બોટલ માટે બુકિંગ કરાવ્યું છે. તેમણે સ્પષ્ટતા કરી કે ઉપરથી ઓછી બોટલો આવતી હોવાથી અને સમયસર સપ્લાય ન મળવાથી વિતરણમાં વિલંબ થાય છે. ઓનલાઈન બુકિંગ કરનારા ગ્રાહકોને ઘરે બેઠા ડિલિવરી આપવાની કામગીરી પણ ચાલુ છે.કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ પ્રશાસન દ્વારા રાણપુરની ગેસ એજન્સી બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# કેસર કેરી પર જોખમ તોળાઈ રહ્યું છે:બે દિવસ વરસાદની આગાહી

• અમદાવાદ

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમી પડી રહી હતી, જેનાથી પરેશાન થયેલા લોકોને હવે થોડો રાહતનો અહેસાસ થયો છે. પવનની દિશામાં બદલાતા અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. જો કે, હજુ પણ મોટાભાગના શહેરોમાં તાપમાન 38 ડિગ્રી સુધી નોંધાયું છે. બીજી તરફ હવામાન વિભાગે આગામી બે દિવસ 18 અને 19 માર્ચ રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી પણ કરી છે.વરસાદની આગાહીને પગલે ખેડૂતોની ચિંતમાં વધારો થયો છે. હાલમાં ખેતરમાં રહેલા જીરું, ઘઉં, ચણા, વરયાળી સહિતના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને ગીર પંથકમાં કેસર કેરીની સિઝનને પગલે ખેડૂતો અને કેરીના બગીચા રાખનારા લોકોના જીવ પડીકે બંધાયા છે. જો માવઠું વરસે તો કેરીમાં નુકસાન થઈ શકે છે. ગુજરાતમાં માર્ચ મહિનાની શરૂઆતથી જ ગરમીનો પ્રચંડ પ્રકોપ જોવા મળી રહ્યો હતો.છેલ્લા કેટલાક દિવસોમાં રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 42 ડિગ્રીની આસપાસ પહોંચી જતા લોકો આકરો તાપ સહન કરવો પડ્યો હતો. અમદાવાદમાં થોડા દિવસ પહેલાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી પહોંચ્યું હતું, જે સામાન્ય કરતાં લગભગ 4થી 5 ડિગ્રી વધુ નોંધાયું હતું. હવે પવનની દિશામાં ફેરફાર થતા તેમજ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો છે.ભારે ગરમીને કારણે ડામર પીગળવાની ઘટનાઓ સામે આવી હતી. 24 કલાકમાં તાપમાન 2થી 3 ડિગ્રી ગગડ્યું છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના મોટા ભાગના શહેરોમાં તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થયો છે. ગુજરાતવાસીઓને આજથી એટલે કે, 14 માર્ચથી ગરમીમાંથી આશિક રાહત મળશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. તો બીજી તરફ 24 કલાક માટે કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં હીટવેવની પણ આગાહી કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

# રાજકોટ ગ્રામ્ય LCBએ ચોરી અને મારામારીના ગુનામાં સંડોવાયેલ રીઢો ગુનેગાર મુદ્દામાલ સાથે ઝડપાયો








રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોક્કસ બાતમીના આધારે વિંછીયા અને ઉદ્યોગનગર પોલીસ મથક વિસ્તારમાં બનેલી ચોરી તથા મારામારીની ઘટનાઓનો સફળતાપૂર્વક ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે એક શખ્સ ચોરાઉ વાહન અને મોબાઈલ સાથે લાલાવદર ગામથી કુડલી જવાના રસ્તા પાસેથી પસાર થનાર છે, જેના આધારે વોચ ગોઠવીને જેતપુરના જાગૃતિ સોસાયટી વિસ્તારમાં રહેતા સિકંદર ઉર્ફે બુંધો ભોલુ પલેજા નામના આરોપીને દબોચી લીધો હતો. આરોપી પાસેથી પોલીસે ૭૦,૦૦૦ની કિંમતનું સફેદ રંગનું સુઝુકી એક્સેસ સ્કૂટર (નંબર GJ-03-PH-2147) અને ૨૦,૦૦૦ની કિંમતનો એપલ કંપનીનો આઈફોન મળી કુલ ૯૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.આરોપીની આકરી પૂછપરછ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે, જેમાં તેણે આશરે પાંચ મહિના પહેલા રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક્ટિવા મો.સા.ની ચોરી કરી હોવાની તેમજ દોઢ મહિના પહેલા જેતપુર સીટી વિસ્તારમાં મારામારીની ઘટનાને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરી છે.

પકડાયેલ આરોપી સિકંદર ઉર્ફે બુંધો નામચીન ગુનેગાર છે, જેની સામે અગાઉ જામનગર સીટી એ-ડિવિઝન, બી-ડિવિઝન, રાજકોટ શહેરના ગાંધીગ્રામ અને માલવીયાનગર પોલીસ મથકોમાં ચોરીના અડધો ડઝન જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. હાલ પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને અન્ય કોઈ ગુનામાં તેની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ તેજ કરી છે.

# શાપર-વેરાવળમાંથી ૨ કિલોથી વધુ ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડતી રાજકોટ ગ્રામ્ય SOG

• રાજકોટ

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરીને રોકવા માટે પોલીસ દ્વારા કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) એ શાપર-વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરોડો પાડીને એક શખ્સને નશીલા પદાર્થ ગાંજા સાથે ઝડપી પાડ્યો છે.મળેલી વિગતો મુજબ, રૂરલ એસઓજીના હેડ કોન્સ્ટેબલ નૈમીષભાઈ મહેતાને ચોક્કસ બાતમી મળી હતી કે, શાપર-વેરાવળના શાંતિધામ રોડ પર આવેલા ગણેશનગર વિસ્તારમાં એક શખ્સ ગેરકાયદેસર રીતે માદક પદાર્થ ગાંજાનો જથ્થો રાખી તેનું વેચાણ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને આરોપી રાજ મહેશભાઈ ચૌહાણ (ઉં.વ. ૨૦, રહે. શાંતિધામ, ગણેશનગર) ને રંગેહાથ ઝડપી લીધો હતો.

પોલીસે આરોપીની તપાસ કરતા તેની પાસેથી ૨ કિલો ૪૩૫ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત અંદાજે રૂ.૧,૨૧.૭૫૦/- આંકવામાં આવી છે. પોલીસે માદક પદાર્થનો આ જથ્થો જપ્ત કરી આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. (એન.ડી.પી.એસ) એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ગુનામાં પોલીસ તપાસ દરમિયાન અન્ય એક આરોપી સોહિલ ઉર્ફે રેહાન ઉર્ફે સજ્જો શાહનવાઝ ખરેડીયા નું નામ પણ ખુલ્યું છે, જે હાલ પોલીસ પકડથી દૂર છે. નોંધનીય છે કે ફરાર આરોપી સોહિલ અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે. તેની સામે અગાઉ પ્રોહિબિશન એક્ટ, આર્મ્સ એક્ટ અને મારામારી જેવા ૪ થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. હાલ પોલીસે આ વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ભાયાવદરના પડવાલા રોડ પર સીમમાં ચાલતા જુગારધામ પર LCBનો દરોડો: 7 આરોપીઓ ઝડપાયા, રૂ. 1.74 લાખનો મુદ્દામાલ જપ્ત



રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) ની ટીમે ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા પડવાલા રોડ પર ગરેડાની ધાર વાળી સીમમાં સફળ રેડ પાડી જુગાર રમતા સાત શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં જુગારીઓ પાસેથી રોકડ રકમ અને અન્ય સાધન સામગ્રી કબજે કરવામાં આવી છે. આ દરોડા દરમિયાન એલસીબી પોલીસે સ્થળ પરથી સાત શખ્સોની ધરપકડ કરી છે, જેમાં (૧) સુરેશભાઈ ગોરધનભાઈ મારસોણીયા, (૨) કલ્પેશભાઈ રાજેશભાઈ સાથળીયા, (૩) રાણાભાઈ ખોલાભાઈ કુનતીયા, (૪) દિલીપભાઈ અશોકભાઈ સોલંકી, (૫) બુધેશભાઈ ભનુભાઈ ચૌહાણ (તમામ રહે. ભાયાવદર), (૬) હરસુખભાઈ ડાયાભાઈ ઠકરાણી અને (૭) હરેશભાઈ જેન્તીભાઈ ઠકરાણી (બંને રહે. ચિત્રાવડ, તા. જામકંડોરણા) નો સમાવેશ થાય છે.

## શારીરિક તંદુરસ્તી, આત્મ વિશ્વાસ અને ટીમ વર્ક વિકસાવવા આયોજન

# એકલવ્ય એકેડમીની ૩૩ દીકરીઓએ ગિરનાર પર દાતાત્રે સુધી ટ્રેકિંગ કરી સાહસિકતા દર્શાવી



• ગોસા(ઘેડ) તા.૧૪

પોરબંદર શહેરમાં કાર્યરત એકલવ્ય સ્પોર્ટ્સ એન્ડ ફિઝિકલ ટ્રેનિંગ એકેડમી પોરબંદર તથા સ્પોર્ટ્સ યોગ એન્ડ કલ્ચર એસોસિએશનના સંયુક્ત આયોજન હેઠળ Girnar Mountain ખાતે ટ્રેકિંગ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં એકેડમીમાં તાલીમ લેતી કુલ ૩૩ દીકરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગિરનાર પર્વત પર આવેલ પવિત્ર સ્થળ Dattatreya Temple સુધી સફળતાપૂર્વક ટ્રેકિંગ પૂર્ણ કર્યું હતું.આ ટ્રેકિંગ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દીકરીઓમાં સાહસિકતા, આત્મવિશ્વાસ, શારીરિક તંદુરસ્તી અને ટીમ વર્કની ભાવના વિકસાવવાનો હતો. વહેલી સવારથી જ દીકરીઓએ ગિરનાર પર્વત પર ચઢાણ શરૂ કર્યું હતું. હજારો પાયાં અને કઠિન માર્ગ હોવા છતાં દીકરીઓએ દૃઢ સંકલ્પ અને ઉત્સાહ સાથે દાતાત્રે સુધીનો પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. ગિરનાર પર્વત ગુજરાતના મહત્વપૂર્ણ ધાર્મિક તેમજ સાહસિક સ્થળોમાંનું એક છે, જ્યાં ટ્રેકિંગ કરવું શારીરિક તેમજ માનસિક રીતે પડકારજનક માનવામાં આવે છે. તેમ છતાં એકલવ્ય એકેડમીની દીકરીઓએ પોતાની હિંમત, મહેનત અને સંકલ્પબળથી આ પડકારને સ્વીકારી સફળતા પ્રાપ્ત કરી હતી.ટ્રેકિંગ દરમિયાન સંસ્થાના માર્ગદર્શકો અને કોચ દ્વારા દીકરીઓને સતત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ સુરક્ષા અને શિસ્તનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. દીકરીઓએ માર્ગમાં એકબીજાને સહકાર આપી ટીમ વર્કનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું હતું.આ પ્રસંગે સંસ્થાના સંચાલકો શાંતિબેન ભૂતિયા, દીપભાઈ સોની, રીતલબેન બાદરશાહી અને સોનલબેન કડછાએ જણાવ્યું હતું કે આવા સાહસિક કાર્યક્રમો દ્વારા યુવાનોમાં આત્મવિશ્વાસ, સાહસિકતા અને શારીરિક તંદુરસ્તીનો વિકાસ થાય છે. એકલવ્ય સ્પોર્ટ્સ એન્ડ ફિઝિકલ ટ્રેનિંગ એકેડમી દ્વારા સમયાંતરે આવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે જેથી દીકરીઓ રમતગમત સાથે જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ મજબૂત બની શકે.ટ્રેકિંગ પૂર્ણ કર્યા બાદ તમામ દીકરીઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. સંસ્થાના કોચ અને સંચાલકો દ્વારા તમામ ભાગ લેનાર દીકરીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં પણ આવી વધુ સાહસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

# આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા 'અનસંગ એવરીડે હીરોસ એવોર્ડ્સ'ની જાહેરાત

## જમીન સ્તરે નિઃસ્વાર્થ સેવા આપનારાઓનું સન્માન

ગત ૪૫ વર્ષોથી માનવતાની સેવા એ આર્ટ ઓફ લિવિંગની ઓળખ રહી છે. નક્સલ પ્રભાવિત ગામોમાં પ્રથમ શાળા શરૂ કરવાની પહેલ હોય, દુષ્કાળથી પીડિત વિસ્તારોમાં નદીઓનું પુનર્જીવન કરવાનો સંકલ્પ હોય, અથવા તણાવ, આઘાત અને કુદરતી આપત્તિઓથી પીડિત સમુદાયોને ફરી સંભાળવાની દિશા બતાવવાનો પ્રયાસ હોય – સંસ્થાના આ તમામ કાર્યોને આગળ વધારવામાં સામાન્ય લોકોની અસાધારણ પ્રતિબદ્ધતા અને સેવા ભાવનાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.માનવતાની સેવા ના આ ૪૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આર્ટ ઓફ લિવિંગ સંસ્થાએ 'અનસંગ એવરીડે હીરોસ એવોર્ડ્સ' નામની રાષ્ટ્રવ્યાપી પહેલની જાહેરાત કરી છે. આ પહેલનો હેતુ એવા વ્યક્તિઓને સન્માનિત કરવાનો છે જેમની નિઃસ્વાર્થ સેવા અને સમર્પણ દેશભરના સમુદાયોને સશક્ત બનાવી રહ્યા છે.

ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણાથી શરૂ કરવામાં આવેલા આ પુરસ્કારોનો હેતુ એવા લોકોના કાર્યને પ્રકાશમાં લાવવાનો છે, જેમનું યોગદાન ઘણીવાર ચર્ચામાં આવતું નથી, પરંતુ જેમના પ્રયત્નોએ પેઢીઓ સુધી લોકોના જીવન પર સકારાત્મક અસર પેદા કરી છે.

આ પુરસ્કારના પ્રથમ સંસ્કરણમાં




યુવા નેતૃત્વ, રમતગમત ક્ષેત્ર અને ઉદ્યોગ/વ્યવસાય દ્વારા પરોપકાર અને સેવાભાવ (philanthropy) ક્ષેત્રમાં કાર્યરત એવા વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવશે, જે સત્યનિષ્ઠા, નિઃસ્વાર્થ સેવા અને શ્રેષ્ઠતાના મૂલ્યો દ્વારા સમાજને પ્રેરણા આપી રહ્યા છે.

આ પહેલનો હેતુ સમાજમાં સકારાત્મકતા, સેવા અને માનવીય મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે વ્યાપક જનઆંદોલનને પ્રેરિત કરવાનો છે. સંસ્થાનો વિશ્વાસ છે કે જે કોઈ વ્યક્તિ પોતાના સમુદાયની સેવા કરે છે, તે ખરેખર એવો નાયક છે જેને સન્માન મળવું જોઈએ. આ એવોર્ડ માટે નીચે આપેલી લિંક દ્વારા આપ સમાજમાં જે લોકો આ રીતે નિઃસ્વાર્થ ભાવે સેવા આપે છે તેમને નામાંકિત (નોમિનેટ) કરી શકો છો, તેમજ આપ પોતાને પણ સેલ્ફ નોમિનેટ કરી શકો છો, અને આ પ્રક્રિયા સંપૂર્ણપણે નિઃશુલ્ક છે.

**વિરોધ**

### સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે કોંગ્રેસનો શંખનાદ

# રાજીવ ગાંધી ભવન ખાતે વ્યૂહાત્મક બેઠકો, સંગઠન સાથે સશક્ત લડતનો સંકલ્પ

## આવનારી ચૂંટણીમાં સંગઠન, આગેવાનો અને કાર્યકરો વચ્ચે સમન્વય સાથે મજબૂત વ્યૂહરચના બનાવીને પક્ષ મેદાનમાં ઉતરશે

પ્રજાના સમર્થન અને કાર્યકરોની શક્તિ સાથે કોંગ્રેસ પક્ષ આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં સશક્ત રીતે મેદાનમાં ઉતરવા સંપૂર્ણ રીતે સજ્જ છે : શ્રી અમિત ચાવડાજન આક્રોશ યાત્રા દરમિયાન સમગ્ર રાજ્યમાં સરકાર વિરુદ્ધ નારાજગી, ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ સામેનો અસંતોષ સ્પષ્ટ રીતે જોવા મળ્યો; આ લહેર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસને મોટી સકારાત્મક અસર આપશે : ડૉ. તુષારભાઈ ચૌધરી

આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને અનુલક્ષીને આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે વિવિધ મહત્વપૂર્ણ કમિટીઓની વ્યૂહાત્મક બેઠકો યોજાઈ હતી. ચૂંટણી માટે સંગઠનાત્મક તૈયારીઓ, ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેમજ સમગ્ર રાજ્યમાં પ્રચારની વ્યૂહરચના અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી તથા ગુજરાત પ્રદેશના પ્રભારી શ્રી મુકુલ વાસનિકજીએ જણાવ્યું હતું કે, આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ કોંગ્રેસ પાર્ટી માટે અત્યંત મહત્વપૂર્ણ છે અને આ ચૂંટણીમાં સંગઠન, આગેવાનો અને કાર્યકરો વચ્ચે



સમન્વય સાથે મજબૂત વ્યૂહરચના બનાવીને મેદાનમાં ઉતરવામાં આવશે. રાજ્યભરમાં વિવિધ કમિટીઓની રચના કરીને ચૂંટણી માટે સચોટ આયોજન કરવામાં આવી રહ્યું છે. સ્ટ્રેટેજી કમિટી, કેમ્પેઈન કમિટી, પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન કમિટી, ઈલેક્શન મેનેજમેન્ટ કમિટી, મેનીફેસ્ટો કમીટી, મીડિયા કમીટી તથા પબ્લિસિટી કમિટી સહિત તમામ કમિટીઓ સંગઠિત રીતે કાર્ય કરી રહી છે અને આજની બેઠકોમાં દરેક કમિટીના કાર્ય અને આગામી કાર્યક્રમો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં સમાજના સારા અને પ્રામાણિક લોકોને રાજકારણમાં આવવા પ્રોત્સાહિત કરવા માટે વિશેષ પહેલ કરી છે. મહાનગરોમાં QR કોડના માધ્યમથી અરજી કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે જેથી જાહેર જીવનમાં કાર્યરત, પ્રજાના પ્રશ્નો માટે સંઘર્ષ કરતા અને કોંગ્રેસની વિચારધારા સાથે જોડાઈ ચૂંટણી લડવા ઈચ્છુક લોકો સીધી રીતે અરજી કરી શકે. સાથે સાથે સંગઠનના માધ્યમથી દરેક શહેર, જિલ્લા અને તાલુકા સ્તરે સંભવિત ઉમેદવારોને સાંભળવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે.

છેલ્લા સમયમાં કોંગ્રેસ પાર્ટીએ રાજ્યભરમાં પ્રજાના પ્રશ્નોને ઉજાગર કરવા માટે વ્યાપક કાર્યક્રમો હાથ ધર્યા છે. આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે ઉમેદવારોની પસંદગી માટે વ્યાપક પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને પ્રદેશના નિરીક્ષકોની ઉપસ્થિતિમાં શહેર, જિલ્લા અને તાલુકા સ્તરે સંભવિત ઉમેદવારોને સાંભળવાની પ્રક્રિયા ચાલી રહી છે. 20 માર્ચ સુધી આ પ્રક્રિયા પૂર્ણ કરીને જિલ્લા ચૂંટણી સમિતિ તથા પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા પેનલ તૈયાર કરવામાં આવશે અને ચૂંટણીની જાહેરાત થાય તે સાથે જ ઉમેદવારોની અંતિમ પસંદગી જાહેર કરવામાં આવશે.

રાજ્યમાં ભ્રષ્ટાચાર અને ગેરવહીવટના કારણે વિકાસના કામોની ગુણવત્તા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ક્યાંક બ્રિજ તૂટી પડવાના બનાવો બન્યા છે તો ક્યાંક પાણીની ટાંકીમાં ખામીઓ સામે આવી છે અને વરસાદ પડતા જ રસ્તાઓ ધોવાઈ જવાના બનાવો નોંધાયા છે. મોંઘવારીના કારણે ગૃહિણીઓ પરેશાન છે, ગેસ સિલિન્ડર માટે લોકોને લાઈનોમાં ઊભા રહેવું પડે છે અને કાળાબજારીની ફરિયાદો પણ સામે આવી રહી છે. બીજી તરફ યુવાનો પોતાના પ્રશ્નોને લઈને સંઘર્ષ કરી રહ્યા છે અને રાજ્યની કોલેજોમાં ડ્રગ્સની સમસ્યા ચિંતાજનક બની રહી હોવાનું પણ જણાવાયું હતું.

### તમામ અધિકારીઓને દરખાસ્તો માટે નવી ગાઈડલાઈન જાહેર

# સુરત મ્યુનિસિપલ કમિશનરે તમામ દરખાસ્તો વહીવટદારની મંજૂરી માટે જ મોકલવા આદેશ કર્યો

**આદેશ કર્યો**

## કમિશનર દ્વારા આ નવી વ્યવસ્થાનો ચુસ્તપણે અમલ કરવાના આદેશો આપવામાં આવ્યા છે

• સુરત

સુરત મહાનગરપાલિકામાં નવા વહીવટદાર તરીકેની નિમણૂક બાદ મ્યુનિસિપલ વહીવટમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના આદેશ અનુસાર, IAS મિલિન્દ તોરવણેએ સુરત મહાપાલિકાના વહીવટદાર તરીકે વિધિવત્ ચાર્જ સંભાળી લીધો છે. જેના પગલે મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજને શુક્રવારે એક મહત્વનો આદેશ જાહેર કરી તમામ વહીવટી પ્રક્રિયાઓને નવી વ્યવસ્થા હેઠળ લાવવાની સૂચના આપી છે.

સ્થાયી સમિતિ અને સામાન્ય સભાની સત્તા હવે વહીવટદાર



હસ્તક હાલમાં પાલિકામાં ચૂંટાયેલી પાંખની ગેરહાજરી હોવાથી વહીવટદાર જ સર્વોચ્ચ સત્તા ધરાવે છે. કમિશનર એમ. નાગરાજને સ્પષ્ટ કર્યું છે કે, હવેથી જે કામો સામાન્ય સભા અથવા સ્થાયી સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા હોય, તે તમામ દરખાસ્તો વહીવટદારની મંજૂરી માટે જ મોકલવાની રહેશે. આ આદેશથી પાલિકાના વહીવટમાં હવે વહીવટદારની ભૂમિકા નિર્ણાયક બની રહેશે અને જૂની પદ્ધતિ મુજબની કોઈ દરખાસ્તો સીધી રજૂ કરી શકાશે નહીં.નવી સૂચના મુજબ, અધિકારીઓએ દરખાસ્ત રજૂ કરતી વખતે ચોક્કસ શબ્દોનો પ્રયોગ કરવાનો રહેશે. જો કોઈ કામ સ્થાયી સમિતિના કાર્યક્ષેત્રમાં આવતું હોય, તો તેના પર 'આ કામ વહીવટદાર (સ્થાયી સમિતિ) સમક્ષ રજૂ કરશોજી' તેમ લખવાનું રહેશે. તેવી જ રીતે, સામાન્ય સભા હેઠળના કામો માટે 'આ કામ વહીવટદાર (સામાન્ય સભા) સમક્ષ રજૂ કરશોજી' તેવા સ્પષ્ટ ઉલ્લેખ સાથે ફાઈલ પ્રોસેસ કરવાની રહેશે.કમિશનર દ્વારા આ નવી વ્યવસ્થાનો ચુસ્તપણે અમલ કરવાના આદેશો આપવામાં આવ્યા છે. આ અંગેની જાણ તમામ વિભાગીય વડાઓ, મુખ્ય અન્વેષક, મ્યુનિસિપલ સેક્રેટરી, સ્મીમેરના ડીન અને સુપરિન્ટેન્ડેન્ટ તેમજ તમામ ઝોનના કાર્યપાલક ઈજનેરોને કરી દેવામાં આવી છે. કોઈપણ સ્તરે આ પ્રક્રિયામાં ચૂક ન રહી જાય તે માટે વહીવટી તંત્રને સજ્જ કરવામાં આવ્યું છે.આ નવા ફેરફાર પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય વહીવટમાં પારદર્શિતા અને શિસ્ત લાવવાનો છે. હવે મહાપાલિકાની તમામ મહત્વની ફાઈલો અને વિકાસલક્ષી નિર્ણયો વહીવટદાર મિલિન્દ તોરવણેની સીધી દેખરેખ હેઠળ અને નિર્ધારિત નવી પદ્ધતિ મુજબ જ પ્રોસેસ થશે. આ વ્યવસ્થાથી શહેરમાં અટકેલા કે નવા પ્રોજેક્ટ્સને ઝડપથી મંજૂરી મળવાની પણ શક્યતા જોવાઈ રહી છે.

# ઓગડ તાલુકાના તેરવાડા જિલ્લા પંચાયત સીટ માં જિલ્લા ભાજપ પ્રમુખ કીર્તિસિંહ વાઘેલા ની અધ્યક્ષ સ્થાને કાર્યકર્તા સંવાદ બેઠક યોજાઈ

## આવનારા દિવસોમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો

ઓગડ તાલુકાના તેરવાડા જિલ્લા પંચાયત સીટમાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા)મળતી માહિતી પ્રમાણે કાંકરેજ વિધાનસભા બેઠક ના નવ નિર્મિત ઓગડ તાલુકાના તેરવાડા ગામના સરપંચ હરદાસજી ઠાકોરના ફાર્મ હાઉસ પર ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને સિનિયર પદાધિકારીઓની બેઠક યોજાઈ હતી જેમાં તેરવાડા ના પુર્વ કાંકરેજ તાલુકાના મહિલા પ્રમુખ નીતાબેન દશરથજી ઠાકોર ની આગેવાની હેઠળ કાશીપુરા સરપંચ ઈશ્વરજી વણાજી ઠાકોર. નાથપુરા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ ચમનજી મોતીજી ઠાકોર. નસરતપુરા ડેપ્યુટી સરપંચ અશોકજી ધારસીજી ઠાકોર સહિત રવેલ અને તેરવાડા ના કાર્યકરો કોંગ્રેસનો છેડો ફાડીને ભાજપનો ભગવો ખેસ ધારણ કરતાં કોંગ્રેસના કાંકરેજ ધારાસભ્ય અમરતજી ઠાકોર ના ગઢમાં મોટું ગાબડું પડ્યું. આવનારા દિવસોમાં જિલ્લા પંચાયત અને





તાલુકા પંચાયતની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો. જોવા મળ્યો છે જેમાં સૌથી અગત્યની બાબત વિશે વાત કરીએ તો ઠાકોર સમાજના યુવાન ચહેરા તરીકે જાણીતા અને સહકાર સાથે જોડાયેલા દશરથજી ગેમરજી ઠાકોર ના માર્ગદર્શન હેઠળ એમના ધર્મ પત્ની નીતાબેન ઠાકોર જેઓ કોંગ્રેસ પ્રમુખ તરીકે સેવા આપતા હતા ત્યા પોતાના વિસ્તારમાં કામો ન થવાથી કોંગ્રેસને અલવિદા કહી ભાજપમાં જોડાઈ જવા નિર્ણય કર્યો હતો ત્યારે તેરવાડા જિલ્લા પંચાયત સીટની મિટિંગમાં કાંકરેજ તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ પટેલ. મહામંત્રી અમરસિંહ સોલંકી મહામંત્રી રમેશભાઈ જોષી.બનાસ બેન્ક ના ચેરમેન ડાહ્યાભાઈ પીલીયાતર.

### ચાણોદ ખાતે ઇન્ડિયન ગેસ એજન્સીમાં ગ્રાહકાના

# ઓનલાઈન બુકિંગ થતા નથી રૂબરૂ ઓફલાઈન આપતા નથી

• ડભોઇ

ડભોઈ તાલુકાના તીર્થસ્થાન ચાણોદ ખાતે આવેલ ઈન્ડિયન ગેસ એજન્સી ના ધારકોને ગેસ રીફિલિંગ ને તકલીફ. ગેસ ધારકો ચાણોદ સ્થિત ઈન્ડિયન ગેસ એજન્સી ના ઓનલાઈન નંબર ઉપર ઓનલાઈન માટે અનેક પ્રયત્નો કરવા છતાં બુકિંગ થતાં નથી ફોન લાગતાં નથી ફોન લાગે છે ત્યારે ઈન્ડિયન ગેસ તરફથી રીપેરીંગ પ્રોસેસિંગ 24 કલાક એવો મેસેજ આવે છે પછી 24 કલાક પછી બુકિંગની કે કોઈપણ જાતની કંપની તરફથી બુકિંગ ને લગતો મેસેજ આવતો નથી જેથી ફરી કલાકો સુધી મહેનત કરતાં ફોન લાગે ત્યારે ઓનલાઇનમાં ફરી પાછી 24 કલાક પ્રોસેસિંગ એવા મેસેજ આવે બુકિંગ થતાં નથી બીજી બાજુ ચાણોદની એજન્સી પર જતા ગેસ સિલિન્ડર હોવા છતાં ઓફલાઈનમાં ગેસ સિલિન્ડર આપવાની એજન્સીના વહીવટકારો ના પાડે છે . ઓનલાઈન બુકિંગ કરાવો એમ જણાવે છે ગ્રાહકની વિટામણા સર્જાય છે ઓનલાઇન ગેસ સિલિન્ડર બુકિંગ થતા નથી અને એજન્સી પર ગેસ સિલિન્ડર હોવા છતાં ઓફલાઈનમાં બુકિંગ કરી આપતા નથી જેથી ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે . ગ્રાહકોમાં ચર્ચા નો વિષય બન્યો છે કેમ એજન્સી પર ગેસ એજન્સીના બિલ આપવામાં આવતા નથી જ્યારે એજન્સી ના સૂત્ર ના જણાવે પ્રમાણે ઓનલાઈન બુકિંગ નું બિલ આપવાનું હોતું નથી. જ્યારે ડભોઈની એજન્સી દ્વારા ચાણોદ ખાતે એચપી ગ્રાહકોને ઓનલાઇન બુકિંગ પછી ડીલીવરી ચલણ આપવામાં આવે છે ત્યારે ઈન્ડિયન ગેસ માં પણ ગ્રાહકને ડીલીવરી ચલણ આપવામાં આવે તેવો ગ્રાહકોમાં સૂર જોવા મળ્યો હતો. તેમજ ઓનલાઈન બુકિંગ થતું નથી ત્યારે ઓફલાઈનમાં ગ્રાહકોને ગેસ સિલિન્ડર મળે તે માટે વ્યવસ્થા થાય એ જરૂરી છે બીજી બાજુ હાલ તંત્ર દ્વારા 21 દિવસ ની જગ્યાએ 25 દિવસ ની મુદત સિલિન્ડર માટે કરવામાં આવી છે ત્યારે પાંચ કિલોના ગેસ સિલિન્ડર કેટલા દિવસે બુકિંગ થાય અને ગેસ ગ્રાહકને મળે તે બાબતે પણ ગ્રાહકોમાં મૂંઝવણ ઊભી થઈ છે મોટા બોટલ લાંબા સમય સુધી ચાલી શકે પણ પાંચ કિલો નો બોટલ ઓછો ચાલતો હોય ત્યારે પાંચ કિલો ના સિલિન્ડર નું બુકિંગ પણ થતું નથી જેથી ગેસ ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે

# ગેસ વિતરણ મા ભારે અછત જોવા મળ્યું જેથી મધ્યમ તેમજ ગરીબ વર્ગના લોકો ત્રણ થી પાંચ ગુણો મોંઘો ગેસ બોટલો લેવા મજબૂર




અમેરિકા-ઈઝરાયેલ-ઈરાન વચ્ચે થયેલ યુદ્ધના પરિણામ સ્વરૂપ હોર્મોન સ્ટેટ બંધ થતાં ભારતની દેશની અંદર ગેસ વિતરણ મા ભારે અછત જોવા મળ્યું જેથી મધ્યમ તેમજ ગરીબ વર્ગના લોકો ત્રણ થી પાંચ ગુણો મોંઘો ગેસ બોટલો લેવા મજબૂર થયા. વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ સાથે ઘર્ષણ થતાં કોંગ્રેસ આગેવાનો ને મહિધરપુરા પોલીસ સ્ટેશન ખાતે ડીટેઇન કરવામાં આવ્યું ડિટેન થનાર સુરત શહેર કોંગ્રેસના આગેવાનોમાં સેવા દળના પ્રમુખ સંતોષભાઈ પાટીલ, અશોકભાઈ કોઠારી, દીપભાઈ નાયક, શીવાસિંગ રાજપૂત, મુકદ્દરભાઈ રંગોની, ઋષિ રાજપુત, મમતાબેન સવાણી, સુરૈયાબેન શેખ, વસીમ શેખ, નિકુંજ પારનેરીયા, નુંરુભાઈ ચાઈનીઝ, રોશન મિશ્રા, મુકેશભાઈ રાણા, અરવિંદભાઈ યાદવ, હેમુભાઈ રાજપુત, સોહિલ સાયકલ વાલા, ક્રિષ્નાબેન પાંડે, મોહનભાઈ કનોજિયા, મોહિની કોસંબીયા, હરીશભાઈ સૂર્યવંશી, ઈમરાન ભાઈ પઠાણ, અવધેશ ભાઈ મોરિયા, જયેશભાઈ ભટ્ટ, શરીફાબેન શેખ, મોઈન ચીના, સિદ્ધિક ટમેટા અને અસંખ્ય કાર્યકરો સામેલ હતા.

### મહીસાગર જિલ્લામાં ૫૧ દિવ્યાંગોને સાધન સહાયનું વિતરણ

# રાજ્ય સરકારની દિવ્યાંગ કલ્યાણલક્ષી પહેલ હેઠળ ૫૧ દિવ્યાંગ લાભાર્થીઓને આધુનિક સહાય સાધનોનું વિતરણ

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે રાજ્ય સરકારની દિવ્યાંગ કલ્યાણલક્ષી પહેલ હેઠળ ૫૧ દિવ્યાંગ લાભાર્થીઓને આધુનિક સહાય સાધનોનું વિતરણ કરવામાં આવ્યું. સમાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ચિલ્ડ્રન હોમના પ્રાંગણમાં યોજાયેલા કાર્યક્રમમાં ૪૪ મોટરાઈઝડ ટ્રાઈસિકલ અને ૭ જોયસ્ટિક વ્હીલચેર આપવામાં આવ્યા હતા. રાજ્યના દિવ્યાંગજનોનું જીવન વધુ સરળ, સુગમ અને ગતિશીલ બનાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા રાજ્યવ્યાપી મોટરાઈઝડ ટ્રાઈસિકલ અને જોયસ્ટિક વ્હીલચેર વિતરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી આ પહેલના ભાગરૂપે



મહીસાગર જિલ્લામાં આ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમ દરમિયાન જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ભાર્ગવી નિનામા તથા સમાજ સુરક્ષા વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ દિવ્યાંગ લાભાર્થીઓને સાધનોના યોગ્ય ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું અને સરકારની કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અપીલ કરી.અગાઉ હાથથી ચલાવાતી ટ્રાઈસિકલ અથવા વ્હીલચેરને કારણે દિવ્યાંગોને વધુ શારીરિક મહેનત કરવી પડતી હતી તેમજ લાંબા અંતરની મુસાફરી મુશ્કેલ બનતી હતી. હવે બેટરી સંચાલિત આધુનિક સાધનો મળતા રોજિંદા કામકાજમાં સરળતા રહેશે અને અભ્યાસ કે રોજગાર માટે અવરજવર વધુ સુગમ બનશે.

કાર્યક્રમમાં હાજર દિવ્યાંગ લાભાર્થીઓ અને તેમના પરિવારજનોએ રાજ્ય સરકાર તથા મુખ્યમંત્રીના આ સંવેદનશીલ નિર્ણય બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સરકારના "સેચ્યુરેશન એપ્રોચ" અંતર્ગત દરેક જરૂરતમંદ સુધી સહાય પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે દિવ્યાંગોમાં સ્વનિર્ભરતા તરફ વિશ્વાસ વધ્યો છે.

# પિતાના અવસાનના સમાચાર વચ્ચે પુત્રીએ ધો.12 બોર્ડનું પેપર આપ્યું

## પુત્રીને પરીક્ષા કેન્દ્ર પર મૂકીને પરત ફરતી સમયે ડિહાઈડ્રેશનના કારણે ચક્કર આવ્યા બાદ મોત

• સુરત

સુરત શહેરમાં વધતી ગરમી અને હિટવેવના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ વચ્ચે એક કરુણ ઘટના પ્રકાશમાં આવી છે. પોતાની લાડકવાઈ દીકરીને ધોરણ-12 કોમર્સની બોર્ડની પરીક્ષાના કેન્દ્ર પર મૂકીને પરત ફરી રહેલા કઠોર પ્રાથમિક શાળાના શિક્ષક રસ્તામાં જ બેભાન થઈ ઢળી પડ્યા હતા અને ટૂંકી સારવાર બાદ તેમનું નિધન થયું હતું.મળતી માહિતી પ્રમાણે, મૂળ ભાવનગર અને કામરેજ વિસ્તારમાં આવેલી અંબિકા રેસિડન્સીમાં 50 વર્ષીય ભવાનભાઈ સીથરભાઈ હડિયા પરિવાર સાથે રહેતા હતા. તેઓને સંતાનમાં એક પુત્રી અને એક પુત્ર છે. ભવાનભાઈ કઠોર પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. દીકરી દીપ્તિની હાલ ધોરણ 12 કોમર્સની બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. જેથી તે રોજ દીકરીને પરીક્ષા કેન્દ્ર પર મુકવા જતા હતા અને ત્યાંથી પરત લેવા પણ જતા હતા.0ગતરોજ બપોરે ભવાનભાઈ પોતાની ધોરણ-12 કોમર્સમાં અભ્યાસ કરતી પુત્રી દિપ્તીને સેક્રેટરીયલ પ્રેક્ટિસનું બોર્ડનું પેપર હોવાથી આબ્રામા પી.પી. સવાણી ચૈતન્ય વિદ્યા સંકુલ સ્કૂલમાં બોર્ડના પરીક્ષા કેન્દ્ર પર મોપેડ પર મૂકવા ગયા હતા. પુત્રીને પરીક્ષા કેન્દ્ર પર મુક્યા બાદ તેઓ મોટા વરાછા ખાતે એ.આર. મોલમાં આવેલી પોતાના પુત્રની ઓફિસ તરફ જવા નીકળ્યા હતા. તેઓ પુત્રને મોબાઈલનું સ્ટેન્ડ આપવા જઈ રહ્યા હતા.મોટા વરાછા ખાતે સુદામા ચોક નજીક અતિશય ગરમીના કારણે ભવનભાઈને ડિહાઈડ્રેશન થયું હતું. જેના કારણે તેઓને ચક્કર આવતા તેઓ ચાલુ મોપેડ પરથી બેભાન થઈ રોડ પર ઢળી પડ્યા હતા. આસપાસના લોકોએ તરત જ તેમને બેભાન હાલતમાં સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. અચાનક બનેલી આ ઘટનાથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.પિતાના મોતને પગલે બંને સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. આ અંગે વધુ તપાસ ઉત્રાણ પોલીસ કરી રહી છે.

# ગેસ વિતરણમાં પારદર્શકતા લાવવા AAPનું કલેક્ટરને આવેદનપત્ર

• સુરત

વર્તમાન રાષ્ટ્રીય સંકટની પરિસ્થિતિમાં સામાન્ય નાગરિકોને પાયાની જરૂરિયાતો મેળવવામાં મુશ્કેલી ન પડે અને ગેસ વિતરણ જેવી આવશ્યક સેવાઓમાં ભ્રષ્ટાચાર કે કાળાબજારી ન થાય તે હેતુથી સુરત આમ આદમી પાર્ટી દ્વારા વહીવટી તંત્રને જગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીની આગેવાનીમાં આજે મોટી સંખ્યામાં આપના કાર્યકરોએ કલેક્ટર કચેરી ખાતે પહોંચીને જિલ્લા પુરવઠા અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું.આમ આદમી પાર્ટી દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં સૌથી મહત્વની માંગણી ગેસ વિતરણ પ્રક્રિયાને સંપૂર્ણપણે ડિજિટલ અને પારદર્શક બનાવવાની છે.

જનતા રેડ

બંગાળી કારીગરોની દારૂ-નોનવેજની મહેફિલ પર જનતા રેડ

# કાલુપુરમાં પરપ્રાંતિયોને દારૂ પીતા-નોનવેજ ખાતા પકડ્યા, સ્થાનિકે વીડિયો બનાવી પોલીસને બોલાવી

## અમદાવાદના કોટ વિસ્તારમાં આવેલા કાલુપુરની ધના સુથારની પોળમાં મોડી રાત્રે બંગાળી કારીગરો દ્વારા માણવામાં આવતી દારૂ અને નોનવેજની મહેફિલ પર સ્થાનિકે રેડ પાડી હતી

• અમદાવાદ

અમદાવાદના કોટ વિસ્તારમાં આવેલા કાલુપુરની ધના સુથારની પોળમાં મોડી રાત્રે બંગાળી કારીગરો દ્વારા માણવામાં આવતી દારૂ અને નોનવેજની મહેફિલ પર સ્થાનિકે રેડ પાડી હતી. અંબાજી માતાના મંદિર પાસે આવેલી ચોખાવટીયાની પોળમાં ચાલતી આ મહેફિલનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં કાલુપુર પોલીસ દોડતી થઈ હતી, જોકે પોલીસે મહેફિલના બદલે માત્ર પીધેલાનો ગુનો નોંધી સંતોષ માનતા રહીશોમાં રોષ જોવા મળ્યો છે. પરપ્રાંતિય કારીગરોની પોલીસ નોંધણી અને મકાનમાલિકોની બેદરકારી સામે પણ સવાલો ઉભા થયા છે.અમદાવાદના કોટ વિસ્તાર એવા ખાડિયા અને કાલુપુર વિસ્તારમાં ચાંદીની ભટ્ટીઓ આવેલી છે, જેમાં બંગાળ અને અન્ય રાજ્યોમાંથી કારીગરો નોકરી માટે આવતા હોય છે. કાલુપુરના ધના સુથારની પોળમાં મકાનમાં રહેતા બંગાળીઓ દ્વારા દારૂ અને નોનવેજની મહેફિલ માણવામાં આવતી હોવાને લઈને સ્થાનિકે દરોડો પાડ્યો હતો. જે બાદ પોલીસે આવી અર્જુનસિંહ સિંહ, સિંદુકુમાર પટેલ, નરેન્દ્ર કુશ્વાહ, આશિષ દાસને ઝડપી કાર્યવાહી



હાથ ધરી હતી.કાલુપુર પોલીસ સ્ટેશનના PI એચ. આર વાઘેલાએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, દારૂના ક્વાર્ટર મળી આવ્યા હતા જેથી તેમના સામે દારૂની મહેફિલનો નહીં પરંતુ પીધેલાનો કેસ કર્યો છે અને તેઓ રોજ રૂટિનમાં નોનવેજ ખાતા જ હોય છે. બંગાળી કારીગરોની અને ભાડે રહેતા હોવા અંગેની પોલીસ સ્ટેશનમાં નોંધણી કરવામાં આવી છે કે નહીં એની તપાસ કરવી પડશે. જો નોંધણી નહીં કરવામાં આવેલી હોય તો મકાનમાલિક વિરુદ્ધ કાર્યવાહી કરીશું. ભૂતકાળમાં રજૂઆતો આવી હતી ત્યારે અમે કાર્યવાહી કરી હતી. અત્યારે હાલમાં કોઈ રજૂઆત આવી નથી.

અમદાવાદ શહેરના કાલુપુર વિસ્તારમાં આવેલી ધના સુથારની પોળમાં ચોખાવટીયાની પોળ આવેલી છે.જેમાં એક મકાનમાં કેટલાક બંગાળી કારીગરો રહે છે, જેનાથી સ્થાનિક મૂળના રહીશો હેરાન પરેશાન થઈ ગયા છે. પરપ્રાંતિયો બહારથી લોકોને બોલાવીને દારૂની મહેફિલ માણતા હોવાને લઈને ગઈકાલે 13 માર્ચના રોજ મોડી રાત્રે સ્થાનિક રહીશ દ્વારા બંગાળી કારીગરોની રાત્રે ચાલતી દારૂ અને નોનવેજની મહેફિલ પર દરોડો પાડ્યો હતો. પોલીસને દારૂની મહેફિલ ચાલતી હોવાથી અંગે જાણ કરવામાં આવી હતી. સ્થાનિક વ્યક્તિએ વીડિયો પણ ઉતાર્યો હતો. જેમાં દારૂના ક્વાર્ટર પડેલા હતા અને ત્રણથી ચાર લોકો બેસીને નોનવેજ પણ ખાઈ રહ્યાં હોવાનું બતાવવામાં આવ્યું હતું. યુવકે વીડિયો ઉતારવાનું ચાલુ કર્યું ત્યારે ત્યાં ત્રણ લોકો નોનવેજ જમવા બેઠા હતા જ્યારે બાજુમાં એક-બે વ્યક્તિ નશાની હાલતમાં બેઠા દેખાઈ રહ્યાં હતા. સાથે દારૂના ક્વાર્ટર પણ વીડિયોમાં દેખાડતા યુવક બોલતો હતો કે, દારૂ પીવાના ધંધા કરો છો, પીવા માટે લોકોને બહારથી બોલાવો છો અને ગાડીઓ વચ્ચે મૂકી દો છો. જુઓ આ બધા બહારથી આવીને દારૂ પીવે છે. બંગાળી સમાજના લોકોને લોકો ઘર આપે છે અને બધા દારૂ પીવે છે. આમના શેઠને બોલાવો. બે-ત્રણ વાગ્યા સુધી ગાડીઓ વચ્ચે મુકો છો અને આ બધા ધંધા કરો છો. બધાને કાલુપુર પોલીસમાં આપવાના છે.જ્યારે અન્ય એક વીડિયો પણ ઉતારવામાં આવ્યો હતો જેમાં નોનવેજ ખાય છે અને પોલીસ આવ્યા એટલે નોનવેજ સંતાડી દીધું. સાહેબ સામે ઊભા છે અને કાયદો હાથમાં લઈ લઉં એવું થઈ ગયું છે. દારૂના બાટલા પણ મળ્યા છે. ભાડે કેટલા લોકો રહે છે એ તો ખબર જ નથી. લોકોને બહારથી બોલાવીને નોનવેજ ખાય છે અને દારૂ પીવે છે. યુવકે આ વીડિયો બનાવી વાઈરલ પણ કર્યો હતો અને પોલીસને આપવામાં આવતા કાલુપુર પોલીસે દારૂ પીધેલા હોવા અંગેનો કેસ કર્યો છે.કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તાર કોટ વિસ્તાર છે, જેમાં અનેક નાના મોટા ગોડાઉન આવેલા છે. જેમાં બહારથી પરપ્રાંતિય લોકો કારીગર તરીકે નોકરી કરે છે અને કેટલાક લોકો મકાન ભાડે રાખીને રહે છે. વારંવાર કારીગરો માલ સામાન અને પૈસા લઈને જતા રહેતા હોવા અંગેની પણ ઘટના બને છે, જ્યારે મકાન ભાડે રાખેલા હોય છે તેમાં પણ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલતી હોય છે.

# એક જ યુવક માટે વર્ગ-4ની બે મહિલાઓ વચ્ચે સરાજાહેર જંગ:ચોટલા પકડી એકબીજાને ફટકારી

## સુરત સિવિલના ઇમરજન્સી વિભાગના પેસેજમાં 'હાઇવોલ્ટેજ ડ્રામા'

• સુરત

સુરત શહેરની સિવિલ હોસ્પિટલ, જે દર્દીઓની ચીસો અને એમ્બ્યુલન્સના સાયરનથી ગુંજતી હોય છે, ત્યાં એક અનોખો જ 'હાઈવોલ્ટેજ ડ્રામા' જોવા મળ્યો હતો. અહીં સારવાર લેવા આવતા દર્દીઓ તો ઠીક, પણ સ્ટાફના સભ્યો પણ ત્યારે સ્તબ્ધ થઈ ગયા જ્યારે વર્ગ-4ની બે મહિલા કર્મચારીઓ ફિલ્મી સ્ટાઈલમાં એકબીજા સાથે બાખડી પડી. આ લડાઈ પાછળ કોઈ કામનું ભારણ નહીં, પણ 'પ્રેમ પ્રકરણ' કારણભૂત હોવાનું સામે આવ્યું છે.ઘટનાની વિગત એવી છે કે, તાત્કાલિક સારવાર વિભાગ ટ્રોમા સેન્ટરના પેસેજમાં એક મહિલા કર્મચારી પોતાના ખાસ મિત્ર સાથે ફોન પર મશગૂલ હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતી બીજી મહિલા કર્મચારીને શંકા ગઈ. તેણે ખાતરી કરવા માટે એ જ યુવકને ફોન લગાવ્યો, પણ ફોન સતત 'વ્યસ્ત' આવતા તેની શંકા હકીકતમાં ફેરવાઈ ગઈ. બસ, પછી તો શું? 'પ્રેમમાં વિઘ્ન' સમાન બનેલી સાથી કર્મચારી સામે તેણે મોરચો માંડ્યો. બંને મહિલાઓ વચ્ચે પહેલા બોલાચાલી શરૂ થઈ. વાત ત્યાં સુધી પહોંચી કે એક મહિલાએ બીજીના હાથમાંથી મોબાઈલ આંચકી લીધો. કોલ લોગ ચેક કરતા જ ખબર પડી કે બંને એક જ યુવક સાથે વાત કરે છે. આ સત્ય સામે આવતા જ બંનેનો પિત્તો ગયો અને પેસેજમાં જ સરાજાહેર મારામારી શરૂ થઈ ગઈ. બંનેએ એકબીજાના ચોટલા પકડ્યા અને ધક્કામુક્કી કરી, જેના કારણે થોડા સમય માટે હોસ્પિટલનો સ્ટાફ સારવાર છોડીને આ તમાશો જોવામાં વ્યસ્ત થઈ ગયો હતો.હોસ્પિટલના લોબીમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે જે યુવક માટે આ જંગ ખેલાયો, તે હોસ્પિટલનો જ એક કોન્ટ્રાક્ટર છે. બંને મહિલાઓ એક જ વ્યક્તિના પ્રેમમાં હોવાથી આખરે મામલો બિચક્યો હતો.

હવે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી તમામ ગૌશાળા-પાંજરાપોળને મળશે 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના'નો લાભ

# ગૌશાળા-પાંજરાપોળની નોંધણીની સમયમર્યાદા વધારીને 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના'ના કાર્યક્ષેત્રમાં વધારો કરાયો: પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ગુજરાતના પશુપાલકો અને ગૌસેવા કરતી સંસ્થાઓના હિતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને ઉમદા નિર્ણય લીધો છે. રાજ્યના પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" હેઠળ સહાય મેળવવાની પાત્રતાના નિયમોમાં મહત્ત્વપૂર્ણ સુધારો કરીને રાજ્યની વધુમાં વધુ પાંજરાપોળ-ગૌશાળાને આ યોજના હેઠળ આવરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે અંબાજી ખાતેથી વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. જે અંતર્ગત રાજ્યની પાંજરાપોળ-ગૌશાળાને પશુ નિભાવ માટે એક પશુ દીઠ દૈનિક રૂ. ૩૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩થી સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીમાં રાજ્યની ૧૬૦૦થી વધુ સંસ્થાઓના ૪.૫૦ લાખથી વધુ પશુઓ માટે અત્યાર સુધીમાં કુલ રૂ. ૧,૩૬૪ કરોડ જેટલી માતબર રકમની સહાય ચૂકવવામાં આવી છે. હવે આગામી નાણાકીય વર્ષ એટલે કે, તા. ૦૧-૦૪-૨૦૨૬થી, જે સંસ્થાઓની પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં નોંધણી થયેલી હશે, તેવી તમામ ગૌશાળા-પાંજરાપોળો આ સહાય મેળવવા માટે પાત્ર ગણાશે. નોંધણીની સમયમર્યાદા વધારવાના કારણે રાજ્યની અનેક ગૌસેવી સંસ્થાઓ આ યોજનાનો લાભ લઈ શકશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.પશુપાલન મંત્રીશ્રીએ અંતમાં જણાવ્યું હતું કે, ગૌશાળા અને પાંજરાપોળ દ્વારા પશુઓની જાળવણીની જે સેવાભાવી પ્રવૃત્તિ થાય છે, તેને આર્થિક બળ પૂરું પાડવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય આ નિર્ણયથી સાચા અર્થમાં ચરિતાર્થ થયો છે.

આ યોજનાના નિયમ મુજબ, જે સંસ્થાઓની નોંધણી પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ તા. ૩૧-૦૩-૨૦૨૨ પહેલા થઈ હોય તેમને જ આ સહાય મળવાપાત્ર હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પછી નોંધાયેલી ગૌશાળા-પાંજરાપોળને આ સહાય ન મળતી હોવાથી રાજ્યની વિવિધ સંસ્થાઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આ સંસ્થાઓની રજૂઆતોને હકારાત્મક વાચા આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉદાર અભિગમ દાખવી ટ્રસ્ટ નોંધણીની મર્યાદા વધારવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

હવે આગામી નાણાકીય વર્ષ એટલે કે, તા. ૦૧-૦૪-૨૦૨૬થી, જે સંસ્થાઓની પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં નોંધણી થયેલી હશે, તેવી તમામ ગૌશાળા-પાંજરાપોળો આ સહાય મેળવવા માટે પાત્ર ગણાશે. નોંધણીની સમયમર્યાદા વધારવાના કારણે રાજ્યની અનેક ગૌસેવી સંસ્થાઓ આ યોજનાનો લાભ લઈ શકશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.પશુપાલન મંત્રીશ્રીએ અંતમાં જણાવ્યું હતું કે, ગૌશાળા અને પાંજરાપોળ દ્વારા પશુઓની જાળવણીની જે સેવાભાવી પ્રવૃત્તિ થાય છે, તેને આર્થિક બળ પૂરું પાડવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય આ નિર્ણયથી સાચા અર્થમાં ચરિતાર્થ થયો છે.

## રાશીફળ (તા.14-03-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજે તમારો દિવસ સારો રહેશે. કામકાજમાં નવી જવાબદારીઓ મળી શકે છે. પરિવારનો સહયોગ મળશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખો અને અનાવશ્યક ખર્ચથી બચો. |
| વૃષભ (બ.વ.ઉ) | આજે ધન લાભના યોગ બની રહ્યા છે. નોકરી અને વ્યવસાયમાં પ્રગતિના અવસર મળી શકે છે. જૂના મિત્ર સાથે મુલાકાત ખુશી આપી શકે છે. |
| મિથુન (ક.છ.ઘ) | આજે તમને તમારા કામમાં સાવચેતી રાખવી પડશે. કોઈ બાબતને લઈને મન થોડું ચિંતિત રહી શકે છે, પરંતુ પરિવારનો સાથ મળશે. |
| કર્ક (ડ.હ) | આજેનો દિવસ તમારા માટે સકારાત્મક રહેશે. અટકેલા કામ પૂરાં થઈ શકે છે. વિદ્યાર્થીઓ માટે દિવસ સારો છે. |
| સિંહ (મ.ટ) | આજે તમને મહેનતનું સારું ફળ મળી શકે છે. સામાજિક માન-સન્માન વધશે. કોઈ મહત્વપૂર્ણ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. |
| કન્યા (પ.ઠ.ણ) | આજે મુસાફરીના યોગ બની શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત થઈ શકે છે. ઘરે ખુશીનો માહોલ રહેશે. |
| તુલા (ર.ત) | આજે તમને ધીરજથી કામ લેવું પડશે. કાર્યક્ષેત્રમાં થોડો પડકાર આવી શકે છે, પરંતુ સમજદારીથી તેનો ઉકેલ મળી જશે. |
| વૃશ્ચિક (ન.ય.) | આજે તમારો આત્મવિશ્વાસ વધેલો રહેશે. વ્યવસાયમાં લાભ થઈ શકે છે. પરિવાર સાથે સારો સમય પસાર કરવાનો મોકો મળશે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | આજે નવા કામની શરૂઆત માટે દિવસ સારો છે. ધન લાભના સંકેતો મળી રહ્યા છે. કોઈ જૂના વિવાદનો ઉકેલ આવી શકે છે. |
| મકર (ખ.જ) | આજે તમને વધારે મહેનત કરવી પડી શકે છે. કામ પ્રત્યેની સમર્પણભાવના તમને સફળતા અપાવી શકે છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. |
| કુંભ (ગ.શ.સ.ષ) | આજે સર્જનાત્મક કાર્યોમાં રસ વધશે. નોકરી અને વ્યવસાયમાં નવી યોજનાઓ બની શકે છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | આજેનો દિવસ તમારા માટે શુભ રહેશે. કોઈ સારા સમાચાર મળી શકે છે. આર્થિક બાબતોમાં લાભ થઈ શકે છે. |

# દેશમાં માત્ર એક હોય એવી 5 કાર સુરતમાં જોવા મળી:એક કાર તો રાજકોટની નીકળી

## ઇન્ટરનેશનલ ઓટો એક્સપોમાં વર્લ્ડ ક્લાસ કાર્સે જમાવટ કરી

• સુરત

સુરતમાં આયોજિત ઈન્ટરનેશનલ ઓટો એક્સપોમાં વર્લ્ડ ક્લાસ કાર્સનું અદભૂત કલેક્શન આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જેમાં ખાસ કરીને દેશમાં માત્ર એક માત્ર ઉપલબ્ધ હોય તેવી 5 રેર કાર્સ જોવા મળતા ઓટોમોબાઈલ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રદર્શનમાં રજૂ થયેલી ગાડીઓ પૈકીની એક શાનદાર કાર રાજકોટની હોવાનું સામે આવ્યું છે, જેણે આંતરરાષ્ટ્રીય સ્તરના આ એક્ઝિબિશનમાં સૌનું ધ્યાન ખેંચ્યું હતું.ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ગુજરાત હવે વિશ્વના નકશા પર ઓટોમોબાઈલ હબ તરીકે ઉભરી રહ્યું છે. આ એક્સપોમાં દેશ-વિદેશની અગ્રણી કંપનીઓ દ્વારા કાર, ટુ-વ્હીલર્સ, કોમર્શિયલ વ્હીકલ અને લેટેસ્ટ વર્કશોપ ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. 70થી વધુ બ્રાન્ડ્સ એક જ છત નીચે જોવા મળશે, જે મુલાકાતીઓને ઓટોમોબાઈલ ક્ષેત્રની નવી ટેકનોલોજી અને વૈશ્વિક વલણો સમજવામાં મદદરૂપ થશે.'સુરતનો એક્સપો દિલ્હી પછીનો ભારતનો સૌથી મોટો કોમ્પોઝીટ એક્સપો



છે'આ વર્ષનો ઓટો એક્સપો અનેક રીતે ખાસ છે. એક્ઝિબિશન ચેરમેન મેહુલ દેસાઈના જણાવ્યા અનુસાર, સુરતનો આ એક્સપો દિલ્હી પછીનો ભારતનો સૌથી મોટો કોમ્પોઝીટ એક્સપો છે. જેમાં પ્રીમિયમ અને લકઝરી બ્રાન્ડ્સ જેવી કે લકઝરી કાર્સ મિની કુપર, ઓડી, મર્સિડીઝ, બીએમડબલ્યુ, જેગુઆર-લેન્ડ રોવર પેસેન્જર સેગમેન્ટ ટાટા મોટર્સ, હ્યુન્ડાઈ, કિયા, જીપ, એમજી, રેનોલ્ટ, નિસાન, સ્કોડા, ટોયોટા અને ફોક્સવેગન તેમજ ટુ-વ્હીલર અને ઈલેક્ટ્રિક સેગમેન્ટમા રોયલ એનફિલ્ડ, સુઝુકી, કેટીએમ, એથર, રિવર, કાઈનેટિક ઈલેક્ટ્રિક, બજાજ ચેતક, ટ્રીયમ્ફ અને યામાહા અને કોમર્શિયલ સેગમેન્ટ ટાટા અને સ્વરાજ મઝદાના વાહનો રખાયા હતા.ઓટો એક્સપોમાં આ વખતે 10 જેટલી અતિ દુર્લભ વિન્ટેજ કાર્સ પ્રદર્શિત કરવામાં આવી છે.

# ઈડરના ડુંગરો ઉપર લાગેલી આગ ૧૨ કલાકની ભારે જેહમત બાદ કાબૂમાં આવી



સાબરકાંઠા જીલ્લાના ઈડરના ડુંગરોમાં ગુરુવારે બપોરે લાગેલી આગને ઈડર અને હિંમતનગર ફાયર વિભાગે આશરે ૧૨ કલાકની જહેમત બાદ રાત્રે બુઝાવી હતી આ ઘટનામાં ૨૭ હજાર લીટર પાણીનો વપરાશ થયો હતો વારંવાર ડુંગરો પર લગતી આગને કારણે ડુંગરો પરના વન્યજીવો પર ખતરો તોળાઈ રહ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ ગુરુવારે બપોરે ૩ વાગ્યા આસપાસ આગ લાગી હોવાનો કોલ ઈડર ફાયર વિભાગને મળ્યો હતો તાત્કાલિક ત્રણ ફાયર ફાઈટર સાથે ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી પરંતુ આગ વધુ પ્રસરી હોવાથી હિંમતનગર ફાયર ટીમને પણ મદદ માટે બોલાવવામાં આવી હતી. જે અંગે ઈડર ફાયર વિભાગના કમલભાઈ પટેલે જણાવ્યું હતું કે ચાર ફાયર ફાઈટર અને ૨૦ ફાયર ટીમના જવાનોએ ખડેપગે રહીને ૧૨ કલાક સુધી કામગીરી કરી હતી આ દરમિયાન કુલ ૨૭ હજાર લીટર પાણીનો મારો ચલાવીને રાત્રે ૩ વાગ્યા આસપાસ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી.બીજી તરફ ઈડર વન વિભાગના સૂત્રોનું માનીએ તો આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોઈ શકે છે જોકે વન વિભાગ એકજ રટણ કરી રહ્યું છે કે આ ડુંગર વન વિભાગના કાર્યક્ષેત્રમાં આવતો નથી પરંતુ ખાનગી માલિકીનો છે તેથી આગ બુઝાવવાનો વિષય ફાયર વિભાગનો છે ઈડરના ડુંગરોમાં વારંવાર આગ લાગવાના બનાવો બનતા રહે છે જેને કારણે પર્યાવરણ અને વન્યજીવો માટે ચિંતાનો વિષય છે.

# કેન્દ્રીય વિદ્યાલયને બોમ્બ બ્લાસ્ટની ધમકી આપનારો વિદ્યાર્થી નીકળ્યો

### ધો.10ની પરીક્ષા ન આપવા પ્રેંક, મેસેજમાં લખ્યું- 'સ્કૂલ વીલ બી ડિસ્ટ્રોઈડ ટુમોરો, ગોડ ઈઝ ગ્રેટ, અલ્લાહુ અકબર'

• વડોદરા

5 માર્ચના રોજ વડોદરાના મકરપુરા ખાતે આવેલા એરફોર્સ સ્ટેશન સ્થિત કેન્દ્રીય વિદ્યાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ મામલે સાયબર ક્રાઈમ દ્વારા ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો છે. સ્કૂલને ધમકી આપનાર બહારનો કોઈ વ્યક્તિ નહીં પરંતુ સ્કૂલનો વિદ્યાર્થી જ હતો. જે હાલ CBSE બોર્ડની પરીક્ષા આપી રહ્યો છે. ધમકીને પગલે મકરપુરા પોલીસે ચેકિંગ પણ કર્યું હતું. આખી સ્કૂલમાં તપાસ કરવામાં આવી હતી.શાળાના શિક્ષકને વોટ્સએપ પર મેસેજ મોકલ્યો પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીએ પરીક્ષા ન આપવી પડે તે માટે આ પ્રેંક મેસેજ કર્યો હતો. તેણે શાળાના એક શિક્ષકને વોટ્સએપ પર મેસેજ મોકલ્યો હતો. જેમાં લખ્યું હતું કે, 'Your school will be completely destroyed tomorrow, God is great, Allahu Akbar.' એટલે કે, આવતીકાલે તમારી સ્કૂલ સંપૂર્ણપણે નષ્ટ કરી દેવામાં આવશે, ભગવાન મહાન છે, અલ્લાહુ અકબર. પોલીસ તપાસ દરમિયાન સ્કૂલને ધમકીભર્યો મેસેજ મોકલનાર વિદ્યાર્થીની ઓળખ થઈ હતી. બોમ્બની ધમકી આપનાર સ્કૂલનો જ વિદ્યાર્થીઆ મેસેજ 5



માર્ચના રોજ વહેલી સવારે 3:43 વાગ્યે મોકલવામાં આવ્યો હતો. ઘટનાના 8 દિવસ બાદ એટલે કે, વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે આ કેસમાં ફરિયાદ નોંધી અને તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મેસેજ મોકલનાર વિદ્યાર્થીની ઓળખ થઈ અને તે કેન્દ્રીય વિદ્યાલયનો જ વિદ્યાર્થી હોવાનું સામે આવ્યું છે.

પરીક્ષા ટાળવાના ઈરાદાથી બોમ્બની ધમકી આપી આ ઘટનાએ શાળા વહીવટી તંત્ર અને વાલીઓમાં ખળભળાટ મચાવી દીધો છે. કારણ કે, બોમ્બની ધમકી તે પણ માત્ર પરીક્ષા ટાળવાના ઈરાદાથી કરવામાં આવી હતી. સાયબર ક્રાઈમ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે અને આવા પ્રેંકના કિસ્સામાં કડક કાર્યવાહીની ચેતવણી આપી છે.

સાયબર ક્રાઈમ પોલીસે આવા પ્રેંકના કિસ્સામાં કડક કાર્યવાહીની ચેતવણી આપી છે.અજાણ્યા આંતરરાષ્ટ્રીય નંબર પરથી અરબી ભાષામાં મેસેજ આવ્યોકેન્દ્રીય વિદ્યાલયના શિક્ષક સંતોષકુમાર શૈલેષકુમાર તિવારીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તારીખ 5 માર્ચના રોજ વહેલી સવારે 3:43 વાગ્યે મારા વોટ્સએપ નંબર પર એક અજાણ્યા આંતરરાષ્ટ્રીય નંબર પરથી અરબી ભાષામાં મેસેજ આવ્યો હતો. મેં સવારે આશરે 8 વાગ્યે સ્કૂલે પહોંચીને આ મેસેજ જોયો હતો.

**ફેમિલી કોર્ટ**

### સુરત ફેમિલી કોર્ટમાં 10 હજારના ભરણપોષણમાં એસિડ-એટેક

# 70 વર્ષીય આયુર્વેદિક ડોક્ટરે પત્ની પર એસિડ ફેંક્યું, પોતે પણ ઝેર ગટગટાવ્યું; બે વર્ષ પહેલાં પણ ચપ્પુના ઘા ઝીંક્યા

### સુરત જિલ્લા સેવા સદનના એ-બ્લોકમાં આવેલા પાંચમા માળે આજે કાળજું કંપાવનારી ઘટના બની હતી

• સુરત

સુરત જિલ્લા સેવા સદનના એ-બ્લોકમાં આવેલા પાંચમા માળે આજે કાળજું કંપાવનારી ઘટના બની હતી. ફેમિલી કોર્ટમાં જ્યારે ભરણપોષણના કેસની કાર્યવાહી ચાલી રહી હતી, ત્યારે 75 વર્ષીય આયુર્વેદિક ડોક્ટરે પોતાની 61 વર્ષીય પત્ની પર અચાનક એસિડ ફેંકી દીધું હતું. જજની હાજરીમાં જ બનેલી ઘટનાને પગલે કોર્ટ રૂમમાં નાસભાગ મચી ગઈ હતી અને વકીલો સહિતના પક્ષકારો સ્તબ્ધ થઈ ગયા હતા.

એસિડ સીધું મહિલાના માથા અને ચહેરાના ભાગે પડતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. મહિલાના વકીલના જણાવ્યા પ્રમાણે, એસિડના કારણે મહિલાની આંખ ડેમેજ થઈ છે અને તેમની હાલત નાજુક છે. ઘટના બાદ તુરંત જ 108 એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી અને ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે પાર્લે પોઈન્ટ ખાતે આવેલી સચદેવ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ડોક્ટરો હાલ તેમની દ્રષ્ટિ બચાવવા માટે પ્રયત્નો કરી રહ્યા છે.

આરોપી પતિ કાપડની કોથળીમાં એસિડની બોટલ છુપાવીને લાવ્યો હતો. તેની કોથળીની તપાસ કરતા તેમાંથી એક નાની ડાયરી પણ મળી આવી છે. એસિડ-એટેક કર્યા બાદ આરોપીએ પોતાની કોથળીમાંથી કોઈ ઝેરી પાવડર જેવો પદાર્થ ખાઈ લેતા તેને પણ સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

એસિડ-એટેકનો ભોગ બનેલી મહિલાના વકીલ મુકેશ બાંજણીએ જણાવ્યું કે, ભરણપોષણની રકમ મેળવવા માટે કોર્ટમાં આવેલી પત્ની પર તેના જ પતિએ એસિડ ફેંકી જીવલેણ હુમલો કર્યો હતો. આ ઘટનાને પગલે કોર્ટ સંકુલમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. અગાઉ પણ પતિએ ચપ્પુથી હુમલો કર્યો હતો. પતિ પોતે એક આયુર્વેદિક ડોક્ટર છે અને તેમની ઉંમર લગભગ 70 વર્ષની આસપાસ છે.આ ઝઘડાની શરૂઆત 8-10 વર્ષ પહેલા પતિ-પત્ની વચ્ચે થઈ હતી, જે હવે કોર્ટ સુધી પહોંચી છે. પહેલા પણ નાના-મોટા ઝઘડા કોર્ટ અને ઘરોમાં ચાલતા રહેતા હતા, પરંતુ માણસ કોર્ટમાં ત્યારે જ આવે છે, જ્યારે હદ પાર થઈ જાય અને તે ન્યાય મેળવવા માંગતો હોય.

આ ઘટનામાં બંને પક્ષો 7-8 વર્ષથી અલગ-



અલગ રહી રહ્યા છે. અરજદાર પોતાની દીકરી અને જમાઈ સાથે રહે છે અને પતિ અલગ રહે છે. આમાં પતિ એક આયુર્વેદિક ડોક્ટર છે. કોર્ટ દ્વારા 10,000 રૂપિયાના અંતરિમ ભરણપોષણનો આદેશ આપવામાં આવ્યો હતો. કોર્ટે અંતરિમ ભરણપોષણ મંજૂર કરી દીધું છે. વસૂલાતની અરજીઓ પેન્ડિંગ છે. પૈસા ન ચૂકવવા પડે, એટલા માટે આ પ્રકારનો હુમલો કરવામાં આવ્યો છે.

આ ઘટનાને નજરે જોનારા મહિલા વકીલ વર્ષા પટેલે જણાવ્યું કે, કૃષ્ણાબેન જોડે અમે આગળની હરોળમાં બેઠા હતા અને અમારી પાછળ આ જે બેન ઉપર એસિડ-એટેક થયો તે બેઠા હતાં. એમની પાછળ જ તેમના પતિ પણ બેઠા હતા. મહિલાના મોઢા પર એસિડ પડ્યું હતું અને એ બેનની એક તરફની આંખ બંધ થઈ ગઈ હતી. અમને છાંટા ઉડ્યા એટલે જે-તે ટાઈમે થોડી બળતરા થઈ હતી, અત્યારે કંઈ નથી.અન્ય વકીલ ક્રિષ્ના ગાંધીએ જણાવ્યું કે, અમારી ઉપર છાંટા ઉડ્યા પણ ત્યારે અમને ખબર નથી પડી કે પહેલા શું થયું. પછી પાછળથી ચીસાચીસ થઈ કે એસિડ નાખ્યું, આ થયું અને પછી થોડો ટાઈમ રહીને બર્નિંગ થયું અને સ્મેલ આવી ત્યારે ખબર પડી કે એમના હસબન્ડે એમની ઉપર એસિડ નાખ્યું છે. બંનેની ઉંમર 65થી 70 વર્ષની આજુબાજુ હશે. અમે જોયું તો મહિલાને બહુ બર્નિંગ થતું હતું. એવું પણ સાંભળ્યું છે કે, એ ભાઈએ પણ પોતે કંઈક દવા પીધી છે. જ્યારે પતિએ પત્ની પર એસિડ અટેક કર્યો, ત્યારે તે મહિલા તરત જ ઓટોમાં બેસી પોતે નજીકની હોસ્પિટલ પહોંચી હતી. હાલ તપાસમાં બહાર આવ્યું છે કે, પતિએ પત્નીને ભરણપોષણ પેટે 4.50 લાખ રૂપિયા ચૂકવવાના બાકી છે. પત્ની દ્વારા વકીલ મારફતે કોર્ટમાં 2.90 લાખ, 1.15 લાખ અને 90,000 રૂપિયાની 3 અલગ-અલગ રિકવરી અરજી કરવામાં આવી હતી.

### મોઢા પર મસો-ગુટખા ખાવાની આદતથી આરોપી 20 વર્ષે પકડાયો

# વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમ ડ્રાઈવર, ડિલીવરી બોય, ગ્રાહક બની મુંબઈમાં 3 દિવસ ફરી

**ગુનાઓમાં ફરાર**

### પી.એસ.આઈ. બી. એસ. વાળાની ટીમે શહેરના વિવિધ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાઓમાં ફરાર

• વડોદરા

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા હાંસલ કરી છે. વડોદરા શહેરમાં સગીરાના અપહરણના કેસમાં છેલ્લા 20 વર્ષથી પોલીસની પકડથી નાસતા ફરતા એક આરોપીની મહારાષ્ટ્રના વસઈ-વિરાર વિસ્તારમાંથી ધરપકડ કરી છે. આરોપીને પકડવા માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ફૂડ ડિલિવરી બોય, ટ્રાન્સપોર્ટ ડ્રાઈવર તેમજ સામાન્ય ગ્રાહકનો વેશ ધારણ કર્યો હતો અને પોતાની ઓળખ છુપાવી રાખીને તેને શોધી કાઢ્યો હતો.

આરોપી ફિરોઝખાન મુસ્તાકખાન પઠાણ સામે વડોદરા શહેરનાના મકરપુરા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2006માં ફરિયાદ નોંધાઈ હતી. આરોપી મરઘીની દુકાન ચલાવતો



હતો. તેની દુકાનની સામે રહેતી એક સગીરાને લલચાવી-ફોસલાવીને લગ્ન કરવાના ઈરાદાથી અપહરણ કરી લઈ ગયો હતો. ગુનો નોંધાતાં આરોપી ફરાર થઈ ગયો હતો અને છેલ્લા 20 વર્ષથી પોલીસની ધરપકડથી બચતો રહ્યો હતો.

વડોદરા ક્રાઈમ બ્રાન્ચના પી.એસ. આઈ. બી. એસ. વાળાની ટીમે શહેરના વિવિધ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાઓમાં ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. ટેકનિકલ માહિતી અને હ્યુમન સોર્સના આધારે તપાસ દરમિયાન આરોપી વસઈ-વિરાર વિસ્તારમાં હોવાની પુષ્ટિ થઈ હતી.

મુંબઈનો વસઈ-વિરાર એક ગીચ વિસ્તાર છે, જ્યાં ઓફિસો અને ઔદ્યોગિક વસાહતો વધુ છે. આરોપીને ઓળખવા માટે ટીમે ખાસ યુક્તિ અપનાવી હતી. આરોપીના મોઢા પર એક મસો હતો અને તે ગુટખા ખાવાની આદત ધરાવતો હતો અને સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. આ મર્યાદિત માહિતીના આધાર પોલીસે તપાસ શરૂ કરી હતી. આરોપી ફિરોઝખાન પઠાણને મોઢા પર એક મસો હતો અને તે ગુટખા ખાવાની આદત ધરાવતો હતો. આરોપી ફિરોઝખાન પઠાણને મોઢા પર એક મસો હતો અને તે ગુટખા ખાવાની આદત ધરાવતો હતો.વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેમ્પો ડ્રાઈવર, ફૂડ ડિલિવરી બોય અને ગ્રાહકનો વેશ ધારણ કરીને 3 દિવસ સુધી ખાનગી રીતે રેકી કરી હતી. આ દરમિયાન આરોપી ફિરોઝખાન મુસ્તાકખાન પઠાણ (ઉંમર.55 વર્ષ, હાલનું રહેઠાણ: એકરોપોલીસ એપાર્ટમેન્ટ, વિરાર વેસ્ટ, જિલ્લો પાલઘર, મહારાષ્ટ્ર, મૂળ રહેઠાણ: સલીમપુર ગામ, તાલુકો-ખાગા, થાના-ખાગા, જિલ્લો ફતેહપુર, ઉત્તરપ્રદેશ) વિરાર ઈસ્ટ વિસ્તારમાં 'ઈન્ફિનિટી સ્કવેર' નામની બિલ્ડિંગમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હોવાનું શોધી કાઢ્યું હતું. યોગ્ય સમયે કાર્યવાહી કરીને આરોપીની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ આરોપીને મકરપુરા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે, જ્યાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

### ચૂંટણી પહેલા બરોડા ડેરીનું રાજકારણ ગરમાયુ

# બે દૂધ મંડળીના ઓડિટ માટે જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા રાતે તાળા તોડી દફતર કબજે કરવા કવાયત

• વડોદરા

બરોડા ડેરીનું રાજકારણ દિવસે ને દિવસે ગરમાટો પકડી રહ્યું છે. ડેરીમાં આમ તો વર્તમાન પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતના ઉમેદવારો બિનહરીફ જાહેર થઈ ગયા છે, પરંતુ ડેસર બેઠક ઉપર ખરાખરીનો જંગ જોવા મળી રહ્યો છે. ત્યારે ડેસરની બે દૂધ મંડળીઓને ઓડિટ માટેની નોટિસ આપ્યા બાદ દૂધ મંડળીઓ દ્વારા અવગણના કરાતા જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા રાત્રિના સમયે મામલતદાર તેમજ સ્થાનિક પોલીસને સાથે રાખીને બંને દૂધ મંડળીઓના તાળા તોડી દફતર કબજે કરવાની કવાયત કરી હતી.અગાઉ 10 માર્ચના રોજ વેજપુર અને પ્રતાપપુરા દૂધ મંડળીને જિલ્લા રજિસ્ટર તરફથી ઓડિટ માટેની નોટિસ પાઠવવામાં આવેલી હતી. તેમ છતાં તેઓ દ્વારા મંડળી ઉપર હાજર હોવા છતાં પણ ઓડિટ કરવા દેવામાં આવ્યું નહોતું. તેથી ઓડિટર દ્વારા જિલ્લા રજિસ્ટ્રારને જાણ કરતા જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો કે, જો તમને દફતર ના આપે તો મામલતદારને જાણ કરી કલમ 83 મુજબની નોટિસ



આપી પોલીસ પ્રોટેક્શન સાથે દફતર કબજે કરવું. આ હુકમના આધારે બંને મંડળીઓ પર જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા નિમાયેલા ઓડિટરને મોકલી દફતર કબજે કરવાની કામગીરી કરવામાં આવી હતી.સમગ્ર મામલે દિવ્ય ભાસ્કરની ટીમે મામલતદાર સોનલબેનને ફોન કર્યો હતો, ત્યારે તેઓએ આ અંગે રજિસ્ટ્રારને પૂછવા કહ્યું હતું અને સમગ્ર મામલા અંગે જવાબ આપવાનું ટાળ્યું હતું. ત્યારબાદ તેઓએ પોતાનો ફોન સ્વીચઓફ કરી દીધો હતો. જિલ્લા રજિસ્ટ્રાર અભિષેક સુવાએ જણાવ્યું હતું કે, ઓડિટર્સ દ્વારા દૂધ મંડળી ખાતે ઓડિટ કરવા મુલાકાત લેવાઈ હતી, પરંતુ તેઓ દફતરનો કબજો આપતા ન હતા, જેથી અમારા ઉપર આ અંગેનો પત્ર આવતા અમારા દ્વારા સ્થાનિક મામલતદારને જાણ કરવામાં આવી હતી અને પોલીસની મદદથી દફતર કબજે લેવાની કાર્યવાહી કરવામાં આવી હતી.બરોડા ડેરીમાં આમેય સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર ભૂતકાળમાં અનેકવાર આરોપો લગાવી ચૂક્યા છે. ત્યારે હાલમાં ડેરીની ચૂંટણી પહેલા ડેસર બેઠક ઉપર પ્રતિષ્ઠાનો જંગ જોવા મળી રહ્યો છે.

# ગેસ બોટલ માટે સતત ત્રીજા દિવસે રઝળપાટ:વાસણામાં લોકો જતાં એજન્સી બંધ મળી, માટીના ચૂલાનું વેચાણ વધ્યું

• વડોદરા

ગેસ બોટલ મુદ્દે સતત ત્રીજા દિવસે હોબાળો જોવા મળ્યો હતો. વાસણામાં ઈન્ડિયન ગેસ એજન્સી પર પહોંચેલા લોકોને એજન્સી બંધ મળી હતી.જેથી લોકોએ રોષ ઠાલવી કહ્યું કે, બોટલોનું ઓનલાઈન બુકિંગ કરવાનું કહે છે, પરંતુ બુકિંગ થતું નથી. બીજી તરફ શહેરમાં માટીના ચૂલાનું વેચાણ વધ્યું છે.અગાઉ અઠવાડિયે 1 ચૂલો વેચાતો હતો, જ્યારે હાલ 10થી વધુ ચૂલા રોજ વેચાય છે.

યુદ્ધને કારણે ગેસની અછત થવાની શક્યતા વચ્ચે ગેસના બોટલ માટે 3 દિવસથી એજન્સીની બહાર લાઈનો લાગી રહી છે.બીજી તરફ સંચાલકો એજન્સી બંધ કરી દરવાજા પર ઓનલાઈન બુકિંગ કરવા જણાવાય છે. એજન્સીમાં બોટલ લેવા પહોંચેલા નાગરિકે કહ્યું કે, 6 દિવસથી બોટલ નોંધાવ્યો છે, પણ હજુ મળ્યો નથી.અન્ય નાગરિકે બળાપો ઠાલવતાં કહ્યું કે, સર્વર ડાઉન છે. બુકિંગ માટેનો નંબર લાગતો નથી બોટલોના કાળા બજાર થતા હોવાના આક્ષેપો પણ કર્યા હતા. કોમર્શિયલ બોટલોની ભારે અછત છે ત્યારે ઘરગથ્થુ બોટલોનો કોમર્શિયલી ઉપયોગ થઈ રહ્યો છે. ઘરગથ્થુ બોટલો વધુ ભાવે લઈ રેસ્ટોરન્ટ સહિતની ખાણી-પીણીની લારી પણ ઉપયોગ કરાઈ રહ્યો છે.જિલ્લામાં ગેસના જથ્થાની કોઈ અછત નથી. વડોદરાના નાગરિકોને ગેસના જથ્થા બાબતે ગભરાવાની કે પેનિક થવાની જરૂર નથી. દરેક ગ્રાહકને પૂરતા પ્રમાણમાં જથ્થો મળી રહેશે. » ગીતાબેન દેસાઈ, જિલ્લા પુરવઠા અધિકારીલગ્નો સાથે રેગ્યુલર કેટરિંગ સર્વિસ ચાલે છે ત્યારે બોટલની અછત છે.લાકડાના ઉપયોગથી કેટરિંગમાં દાળ, ભાત, શાક બનાવીએ છીએ. જ્યારે પૂરી સહિત ફરસાણ માટે ગેસનો ઉપયોગ કરાય છે.ચાની લારી, સેવઉસળ-ભજિયાં વેચતા દુકાનદારો માટીના ચૂલા ખરીદી રહ્યા છેગેસ બોટલ મળતા નથી, જેથી માટીના ચૂલાનું વેચાણ વધ્યું છે. પહેલાં અઠવાડિયે 1 ચૂલો વેચાતો હતો, હવે રોજના 10થી વધુ વેચાય છે.

# અકસ્માત:વ્હેરાખાડી નજીક ટેમ્પા પાછળ ટેમ્પો અથડાતા ચાલકનું મોત



• આણંદ

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર શુક્રવારે પરોઢીયે વ્હેરાખાડી પાસે વડોદરા તરફ જઈ રહેલા ટેમ્પા પાછળ ટેમ્પો અથડાતા પાછળ અથડાયેલા ટેમ્પાના ચાલકનું મોત નીપજ્યું હતું. ખંભોળજ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. પાટણના કાળી બજાર ખાતે 39 વર્ષીય યુસુફભાઈ બડાસાહેબ સૈયદ રહે છે. તેઓએ ખંભોળજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મહેસાણાથી બટાકા ભરીને તેઓ સુરત ખાતે ખાલી કરવાના હોય ટેમ્પામાં ભરીને નીકળ્યા હતા. દરમિયાન, તેઓ અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ પર વડોદરા તરફ જઈ રહ્યા હતા. તેઓ વ્હેરાખાડી પાસે પ્રથમ લેનમાં તેમનો ટેમ્પો હંકારી રહ્યા હતા ત્યારે સવારે સાડા ત્રણ વાગ્યાની આસપાસ પાછળથી પુરપાટ ઝડપે આવી ચઢેલા ટેમ્પો તેમની પાછળ ધડાકાભેર અથડાયો હતો.

### મેન્ટલી ડિસ્ટર્બ હોવાનો સુસાઈડ નોટમાં ઉલ્લેખ; દોઢ મહિના પહેલા ગ્રામજનોએ સુસાઈડ કરતા બચાવ્યો હતો

# રાજકોટ AIIMSના ઈન્ટર્ન ડૉક્ટરનો આપઘાત:ટ્રેન નીચે આવી જીવન ટૂંકાવ્યું

• રાજકોટ

રાજકોટની AIIMS હોસ્પિટલના MBBSના વિદ્યાર્થી અને ઈન્ટર્ન ડોક્ટરે પરાપીપળીયા રેલવે ફાટક પાસે આજે 14 માર્ચના વહેલી સવારે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જેમાં તેમની પાસેથી પોલીસને સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં મેન્ટલી ડિસ્ટર્બ હોવાને કારણે જીવન ટૂંકાવી દેવાનું અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ યુવાને દોઢ માસ પૂર્વે આપઘાતનો પ્રયાસ કર્યો હતો જોકે તે વખતે પરાપીપળીયાના ગ્રામજનોએ તેને બચાવી લીધો હતો, પરંતુ આ વખતે તે જ જગ્યાએ આપઘાત કરવા પહોંચેલા યુવાનને કોઈ બચાવી ન શક્યું. પુત્રના સુસાઈડની જાણ થતા રાજસ્થાન રહેતા માતા-પિતા શોકમાં ગરકાવ થઈ ગયા છે. મૂળ રાજસ્થાનના જેસલમેરનો અને હાલ રાજકોટની AIIMS હોસ્પિટનો MBBSનો વિદ્યાર્થી ડૉ. રતનકુમાર મોહનલાલ મેઘવાલ (ઉં. વર્ષ 25, નિવાસ સ્થાન- મેઘવાલ વાસ, જેસલમેર, રાજસ્થાન)આજે વહેલી સવારે 4 વાગ્યા આસપાસ મેડિકલ હોસ્ટેલથી નિકળ્યો હતો અને તે બાદ 4:45 વાગ્યા આસપાસ પરાપીપળીયા રેલવે ટ્રેક પાસે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. જેથી ગાંધીગ્રામ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં પોતે મેન્ટલી ડિસ્ટર્બ હોવાને કારણે આપઘાત કરી રહ્યો હોવાનો ઉલ્લેખ છે.

હાલ આ યુવાનના મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવ્યો છે. યુવાન મૂળ રાજસ્થાનનો હોવાથી તેમના માતા-પિતાને જાણ કરવામાં આવી છે. જેથી તેઓ રાજસ્થાનથી નીકળી ગયા છે અને તેમના આવ્યા બાદ યુવાનનો મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવશે. જોકે ડોક્ટર બનવાનું સ્વપ્ન લઈને બેસેલા યુવાનના સુસાઈડથી પરિવારમાં કાળો કલ્પાંત ફેલાઈ ગયો છે.મેડિકલના વિદ્યાર્થીએ ગત 28 જાન્યુઆરીના પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તે વખતે પણ તે વહેલી સવારે હોસ્ટેલમાંથી નીકળ્યો હતો અને ત્યારબાદ પરાપીપળીયા રેલવે ટ્રેક પાસે પહોંચી ગયો હતો. મેડિકલનો વિદ્યાર્થી ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરે તે પૂર્વે જ ગ્રામજનો દ્વારા આ યુવાનને બચાવી લેવામાં આવ્યો હતો. AIIMS હોસ્પિટલના જણાવ્યા પ્રમાણે, આ યુવાન મેન્ટલી ડિસ્ટર્બ હતો અને તે વખતે તેનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતુ. જે બાદ તેના માતા પિતાને ત્યાં મોકલી દેવાયો હતો. જે પછી આ યુવાન AIIMS હોસ્પિટલના કેમ્પસમાં રહેતો ન હતો. જોકે પોલીસનું કહેવું છે કે, તે મેડિકલ હોસ્ટેલમાં જ રહેતો હતો અને વોર્ડને જ આ વિદ્યાર્થી છાત્રના મૃતદેહને ઓળખી બતાવ્યો હતો. હાલ યુવાન પાસેથી સુસાઈડ નોટ મળી આવી છે. જેના આધારે મેડિકલના વિદ્યાર્થીએ કયા કારણોથી આપઘાત કર્યો.

પેટમાં દુઃખાવો

પેટમાં દુઃખાવો ઉપડતા ભાંડો ફૂટ્યો, પત્ની રિસામણે હોય આરોપી ભાઈ-ભાભી સાથે રહેતો હતો

# કાકાએ સગીર ભત્રીજીને ગર્ભનિરોધક ગોળીઓ ખવડાવી 5 મહિના દુષ્કર્મ આચર્યું

## રાજકોટમાં કાકા-ભત્રીજીના સંબંધને લજવતો ચકચારી કિસ્સો સામે આવ્યો છે. 14 વર્ષીય ભત્રીજી પર કૌટુંબિક કાકાએ પાંચ મહિના સુધી દુષ્કર્મ આચર્યાનો ઘટસ્ફોટ થયો છે

• રાજકોટ

રાજકોટમાં કાકા-ભત્રીજીના સંબંધને લજવતો ચકચારી કિસ્સો સામે આવ્યો છે. 14 વર્ષીય ભત્રીજી પર કૌટુંબિક કાકાએ પાંચ મહિના સુધી દુષ્કર્મ આચર્યાનો ઘટસ્ફોટ થયો છે. ચોંકાવનારી વાત એ છે કે, સગીર ભત્રીજી ગર્ભવતી ન બને તે માટે કાકા દ્વારા તેને ગર્ભનિરોધક ગોળીએ ખવરાવવામાં આવતી હતી. સગીરાને પેટમાં દુઃખાવો ઉપડ્યા બાદ હોસ્પિટલે સારવાર માટે લઈ જવાતા આરોપી કાકાનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે કાકાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. સગીરાની માતા રિસામણે બેસી હોય તે અને તેના પિતા કાકા સાથે રહેતા હતા. કાકા અને ભત્રીજી જ્યારે ઘર પર એકલા હોય ત્યારે તેનો લાભ ઉઠાવી કુકર્મ આચરતો હતો.

સગીર ભત્રીજી ગર્ભવતી ન બને તે માટે કાકા દ્વારા ગર્ભનિરોધક ગોળી આપવામાં આવતી હતી.

આ શરમજનક ઘટનાનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે બુધવારના રોજ 14 વર્ષની સગીરાને અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. મધ્યપ્રદેશના ઉજ્જૈનથી રાજકોટ આવીને કામ કરતા પરિવારમાં જ્યારે બાળકીની તબિયત લથડી, ત્યારે તેના પિતાએ તેની પૂછપરછ કરી હતી. આ દરમિયાન બાળકી પાસેથી કેટલીક શંકાસ્પદ ગોળીઓ મળી આવી હતી. બાળકીને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવી, જ્યાં તબીબોએ તપાસ બાદ જણાવ્યું કે આ ગોળીઓ ગર્ભનિરોધક છે. તબીબોએ પિતાને ચેતવણી આપી હતી કે આટલી નાની વયે આવી ગોળીઓના સતત સેવનથી ગર્ભાવસ્થા તો અટકે છે, પરંતુ શરીરમાં ગંભીર ઈન્ફેક્શન અને જીવલેણ જોખમ ઊભું થઈ શકે છે.

તબીબોની વાત સાંભળી પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જ્યારે બાળકીને વિશ્વાસમાં લઈને પૂછવામાં આવ્યું ત્યારે તેણે રડતા રડતા પોતાની સાથે વીતેલી 5 મહિનાની આપવીતી વર્ણવી હતી. સગીરાએ જણાવ્યું કે તેનો કૌટુંબિક કાકો, જે તેમની સાથે જ રહે છે, તે છેલ્લા પાંચ મહિનાથી જ્યારે ઘરમાં કોઈ ન હોય ત્યારે તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધતો હતો. પાપ છુપાવવા માટે તે બાળકીને સતત ગોળીઓ ખાવા મજબૂર કરતો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. 37 વર્ષીય આરોપીની પત્ની છેલ્લા 8 મહિનાથી તેના 4 બાળકો સાથે પિયરમાં રિસામણે રહેવા જતી રહી હતી. ઘરમાં પત્નીની ગેરહાજરીનો લાભ ઉઠાવી કાકાએ પોતાની જ



ભત્રીજી પર નજર બગાડી હતી. પાંચ મહિના પહેલા જ્યારે પિતા મજૂરી કામ માટે બહાર ગયા હતા, ત્યારે આરોપીએ પ્રથમ વખત દુષ્કર્મ આચર્યું હતું અને ત્યારબાદ સતત ધાકધમકી આપીને બાળકીનું શોષણ ચાલુ રાખ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું કે, આ આરોપીની પત્ની છેલ્લા 8 માસથી રિસામણે તેના પિયર મધ્ય પ્રદેશ ખાતે ગયેલી છે અને તે રિસામણે હોવાથી આરોપી અહીં તેના ભાઈ સાથે રહેતો હતો. હાલ પોક્સો સહિતની અલગ-અલગ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપીના કપડાં કબજે કર્યા છે અને જે સ્થળે આ બનાવ બન્યો છે ત્યાંથી પણ મહત્વના પુરાવા એકત્ર કર્યા છે. આ સાથે એફએસએલના અધિકારીઓ અને ક્રાઈમ એક્સપર્ટ અધિકારીઓને સાથે રાખીને પુરાવા મેળવવામાં આવ્યા છે. આ ઉપરાંત અગાઉ જ્યારે ભોગ બનનારના પિતાએ આરોપીને મેસેજ કરીને દવાઓ વિશે પૂછ્યું હતું, તે તમામ વોટ્સએપ મેસેજ અને ચેટિંગ રિકવર કરવા માટે આરોપીનો મોબાઈલ પણ કબજે લેવામાં આવ્યો છે.

બાળકીના પિતાએ આ મામલે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી વિરુદ્ધ BNS ની કલમ 65(1), 351(3) અને પોક્સો એક્ટ (POCSO Act) ની કલમ 4(2) તથા 6(1) મુજબ ગુનો દાખલ કર્યો છે. પીઆઈ સુધીર રાણાના માર્ગદર્શન હેઠળ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી લીધી છે.

રાજકોટનાં બી-ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર એસ. એસ. રાણેએ જણાવ્યું હતું કે, આ મામલે નોંધાયેલી ફરિયાદ મુજબ છેલ્લા 5 માસથી તેના કાકા આ રીતે ભોગ બનનાર સાથે સંબંધો બનાવી રહ્યા હતા અને તેને ગર્ભ રહે નહીં તે માટે અવારનવાર ગોળીઓ પણ ખવડાવતા હતા. આ ઘટના જ્યારે ભોગ બનનાર અને આરોપી એકલા ઘરે હોય એવા સમયે બનતી હતી. તેઓ સંયુક્ત પરિવારમાં એક જ ઘરમાં સાથે રહેતા હતા, જેથી જ્યારે પણ એવો મોકો મળતો અને બંને એકલા હોય ત્યારે આરોપી સમયનો લાભ ઉઠાવી, ધમકાવી ભોગ બનનાર સાથે દુષ્કર્મ આચરતો હતો.

વધુમાં તેમણે જણાવ્યું કે, આ આરોપીની પત્ની છેલ્લા 8 માસથી રિસામણે તેના પિયર મધ્ય પ્રદેશ ખાતે ગયેલી છે અને તે રિસામણે હોવાથી આરોપી અહીં તેના ભાઈ સાથે રહેતો હતો. હાલ પોક્સો સહિતની અલગ-અલગ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપીના કપડાં કબજે કર્યા છે અને જે સ્થળે આ બનાવ બન્યો છે ત્યાંથી પણ મહત્વના પુરાવા એકત્ર કર્યા છે. આ સાથે એફએસએલના અધિકારીઓ અને ક્રાઈમ એક્સપર્ટ અધિકારીઓને સાથે રાખીને પુરાવા મેળવવામાં આવ્યા છે. આ ઉપરાંત અગાઉ જ્યારે ભોગ બનનારના પિતાએ આરોપીને મેસેજ કરીને દવાઓ વિશે પૂછ્યું હતું, તે તમામ વોટ્સએપ મેસેજ અને ચેટિંગ રિકવર કરવા માટે આરોપીનો મોબાઈલ પણ કબજે લેવામાં આવ્યો છે.

સર્કિટ હાઉસમાં ગંગાજળ છાંટી શુદ્ધિકરણ

# રાજકોટમાં પૂર્વ કોર્પોરેટર દ્વારા લાંચ માંગવાના મામલે કોંગ્રેસનો રામ ધૂન બોલાવી આશ્ચર્યજનક વિરોધ, પોલીસ દ્વારા અટકાયત કરાઈ

કોંગ્રેસના કાર્યકરો

ગંભીર ગણાવતા કોંગ્રેસે માગ કરી છે કે સર્કિટ હાઉસના સીસીટીવી ફૂટેજ જાહેર કરવામાં આવે

• રાજકોટ

રાજકોટમાં ભારતીય જનતા પાર્ટીના પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણા દ્વારા ગેરકાયદે બાંધકામ અને પ્લાન કમ્પ્લીશનના નામે સામાન્ય નાગરિકો પાસેથી લાખો રૂ.ની લાંચ માંગવામાં આવતી હોવાના કથિત વિડીયો વાયરલ થતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. આ ભ્રષ્ટાચારના આક્ષેપોને લઈ રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આક્રમક રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના કાર્યકરોએ શહેરના સર્કિટ હાઉસ ખાતે પહોંચીને ગંગાજળ છાંટી 'શુદ્ધિકરણ'નો કાર્યક્રમ યોજ્યો હતો. તેમજ રામધૂન બોલાવી આશ્ચર્યજનક વિરોધ કરતા જ પોલીસ દ્વારા ટીંગાટોળી સાથે અટકાયત કરાઈ હતી. કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કર્યો



હતો કે, ભાજપના શાસકો સરકારી મિલકતો જેવી કે સર્કિટ હાઉસને પોતાનો અડ્ડો બનાવીને ત્યાં બેસીને જનતાને લૂંટવાનું કામ કરી રહ્યા છે. વાયરલ થયેલા વિડીયોમાં પણ પૂર્વ કોર્પોરેટર દ્વારા 3 લાખ, 4 લાખ અને તેમાંથી 1.50 લાખ રૂ. જેવી રકમની લેતીદેતીની વાતો કરવામાં આવી રહી છે. એટલું જ નહીં, સર્કિટ હાઉસના કોન્ફરન્સ રૂમ ખોલાવવા માટે દબાણ કરવામાં આવતું હોવાનો ઉલ્લેખ પણ તેમાં કરવામાં આવ્યો છે. ઘટનાને ગંભીર ગણાવતા કોંગ્રેસે માગ કરી છે કે સર્કિટ હાઉસના સીસીટીવી ફૂટેજ જાહેર કરવામાં આવે જેથી સત્ય બહાર આવી શકે. NSUIનાં પૂર્વ પ્રમુખ અને કોંગ્રેસના નેતા આદિત્યસિંહ ગોહિલે જણાવ્યું કે, છેલ્લા 2-3 દિવસથી રાજકોટની જનતામાં અને મીડિયા દ્વારા ભાજપના પૂર્વ નગરસેવક અનિલ મકવાણા જે રીતે સામાન્ય નાગરિકો પાસેથી પ્લાન કમ્પ્લીશન અને ખોટા બાંધકામના નામે 3 લાખ, 4 લાખ અને તેમાંથી 1.50 લાખ રૂ. લેવાની વાતો કરી રહ્યા છે તે ગંભીર બાબત છે. સર્કિટ હાઉસના ટેબલ ઉપરથી એવું કહેવામાં આવે છે કે કોન્ફરન્સ રૂમ ખોલી આપો, આ અમારું સર્કિટ હાઉસ છે અને અમારે અહીં બેસવાનું જ હોય. વધુમાં તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ પક્ષ દ્વારા આજે સર્કિટ હાઉસનું શુદ્ધિકરણ કરવા માટે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. ભાજપના શાસકો સર્કિટ હાઉસને પોતાનો અડ્ડો બનાવીને જનતાને લૂંટવાનું કામ કરી રહ્યા છે. અમે સર્કિટ હાઉસના મેનેજરને પણ અમે પૂછ્યું છે કે કયા ધારાસભ્યના દબાણથી તેમને કોન્ફરન્સ રૂમ ખોલવાની પરવાનગી આપવામાં આવી? અંતમાં તેમણે જનતાને અપીલ કરી હતી કે જો કોઈ પણ ભાજપનો સત્તાધીશ તમને દબાવતો હોય કે તોડ કરતો હોય, તો શહેર કોંગ્રેસ કાર્યાલયનો સંપર્ક કરજો, કોંગ્રેસ તમને ન્યાય અપાવશે. વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ સર્કિટ હાઉસમાં બેસીને રામધૂન બોલાવી હતી અને 'ભાજપ હાય હાય' ના સૂત્રોચ્ચાર કર્યા હતા. કાર્યકરોએ હાથમાં બેનરો રાખ્યા હતા જેમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધનાં સૂત્રો અને સીસીટીવી જાહેર કરવાની માગ કરવામાં આવી હતી.

# બપોરના 1થી 4 સુધી શહેરના તમામ ટ્રાફિક સિગ્નલો બંધ રહેશે

## કોરાટ ચોકથી કાળીપાટ ચોક સુધીનો રસ્તો 5 જૂન સુધી બંધ

• રાજકોટ

રાજકોટ શહેરમાં ઉનાળાની શરૂઆતે જ તાપમાનનો પારો ઊંચકાતા નાગરિકોને હીટવેવથી બચાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા અને શહેર પોલીસ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ સંયુક્ત નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી દિવસોમાં ઉગ્ર ગરમી પડવાની શક્યતાને જોતા હીટવેવ એક્શન પ્લાન અંતર્ગત હવેથી શહેરના તમામ ટ્રાફિક સિગ્નલો બપોરે 1:00થી 4:00 વાગ્યા દરમિયાન બંધ રાખવામાં આવશે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય વાહનચાલકોને બપોરના આકરા તડકામાં સિગ્નલ પર ઊભા રહેવામાંથી મુક્તિ અપાવવાનો અને લૂ લાગવાની ઘટનાઓ અટકાવવાનો છે. આ સમયગાળા દરમિયાન ટ્રાફિકનું સંચાલન જરૂરિયાત મુજબ પોલીસ દ્વારા કરવામાં આવશે.

ગરમીના પ્રકોપ સામે રક્ષણ મેળવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ખાસ માર્ગદર્શિકા પણ જાહેર કરવામાં આવી છે. નાગરિકોને અપીલ કરાઈ છે કે, બપોરે 12થી 4 વાગ્યા સુધી બિનજરૂરી બહાર ન નીકળવું અને જો બહાર જવું અનિવાર્ય હોય તો માથું છત્રી કે રૂમાલથી ઢાંકવું. શરીરમાં પાણીનું સ્તર જાળવી રાખવા માટે વધુ પ્રમાણમાં પાણી, છાશ અને લીંબુ પાણી જેવા પ્રવાહી લેવા તેમજ હળવા રંગના સુતરાઉ કપડાં પહેરવા હિતાવહ છે. ખાસ કરીને વૃદ્ધો અને બાળકોની વિશેષ સંભાળ રાખવી અને જો ચક્કર કે ઉલટી જેવા લક્ષણો જણાય તો તુરંત નજીકના આરોગ્ય કેન્દ્રોનો સંપર્ક કરવા પણ આરોગ્ય અધિકારી દ્વારા જણાવાયું છે.

રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળ હસ્તકના રિંગ રોડ-2, ફેઝ-3 (ગોંડલ રોડથી ભાવનગર રોડ) પર રિસર્ફેસિંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરી દરમિયાન અકસ્માતો નિવારવા અને ટ્રાફિક વ્યવસ્થા જાળવી રાખવા માટે અધિક જિલ્લા કલેક્ટર એન. કે. મુછાર દ્વારા કોરાટ ચોકથી કાળીપાટ ચોક સુધીના માર્ગ પર ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા ભારે અને હળવા વાહનો માટે વૈકલ્પિક માર્ગો નક્કી કરવામાં આવ્યા છે, જેથી મુસાફરોને હાલાકી ન ભોગવવી પડે. નવા જાહેરનામા મુજબ, ભારે વાહનચાલકો 5 જૂન, 2026 સુધી NH-27 (કોરાટ ચોકથી આજી ડેમ ચોક) અને SH-25 રાજકોટ-ભાવનગર રોડ (આજી ડેમ ચોકથી કાળીપાટ ચોક)નો વૈકલ્પિક માર્ગ તરીકે ઉપયોગ કરી શકશે. હળવા વાહનો માટે બે તબક્કામાં વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં 20 માર્ચ, 2026 સુધી લાપાસરીથી વડાળી ચોકડી અને ત્યારબાદ 20 માર્ચથી 25 એપ્રિલ, 2026 સુધી વડાળીથી કાળીપાટ ચોકડીના માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે. આ આદેશ 9 એપ્રિલ, 2026 સુધી અમલમાં રહેશે. જોકે પોલીસ-ઈમરજન્સી સેવાના વાહનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. રાજકોટ શહેરમાં વ્યવસાયિક એકમોમાં ઘરેલું ગેસ સિલિન્ડરના ગેરકાયદેસર વપરાશ સામે પુરવઠા વિભાગે લાલ આંખ કરી છે. આજે 13 માર્ચે જિલ્લા પુરવઠા અધિકારીના માર્ગદર્શન હેઠળ મામલતદાર (પશ્ચિમ) અને પુરવઠા નિરીક્ષકની ટીમ દ્વારા જે. કે. ચોક અને યુનિવર્સિટી રોડ જેવા ધમધમતા વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

નરક જેવી સ્થિતિમાં ભણવું કઇ રીતે?

# જસદણની સરકારી કન્યા શાળાના ઉંબરે જ ગંદકીના થરમાંથી પસાર થવા વિદ્યાર્થિનીઓ મજબૂર

• જસદણ

જસદણ શહેરના જૂના બસ સ્ટેન્ડ પાસે આવેલી સરકારી કન્યા પ્રાથમિક શાળા હાલ તંત્રની ઘોર ઉપેક્ષાનો શિકાર બની છે. શાળાના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ છેલ્લા લાંબા સમયથી ગટરના ગંદા પાણી વહી રહ્યા છે અને કચરાના ગંજ ખડકાયા છે. શિક્ષણના મંદિર સમાન આ શાળાના દ્વારે ફેલાયેલી અતિશય ગંદકી અને દુર્ગંધના કારણે નાની બાળાઓનું સ્વાસ્થ્ય જોખમમાં મુકાયું છે. શાળાના મુખ્ય દરવાજા પાસે જ ગટર ઉભરાતી હોવાથી દીકરીઓને દરરોજ આ ગંદા પાણીમાંથી પસાર થઈને શાળામાં પ્રવેશવું પડે છે. કચરાના ઢગલા અને ગંદા પાણીને કારણે અહીં ભયંકર મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. અસહ્ય દુર્ગંધના કારણે વર્ગખંડોમાં બેસવું પણ મુશ્કેલ બન્યું છે, જેને પગલે માસૂમ બાળાઓમાં રોગચાળો ફેલાવવાની પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે. એક તરફ સરકાર બેટી બચાવો, બેટી પઢાવોના નારા લગાવે છે, ત્યારે બીજી તરફ જસદણની દીકરીઓ નર્ક જેવી સ્થિતિમાં ભણવા મજબૂર છે. આ ગંભીર સમસ્યા અંગે શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા જસદણ નગરપાલિકામાં અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. જવાબદાર અધિકારીઓને આ સમસ્યાથી વાકેફ કરવામાં આવ્યા હોવા છતાં, આજદિન સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. તાત્કાલિક આ ગટર, ગંદકીનો કાયમી નિકાલ કરી શાળાનું વાતાવરણ સ્વચ્છ બનાવાય તેવી વાલીઓએ માગણી કરી છે. જસદણ નગરપાલિકાના અધિકારીઓને શાળાના દ્વારે ફેલાયેલી આ ગંદકી દેખાતી નથી?, કન્યા શાળા જેવા સંવેદનશીલ સ્થળે સફાઈ માટે આટલો વિલંબ કેમ?, જો કોઈ બાળા ગંભીર બીમારીનો ભોગ બનશે, તો તેની જવાબદારી કોણ લેશે? વગેરે વેધક સવાલો વાલીઓમાં ઉઠી રહ્યા છે.

હાજીઓમાં વ્યાપ્યો રોષ:અમદાવાદથી ફ્લાઇટ

# ફૂલ થતાં 350 હાજીઓને મુંબઇ એરપોર્ટ ફળવાયું

• ગોધરા

ગોધરા હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ-2026 માટે જાહેર કરાયેલા ફ્લાઈટ એલોટમેન્ટમાં મોટી છબરડો સામે આવતા હજયાત્રીઓમાં ભારે અસંતોષ ફેલાયો છે. અમદાવાદ એમ્બાર્કેશન (એરપોર્ટ)ની તમામ ફ્લાઈટ્સ પેક થઈ જવાનું કારણ ધરીને પંચમહાલના 50 સહિત ગુજરાતના અંદાજે 350 જેટલા હાજીઓને મુંબઈ એરપોર્ટ ફાળવી દેવામાં આવતા હાજીઓ મુશ્કેલીમાં મુકાયા છે. પોતાની પસંદગીનું એરપોર્ટ ન મળતા હાજીઓએ લેખિતમાં વિરોધ નોંધાવી અમદાવાદથી જ ફ્લાઈટ ફાળવવા માગ કરી છે. હજ કમિટી દ્વારા ફોર્મ ભરતી વખતે યાત્રીઓને અમદાવાદ અને મુંબઈ એરપોર્ટ પસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. મોટાભાગના ગુજરાતી યાત્રીઓએ પોતાના ઘરની નજીક હોવાથી અમદાવાદની પસંદગી કરી હતી. જોકે, ફ્લાઈટ એલોટમેન્ટ સમયે જેઓની તારીખ જાહેર નહોતી થઈ, તેવા 300થી વધુ યાત્રીઓને અચાનક મુંબઈ ટ્રાન્સફર કરી દેવામાં આવતા હજયાત્રીઓમાં ભારે રોષ ફેલાયો છે. અનેક યાત્રીઓ કે જેઓ બે વ્યક્તિઓના કવરમાં જવાના છે, તેઓએ જણાવ્યું કે, હજ કમિટીએ અમને તારીખ ગમે તે આપવાની છૂટ આપી હતી. પણ એરપોર્ટ બદલી નાખતા હાજીઓ માટે મુસીબત ઊભી થઈ છે. ગુજરાતના રહેવાસી હોવાથી હાજીઓએ પોતાની તમામ સ્થાનિક મુસાફરી અને રહેવાની વ્યવસ્થા અમદાવાદને કેન્દ્રમાં રાખીને પૂર્ણ કરી લીધી છે. હવે અચાનક મુંબઈ જવાનું નક્કી થતા 500 કિમીથી વધુનો લાંબો પ્રવાસ કરવો પડશે. આ પવિત્ર યાત્રા શરૂ થાય તે પહેલા જ હાજીઓને બિનજરૂરી શારીરિક થાક અને માનસિક તણાવ વેઠવો પડશે તેવી ભીતિ સેવવામાં આવી રહી છે.

સૌરાષ્ટ્રભરનાં વેપાર ઉદ્યોગને લાભ મળશે

# રાજકોટ રેલવે દ્વારા હાપા યાર્ડમાં રૂ. 35.41 કરોડના ખર્ચે આધુનિક સંયુક્ત વેગન શેડ તૈયાર

• રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને રેલવે માલપરિવહન ક્ષેત્રે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. હાપા યાર્ડ ખાતે રૂ. 35.41 કરોડના ખર્ચે માલગાડીના વેગનની જાળવણી અને મરામત માટે અત્યાધુનિક સંયુક્ત વેગન શેડનું નિર્માણ કાર્ય ગતિ શક્તિ યુનિટ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે. રેલવે તંત્ર દ્વારા માત્ર 1.5 વર્ષના ટૂંકા ગાળામાં આ પ્રોજેક્ટનું 95 ટકા કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે, જે રેલવેની કાર્યક્ષમતાનો પરિચય આપે છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં માત્ર રાજકોટ નહીં પરંતુ સૌરાષ્ટ્રભરનાં વેપાર ઉદ્યોગને તેનો મોટો લાભ મળશે. અને ઉદ્યોગકારોનાં માલસમાનનું પરિવહન ઝડપી બનવાની સાથે રેલવેની આવકમાં પણ વધારો થશે. રોડ સેફ્ટી (ચર્ચગેટ)ના મુખ્ય વહીવટી અધિકારી અમિત મનુવાલ અને રાજકોટ ડીઆરએમ ગિરિરાજ કુમાર મીનાના માર્ગદર્શન હેઠળ મુખ્ય પ્રોજેક્ટ મેનેજર સુધીર દુબે અને તેમની ટીમ દ્વારા આ નવો વેગન શેડ બનાવાયો છે. જે 172 મીટર લાંબો અને 25 મીટર પહોળો છે, તો તેની ઊંચાઈ 16.5 મીટર રાખવામાં આવી છે. આધુનિક સ્થાપત્ય શૈલી મુજબ તેમાં ટ્રસ વગરની હળવા વજનની પ્રોફલેક્સ રૂફ શીટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શેડની અંદર વેગનની મરામત માટે પણ 3 રેલવેટ્રેક બિછાવવામાં આવ્યા છે. અધિનિક વેગન શેડમાં ભારે મશીનરીના ઉપયોગ સામે ફ્લોરિંગ સુરક્ષિત રહે તે માટે ખાસ હાર્ડોનાઈટ ફ્લોરિંગ તૈયાર કરાયું છે. કર્મચારીઓની સુરક્ષા અને કાર્યક્ષમતા વધારવા માટે વેગનના ઉપરના ભાગના નિરીક્ષણ માટે ઈન્સ્પેક્શન ગેન્ટ્રી અને દર 17 મીટરના અંતરે ઈન્સ્પેક્શન પ્લેટફોર્મની સુવિધા આપવામાં આવી છે. આ સુવિધાને કારણે કર્મચારીઓ હવે અત્યંત સુરક્ષિત રીતે વેગનની તપાસ કરી શકશે. તેમજ વેગન શેડની સાથે સાથે અહીં કર્મચારીઓની સુવિધા માટે એક આધુનિક વહીવટી ભવન પણ નિર્મિત કરવામાં આવ્યું છે. અન્ય સુવિધાઓની વાત કરીએ તો 78 મીટર લાંબા આ ભવનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર 10 અને પ્રથમ માળે 12 રૂમ બનાવવામાં આવ્યા છે. જેમાં રેલવેમાં કાર્યરત મહિલા કર્મચારીઓની સુવિધા માટે અલગ મહિલા વિશ્રામ ખંડની વિશેષ વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત, આખા પરિસરમાં સીસી રોડ, અંડરગ્રાઉન્ડ વોટર ટેન્ક અને વિશાળ પાર્કિંગ એરિયા વિકસાવવામાં આવ્યો છે, જેથી કામકાજ દરમિયાન શિસ્ત અને સુવિધા જળવાઈ રહે. આ નવા શેડના નિર્માણથી રાજકોટ ડિવિઝનની માલવાહક ક્ષમતામાં અનેકગણો વધારો થશે. રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, આ સુવિધા શરૂ થવાથી હાપા યાર્ડમાં ભીડ ઘટશે અને વેપારીઓ તેમજ ઉદ્યોગોને માલ લોડિંગ માટે વેગન વધુ ઝડપથી મળી રહેશે. આધુનિક ટેકનિકલ પરીક્ષણો હવે સ્થાનિક સ્તરે જ શક્ય બનતા સમય અને નાણાંની પણ મોટી બચત થશે. આમ, આ નવો વેગન શેડ રેલવેની આવકમાં વધારો કરવાની સાથે સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગ માટે પણ આશીર્વાદરૂપ સાબિત થશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

ગંભીર 2 ICC ટ્રોફી જીતનારા પ્રથમ ભારતીય કોચ

# ગાંગુલીએ કહ્યું-અસલી પરીક્ષા 2027 વર્લ્ડ કપમાં થશે, ટેસ્ટ ક્રિકેટમાં પીચનો મોહ છોડવો પડશે

આ પહેલાં તેમની કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયાએ 2025માં ચેમ્પિયન્સ ટ્રોફી પણ જીતી હતી. જોકે પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનું કહેવું છે કે ગંભીરની અસલી પરીક્ષા 2027ના વન-ડે વર્લ્ડ કપમાં થશે. ગાંગુલીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે 2027નો વર્લ્ડ કપ સાઉથ આફ્રિકામાં રમાશે અને ત્યાંની પરિસ્થિતિઓ ટીમ અને કોચ બંનેને પડકાર આપશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ગંભીર વર્તમાન ટીમ સાથે ત્યાં પણ સારું પ્રદર્શન કરી શકે છે.2023ના વન-ડે વર્લ્ડ કપમાં ભારતે ફાઈનલ સુધી અજેય સફર ખેડ્યો હતો, પરંતુ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ગંભીરે 2011માં ખેલાડી તરીકે વર્લ્ડ કપ જીત્યો હતો, હવે તેમના પર કોચ તરીકે ભારતને વન-ડેનો વિશ્વ વિજેતા બનાવવાનું દબાણ છે.2027નો વન-ડે વર્લ્ડ કપ ભારતના બે દિગ્ગજ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલી માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. અટકળો લગાવવામાં આવી રહી છે કે આ બંને દિગ્ગજોના કરિયરનો છેલ્લો વર્લ્ડ કપ હોઈ શકે છે.આવી સ્થિતિમાં, ગંભીરના ખભા પર આ દિગ્ગજોને યાદગાર વિદાય આપવાની જવાબદારી પણ રહેશે. તેણે આગળ કહ્યું કે ભારતને ઘરેલું મેદાનો પર સ્પિનને મદદરૂપ (ટર્નર્સ) પીચ પર રમવાની જરૂર



નથી. સારી પીચ જ સારા પરિણામો આપશે. સૌરવ ગાંગુલીએ ગંભીરનું સમર્થન કરતા કહ્યું કે તે એક ખૂબ સારા કોચ છે. તેમણે યાદ અપાવ્યું કે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલા પણ તેમણે કહ્યું હતું કે ગંભીરને થોડો સમય આપવાની જરૂર છે. ગાંગુલીના મતે, 'વ્હાઈટ બોલ કોચ તરીકે તે ખૂબ સારા છે, ખાસ કરીને ભારતીય પરિસ્થિતિઓમાં. તેમની પાસે એક શાનદાર ટીમ છે.' IPL 2026ની સીઝન પછી ગંભીરનું સંપૂર્ણ ધ્યાન ટેસ્ટ અને વન-ડે ક્રિકેટ પર રહેશે.ગાંગુલીએ રેડ બોલ એટલે કે ટેસ્ટ ક્રિકેટમાં પ્રદર્શન સુધારવા માટે ગંભીરને ખાસ સલાહ આપી છે. તેમણે કહ્યું કે ગંભીરને પીચ વિશે ઓછું વિચારવું પડશે. ગાંગુલીએ કહ્યું, 'તેને વિકેટની ચિંતા પોતાના મગજમાંથી કાઢી નાખવી પડશે. ઈંગ્લેન્ડ સિરીઝને જ જોઈ લો, તે પીચ વિશે કંઈ કરી શક્યા નહીં અને પરિણામો બધાની સામે છે.'તેણે આગળ કહ્યું કે ભારતને ઘરેલું મેદાનો પર સ્પિનને મદદરૂપ (ટર્નર્સ) પીચ પર રમવાની જરૂર નથી. સારી પીચ જ સારા પરિણામો આપશે. સૌરવ ગાંગુલીએ ગંભીરનું સમર્થન કરતા કહ્યું કે તે એક ખૂબ સારા કોચ છે. તેમણે યાદ અપાવ્યું કે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલા પણ તેમણે કહ્યું હતું કે ગંભીરને થોડો સમય આપવાની જરૂર છે. ગાંગુલીના મતે, 'વ્હાઈટ બોલ કોચ તરીકે તે ખૂબ સારા છે, ખાસ કરીને ભારતીય પરિસ્થિતિઓમાં. તેમની પાસે એક શાનદાર ટીમ છે.' IPL 2026ની સીઝન પછી ગંભીરનું સંપૂર્ણ ધ્યાન ટેસ્ટ અને વન-ડે ક્રિકેટ પર રહેશે.

વિવાદ

રનઆઉટના ચક્કરમાં બાંગ્લાદેશ-પાકિસ્તાન વચ્ચે વિવાદ

# નાટકીય અંદાજમાં સલમાન અલીને BAN કેપ્ટને પેવેલિયન ભેગો કરતા મેદાન પર જ દલીલ થઈ

**ઢાકામાં રમાયેલી આ મેચમાં તે સારી લયમાં જોવા મળી રહ્યો હતો અને અડધી સદી ફટકારીને રમી રહ્યો હતો**

• ઢાકા

પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ રહેલી બીજી વનડે મેચ દરમિયાન સલમાન અલી આગા અજીબોગરીબ રીતે રન આઉટ થઈને પેવેલિયન પરત ફર્યો હતો. ઢાકામાં રમાયેલી આ મેચમાં તે સારી લયમાં જોવા મળી રહ્યો હતો અને અડધી સદી ફટકારીને રમી રહ્યો હતો, પરંતુ બાંગ્લાદેશના કેપ્ટન મેહદી હસનની ચાલાકીના કારણે તે રન આઉટ થઈ ગયો. જોકે, સલમાન આ રીતે આઉટ થવાથી ખુશ નહોતો અને પેવેલિયન પરત ફરતી વખતે ગુસ્સામાં જોવા મળ્યો હતો. તેણે બાઉન્ડરી લાઈન પાસે પહોંચતા જ પોતાનું હેલ્મેટ અને ગ્લવ્સ પણ ફેંકી દીધા હતા. સલમાન અલીના આ રીતે આઉટ થવાથી ક્રિકેટના મેદાન પર ફરી એકવાર 'ખેલદિલી'ને લઈને ચર્ચા જાગી છે આ ઘટના પાકિસ્તાનની ઈનિંગની 39મી ઓવરમાં બની હતી. PAK ક્રિકેટરને ખરીદવા પર કાવ્યા મારન ટ્રોલ થઈ: અબરાર અહેમદને વિદેશી લીગમાં અંદાજે 2.34 કરોડમાં ખરીદ્યો; BCCIએ પણ ખુલાસો કરવો પડ્યો લંડનમાં ધ હન્ડ્રેડ (The Hundred 2026) ઓક્શનમાં સનરાઈઝર્સ લીડ્સે પાકિસ્તાની સ્પિનર



અબરાર અહેમદને 1.90 લાખ પાઉન્ડ (અંદાજે 2.34 કરોડ રૂપિયા)માં ખરીદ્યો છે. ત્યારે ઈન્ડિયન ફેન્સે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરતા કાવ્યા મારનને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરી. વિવાદ વધતા BCCIનું નિવેદન પણ આવી ગયું છે. ઓવરના ચોથા બોલ પર મોહમ્મદ રિઝવાને ઓન સાઈડ તરફ બોલને પુશ કર્યો. બોલની સ્પીડ બહુ વધારે નહોતી, તેથી બોલિંગ કરી રહેલા મેહદી હસન મિરાજ બોલ પકડવા માટે દોડ્યો. આ દરમિયાન વચ્ચે સલમાન અલી આગા આવી ગયો અને બંને ખેલાડીઓ વચ્ચે થોડી ટક્કર પણ થઈ.આ દરમિયાન બોલ સલમાનના પગ પાસે જઈને રોકાયો. સલમાને બોલને ઉભેલો જોઈ તેને ઉઠાવવાની કોશિશ કરી, પણ તે ભૂલી ગયો કે તે ક્રિઝની બહાર ઉભો છે. બાંગ્લાદેશના કેપ્ટન મિરાજે સલમાન પહેલા બોલ ઉઠાવી લીધો અને સ્ટમ્પ પર થ્રો કર્યો. બોલ સ્ટમ્પને અડતાની સાથે જ રન આઉટની અપીલ થઈ, જેને અમ્પાયરે થર્ડ અમ્પાયર પાસે રિફર કરી, જ્યાં અમ્પાયરે સલમાનને રન આઉટ જાહેર કર્યો.સલમાન બાંગ્લાદેશના કેપ્ટન મેહદી હસનને એ સમજાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો કે તે બોલ ઉઠાવીને આપી રહ્યો હતો, પરંતુ હસને કહ્યું કે તે ક્રિઝની બહાર હતો. સલમાન ભારે ગુસ્સામાં પેવેલિયન તરફ પરત ફર્યો. આ દરમિયાન મોહમ્મદ રિઝવાને બાંગ્લાદેશી ખેલાડીઓને શાંત રહેવાની અપીલ કરી હતી, જેઓ ખૂબ જ આક્રમક મૂડમાં જોવા મળી રહ્યા હતા.PAK ક્રિકેટરને ખરીદવા પર કાવ્યા મારન ટ્રોલ થઈ: અબરાર અહેમદને વિદેશી લીગમાં અંદાજે 2.34 કરોડમાં ખરીદ્યો; BCCIએ પણ ખુલાસો કરવો પડ્યો લંડનમાં ધ હન્ડ્રેડ (The Hundred 2026) ઓક્શનમાં સનરાઈઝર્સ લીડ્સે પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને 1.90 લાખ પાઉન્ડ (અંદાજે 2.34 કરોડ રૂપિયા)માં ખરીદ્યો છે. ત્યારે ઈન્ડિયન ફેન્સે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરતા કાવ્યા મારનને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરી. વિવાદ વધતા BCCIનું નિવેદન પણ આવી ગયું છે.

ભારતીય મહિલાઓમાં ક્રિકેટનો ક્રેઝ વધ્યો: યુપીમાં 10% મહિલાઓ ક્રિકેટ રમી રહી છે

# 2020ની સરખામણીમાં ભાગીદારી બમણી, 15-24 વર્ષની 16% છોકરીઓ રમી રહી છે

**ભારતીય મહિલા ક્રિકેટ ટીમની તાજેતરની સફળતાઓનો પણ પ્રભાવ જોવા મળી રહ્યો છે**

ભારતમાં મહિલાઓ વચ્ચે ક્રિકેટ રમવાની સંખ્યા ઝડપથી વધી છે. એક નવા સરવે મુજબ 2020 પછી 14 રાજ્યોમાં મહિલાઓની ભાગીદારી બમણી થઈ ગઈ છે.બીબીસી અને કલેક્ટિવ ન્યૂઝરૂમથી કરેલા આ સરવેમાં 10 હજારથી વધુ મહિલાઓને સામેલ કરવામાં આવી હતી. તેમાં જાણવા મળ્યું કે 2020માં જ્યાં માત્ર 5% મહિલાઓએ ક્રિકેટ રમવાની વાત કહી હતી, હવે આ આંકડો વધીને 10% થઈ ગયો છે.યુવા મહિલાઓમાં વૃદ્ધિ વધુ ઝડપી છે. 15 થી 24 વર્ષની 16% છોકરીઓ ક્રિકેટ રમે છે, જ્યારે 2020માં આ આંકડો 6% હતો. આ જ ઉંમર વર્ગની દર ચારમાંથી એક છોકરીએ રમતને કારકિર્દી વિકલ્પ તરીકે વિચારવાની વાત પણ કહી છે. સરવેમાં એ પણ જણાવવામાં આવ્યું કે બેડમિન્ટનમાં પણ મહિલાઓની ભાગીદારી વધી છે, ખાસ કરીને પંજાબ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં. જોકે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સુરક્ષા સંબંધિત



ચિંતાઓ હજુ પણ એક મોટી અડચણ છે. જે મહિલાઓ કોઈ રમત નથી રમતી, તેમાંથી 13% એ સુરક્ષાને કારણ જણાવ્યું. ભારતે 2 નવેમ્બરે સાઉથ આફ્રિકાને 52 રનથી હરાવીને વિમેન્સ વર્લ્ડકપમાં પોતાનો પ્રથમ ખિતાબ જીત્યો હતો. આખી ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરનાર દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવી હતી.

રિપોર્ટ અનુસાર, ભારતીય મહિલા ક્રિકેટ ટીમની તાજેતરની સફળતાઓનો પણ પ્રભાવ જોવા મળી રહ્યો છે. ટીમે તાજેતરમાં જ પોતાનો પ્રથમ વન-ડે વર્લ્ડ કપ જીત્યો અને ઓસ્ટ્રેલિયાને ત્રણ મેચની T20 સિરીઝમાં હરાવ્યું.

સરવેમાં એ પણ સામે આવ્યું કે મહિલાઓ વચ્ચે ક્રિકેટ હવે પરંપરાગત રમત કબડ્ડીથી ઘણું આગળ નીકળી ગયું છે. 2020માં બંને રમતો વચ્ચેનો તફાવત ઓછો હતો, પરંતુ હવે ક્રિકેટ આગળ છે.મોટાભાગના રાજ્યોમાં મહિલાઓની ભાગીદારી વધી છે. ઉત્તર પ્રદેશમાં તો આ આંકડો 1% થી વધીને 10% સુધી પહોંચી ગયો છે. સાથે જ પુરુષ અને મહિલા ખેલાડીઓ વચ્ચેનો તફાવત પણ ઓછો થયો છે. હવે દરેક એક મહિલા ખેલાડી પર ત્રણ પુરુષ ખેલાડી છે, જ્યારે 2020 માં આ ગુણોત્તર એકની સરખામણીમાં પાંચ હતો.

કારકિર્દી તરીકે રમતને જોતી 15-24 વર્ષની 26% છોકરીઓ છે, જે 2020માં 16% હતી. તમિલનાડુમાં આ આંકડો 27%, મધ્ય પ્રદેશ અને મેઘાલયમાં 19-19% નોંધવામાં આવ્યો.

સરવેમાં એ પણ જણાવવામાં આવ્યું કે બેડમિન્ટનમાં પણ મહિલાઓની ભાગીદારી વધી છે, ખાસ કરીને પંજાબ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં. જોકે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સુરક્ષા સંબંધિત ચિંતાઓ હજુ પણ એક મોટી અડચણ છે. જે મહિલાઓ કોઈ રમત નથી રમતી, તેમાંથી 13% એ સુરક્ષાને કારણ જણાવ્યું. ભારતે 2 નવેમ્બરે સાઉથ આફ્રિકાને 52 રનથી હરાવીને વિમેન્સ વર્લ્ડકપમાં પોતાનો પ્રથમ ખિતાબ જીત્યો હતો. આખી ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરનાર દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવી હતી.

# વિન્ટેજ કારમાં નીકળશે કુલદીપ યાદવનો વરઘોડો:દિલ્હીના ઢોલનું ભાડું એક લાખ રૂપિયા

• મસૂરી

ક્રિકેટર કુલદીપ યાદવ આજે (14 માર્ચ) તેની બાળપણના મિત્ર વંશિકા સિંહ સાથે લગ્ન કરશે. મસૂરીની ITC સેવોય હોટેલમાં છેલ્લા ત્રણ દિવસથી લગ્ન સમારોહ ચાલી રહ્યો છે. મસૂરીના લાઈબ્રેરી ચોક રોડ પર સવારે 11 વાગ્યાથી ત્રણ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો.શુક્રવારે મોડી સાંજે આયોજિત સંગીત અને કોકટેલ સમારોહમાં ક્રિકેટર સુરેશ રૈના, રિંકુ સિંહ અને યુઝવેન્દ્ર ચહલે વરરાજા સાથે ડાન્સ કર્યો હતો. દિલ્હીના સૂફી ગાયક અને લાઈવ પર્ફોર્મર બિસ્મિલે પણ પર્ફોર્મ કર્યું હતું. હોટેલ પરિસરમાં મોડી રાત સુધી ઉજવણીનો માહોલ ચાલુ રહ્યો. દરમિયાન, સુરેશ રૈના વહેલી સવારે પરત ફર્યા. પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફ પણ શનિવારે સવારે મસૂરીમાં પહોંચ્યા. સવારે 9:30 વાગ્યે બધા મહેમાનો માટે નાસ્તો પીરસવામાં આવ્યો હતો, જેમાં કાનપુરની ખાસ ખસ્તા કચોરી અને દાળ વડાનો સમાવેશ થતો હતો.કાર્યક્રમ અનુસાર સાંજે 4 વાગ્યે સાફા બંધાઈની વિધિ થશે. ત્યારબાદ 5 વાગ્યે જાન નીકળશે, 6 વાગ્યે વરમાળા અને રાત્રે 8 વાગ્યે ફેરા થશે. ફેરા પછી મોડી રાત સુધી મંડપની અન્ય પરંપરાગત વિધિઓ પૂર્ણ કરવામાં આવશે.લગ્ન સમારોહમાં ક્રિકેટ જગતમાંથી ઘણા મોટા નામો હાજર રહી





શકે છે. તેમાં ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન રોહિત શર્મા, ટી20 કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરના સામેલ થવાની સંભાવના છે.પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફ પણ શનિવારે સવારે મસૂરીમાં પહોંચ્યા. સવારે 9:30 વાગ્યે બધા મહેમાનો માટે નાસ્તો પીરસવામાં આવ્યો હતો, જેમાં કાનપુરની ખાસ ખસ્તા કચોરી અને દાળ વડાનો સમાવેશ થતો હતો.કાર્યક્રમ અનુસાર સાંજે 4 વાગ્યે સાફા બંધાઈની વિધિ થશે. ત્યારબાદ 5 વાગ્યે જાન નીકળશે, 6 વાગ્યે વરમાળા અને રાત્રે 8 વાગ્યે ફેરા થશે. ફેરા પછી મોડી રાત સુધી મંડપની અન્ય પરંપરાગત વિધિઓ પૂર્ણ કરવામાં આવશે.લગ્ન સમારોહમાં ક્રિકેટ જગતમાંથી ઘણા મોટા નામો હાજર રહી શકે છે. તેમાં ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન રોહિત શર્મા, ટી20 કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરના સામેલ થવાની સંભાવના છે.

# PAK ક્રિકેટરને ખરીદવા પર કાવ્યા મારન ટ્રોલ થઈ:અબરાર અહેમદને વિદેશી લીગમાં અંદાજે 2.34 કરોડમાં ખરીદ્યો

લંડનમાં ધ હન્ડ્રેડ (The Hundred 2026) ઓક્શનમાં સનરાઈઝર્સ લીડ્સે પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને 1.90 લાખ પાઉન્ડ (અંદાજે 2.34 કરોડ રૂપિયા)માં ખરીદ્યો છે. ત્યારે ઈન્ડિયન ફેન્સે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરતા કાવ્યા મારનને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરી. વિવાદ વધતા BCCIનું નિવેદન પણ આવી ગયું છે. લંડનમાં ધ હન્ડ્રેડની પહેલી મેન્સ પ્લેયર્સના ઓક્શન બાદ મોટો વિવાદ ઊભો થયો છે. પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને કાવ્યા મારનની માલિકીની ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ લીડ્સે ખરીદી લીધો, જેના પછી સોશિયલ મીડિયા પર ભારતીય ફેન્સનો ગુસ્સો ફાટી નીકળ્યો છે. આ ફ્રેન્ચાઈઝીની કમાન બિઝનેસમેન કલાનિધિ મારનના સન ગ્રુપ પાસે છે અને ટીમની CEO તેમની પુત્રી કાવ્યા મારન છે. IPLમાં સનરાઈઝર્સ હૈદરાબાદની CEO પણ કાવ્યા જ છે. પાકિસ્તાની ખેલાડીને ખરીદવાના નિર્ણય બાદ સોશિયલ મીડિયા પર કાવ્યા મારનને નિશાના પર લેવામાં આવી અને સોશિયલ મીડિયા પર તેમની જોરદાર આલોચના થઈ.2.34 કરોડમાં ટીમમાં સામેલ થયેલા અબરાર પાકિસ્તાનના લેગ સ્પિનર અબરાર અહેમદની બેઝ પ્રાઈસ આશરે 92.5 લાખ રૂપિયા હતી, પરંતુ ઓક્શનમાં તેને ખરીદવા માટે સનરાઈઝર્સ લીડ્સ અને ટ્રેન્ટ રોકેટ્સ વચ્ચે લાંબી બોલી લાગી. છેવટે સનરાઈઝર્સે 190,000 (લગભગ 2.34 કરોડ રૂપિયા)માં તેને પોતાની ટીમમાં સામેલ કર્યો. અબરાર અહેમદ આ રીતે કોઈ ભારતીય માલિકીની ટીમ માટે 'ધ હન્ડ્રેડ'માં રમનારા પ્રથમ પાકિસ્તાની ખેલાડી બન્યો છે.વિવાદ વધ્યા પછી BCCIએ પણ આ મામલે પ્રતિક્રિયા આપી છે. BCCIના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ સ્પષ્ટ કહ્યું કે આ મામલો બોર્ડના અધિકારક્ષેત્રમાં આવતો નથી. તેમણે કહ્યું- 'આ અમારા અધિકારક્ષેત્રમાં નથી.

## ભારતીય મહિલા હોકી ટીમ વર્લ્ડ કપ ક્વોલિફાયરની ફાઇનલમાં:ઇટાલીને 1-0 થી હરાવ્યું, હવે ટાઇટલ માટે ઈંગ્લેન્ડ સામે ટક્કર

FIH હોકી વર્લ્ડ કપ ક્વોલિફાયર 2026માં ભારતીય મહિલા ટીમ ફાઈનલમાં પહોંચી ગઈ છે. હૈદરાબાદના જીએમસી બાલયોગી હોકી ગ્રાઉન્ડમાં રમાયેલી સેમિફાઈનલમાં ભારતે ઈટાલીને 1-0થી હરાવ્યું. મેચનો એકમાત્ર ગોલ મનીષા ચૌહાણે 40મી મિનિટે કર્યો. ફાઈનલમાં ભારતનો મુકાબલો ઈંગ્લેન્ડ સામે થશે. આ મેચ શનિવારે સાંજે 7:30 વાગ્યે રમાશે. મેચની શરૂઆત ઘણી રોમાંચક રહી. પહેલા ક્વાર્ટરમાં બંને ટીમ મિડફિલ્ડમાં પોઝિશન બનાવવા માટે સંઘર્ષ કરતી જોવા મળી. ભારતે શરૂઆતમાં કેટલાક સારા એટેક કર્યા અને ઈટાલીના સર્કલમાં એન્ટ્રી કરી, પરંતુ ઈટાલીના ડિફેન્સે તેમને રોકી દીધા. ધીમે ધીમે ઈટાલીએ પણ આક્રમક વલણ અપનાવ્યું અને ગોલ કરવાના કેટલાક સારા મોકા બનાવ્યા, પરંતુ ભારતીય ગોલકીપર અને ડિફેન્ડર્સે મુસ્તૈદી બતાવી. FIH હોકી વર્લ્ડ કપ ક્વોલિફાયર 2026ની સેમિફાઈનલમાં ભારત અને ઈટાલીની ટીમ.બીજા ક્વાર્ટરમાં ટીમ ઈન્ડિયાએ મેચ પર પોતાની પકડ મજબૂત કરી. યજમાન ટીમે મેદાનની કિનારીઓનો ઉપયોગ કરીને બોલને આગળ વધાર્યો અને ઈટાલીના ડીમાં સતત હુમલા કર્યા.18મી મિનિટ: ભારતને મેચનો પહેલો પેનલ્ટી કોર્નર મળ્યો. નવનીત કૌરે સીધો શોટ લીધો, જેને ઈટાલીની ગોલકીપર લુસિયા ઈનેસ કારુસોએ શાનદાર રીતે બચાવી લીધો.

**ફ્રેન્ચાઈઝીએ IPL 2026 પહેલાં સાઈન કર્યો, T20 વર્લ્ડકપમાં 13 વિકેટ લીધી**

# મુસ્તફિઝુરની જગ્યાએ ઝિમ્બાબ્વેનો બ્લેસિંગ મુઝરબાની KKRની ટીમમાં સામેલ કર્યો

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ IPL-2026 પહેલા ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર બ્લેસિંગ મુઝરબાનીને પોતાની ટીમમાં સામેલ કર્યો છે. ફ્રેન્ચાઈઝીએ શુક્રવારે આ માહિતી આપી.29 વર્ષના આ ફાસ્ટ બોલરે T20 વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વે તરફથી 13 વિકેટ ઝડપી હતી. તે પોતાની ટીમનો ટૉપ વિકેટ ટેકર્સ રહ્યો છે. ઝિમ્બાબ્વેની ટીમ સુપર-8 સ્ટેજ સુધી પહોંચી હતી. તેની બોલિંગ એવરેજ લગભગ 21ની છે. આ ફૉર્મેટમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 4 વિકેટે 17 રન છે.બ્લેસિંગ મુઝરબાની પ્રથમ વખત ભારતીય લીગની કોઈ મેચમાં ભાગ લેશે. તેણે અત્યાર સુધી IPLની કોઈ પણ મેચ રમી નથી. તેમને ગયા વર્ષે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ છેલ્લી કેટલીક મેચ માટે પોતાની સાથે





જોડ્યો હતો, પરંતુ તેને પ્લેઈંગ-11માં સ્થાન મળ્યું ન હતું. મુઝરબાનીને લુંગી એન્ગિડીની જગ્યાએ ટીમમાં સામેલ કર્યો હતો. એન્ગિડી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલને કારણે છેલ્લી મેચ માટે ઉપલબ્ધ નહોતો.6 ફૂટ 8 ઈંચ લાંબા આ રાઈટ આર્મ ફાસ્ટ બોલરના આવવાથી કોલકાતાનો પેસર બોલિંગ એટેક મજબૂત થશે. તેને T20માં તેની બાઉન્સ અને વિકેટ લેવા માટે ઓળખવામાં આવે છે. મુઝરબાની પોતાની ઊંચાઈ અને ઝડપી ગતિને કારણે એક્સ્ટ્રા બાઉન્સ મેળવે છે, જેનાથી બેટર્સ માટે તેને રમવું પડકારજનક બની જાય છે.ઝિમ્બાબ્વેના આ ઝડપી બોલર પાસે T20 ઈન્ટરનેશનલનો સારો અનુભવ છે. તેણે 89 T20 ઈન્ટરનેશનલ મેચોમાં 106 વિકેટ ઝડપી છે. તેની બોલિંગ એવરેજ લગભગ 21ની છે. આ ફૉર્મેટમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 4 વિકેટે 17 રન છે.બ્લેસિંગ મુઝરબાની પ્રથમ વખત ભારતીય લીગની કોઈ મેચમાં ભાગ લેશે. તેણે અત્યાર સુધી IPLની કોઈ પણ મેચ રમી નથી. તેમને ગયા વર્ષે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ છેલ્લી કેટલીક મેચ માટે પોતાની સાથે જોડ્યો હતો, પરંતુ તેને પ્લેઈંગ-11માં સ્થાન મળ્યું ન હતું. મુઝરબાનીને લુંગી એન્ગિડીની જગ્યાએ ટીમમાં સામેલ કર્યો હતો. એન્ગિડી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલને કારણે છેલ્લી મેચ માટે ઉપલબ્ધ નહોતો.

### નવાઝુદ્દીને એક્ટિંગ માટે ચોકીદારની નોકરી કરી પાપડ વણ્યાં; આંખના પલકારા જેટલાં રોલથી 'ગાયતોંડે' સુધીની સફર

# વડોદરાના વળાંકએ માયાનગરીના મહેલ સુધી પહોંચાડ્યો!

## બ્લેક ફ્રાઈડે, પીપલી લાઈવ અને ન્યૂયોર્ક જેવી ફિલ્મોએ તેમની પ્રતિભાની ઝલક આપી, પરંતુ સાચી ઓળખ 'ગેંગ્સ ઓફ વાસેપુર'થી મળી

નાના કસબા બુઢાણામાંથી નીકળીને બોલિવૂડ સુધીનો પ્રવાસ ખેડનાર નવાઝુદ્દીન સિદ્દીકીની કહાણી સંઘર્ષ, ધૈર્ય અને જુસ્સાનું ઉદાહરણ છે. ખેડૂત પરિવારમાં જન્મેલા નવાઝે બાળપણ સાદગી અને મર્યાદિત સંસાધનો વચ્ચે વિતાવ્યું. કેમિસ્ટની નોકરીથી લઈને દિલ્હીમાં થિયેટર અને પછી મુંબઈમાં નાના-નાના રોલ કરવા સુધી, તેમનો પ્રવાસ સરળ નહોતો.ઘણી ફિલ્મોમાં 1-2 મિનિટની ઝલકથી શરૂઆત કરનાર નવાઝે ક્યારેય હાર ન માની. ધીમે ધીમે તેના અભિનયની સચ્ચાઈએ દર્શકો અને ફિલ્મ નિર્માતાઓનું ધ્યાન ખેંચ્યું.બ્લેક ફ્રાઈડે, પીપલી લાઈવ અને ન્યૂયોર્ક જેવી ફિલ્મોએ તેમની પ્રતિભાની ઝલક આપી, પરંતુ સાચી ઓળખ 'ગેંગ્સ ઓફ વાસેપુર'થી મળી. આ પછી કહાણી, 'ધ લંચબોક્સ' અને 'માંઝીઃ ધ માઉન્ટેન મેન' જેવી ફિલ્મોમાં દમદાર અભિનયે તેને ઈન્ડસ્ટ્રીના સૌથી ભરોસાપાત્ર એક્ટરમાં સામેલ કરી દીધા.આજની સક્સેસ સ્ટોરીમાં ચાલો જાણીએ નવાઝુદ્દીન સિદ્દીકીના કરિયર અને અંગત જીવન સાથે જોડાયેલી કેટલીક વધુ વાતો..બુઢાણાના ખેડૂત પરિવારમાં જન્મ અને બાળપણનું સાદું જીવનનવાઝુદ્દીન સિદ્દીકીનો જન્મ 19 મે 1974ના રોજ ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લાના નાના કસબા બુઢાણામાં એક ખેડૂત પરિવારમાં થયો હતો. ગામનું વાતાવરણ ખૂબ જ સાદું હતું અને ત્યાં મનોરંજનના સાધનો પણ બહુ ઓછા હતા. બાળપણમાં તે સ્થાનિક રામલીલા અને નાના-મોટા મંચ કાર્યક્રમો જોઈને અભિનયથી પ્રભાવિત થતો હતો.ગામની સાદગી અને જમીન સાથે જોડાયેલું જીવન તેના વ્યક્તિત્વનો મહત્વનો ભાગ બન્યો.આ જ કારણ છે કે આગળ જતાં તેના અભિનયમાં સામાન્ય માણસની સચ્ચાઈ દેખાય છે. નાના કસબામાં ઉછરેલા નવાઝે ક્યારેય વિચાર્યું ન હતું કે એક દિવસ તે બોલિવૂડના સૌથી પ્રભાવશાળી એક્ટર બની જશે. નવ ભાઈ-બહેનો વચ્ચે ઉછર્યો, નાના કસબામાંથી મોટા સપનાની શરૂઆતનવાઝુદ્દીન સિદ્દીકી નવ ભાઈ-બહેનોના મોટા પરિવારમાં ઉછર્યા. આટલા મોટા પરિવારમાં જવાબદારીઓ પણ વહેલી આવી જાય છે. ઘરમાં શિસ્ત અને મહેનતનું વાતાવરણ હતું, જેણે તેના સ્વભાવને મજબૂત બનાવ્યો. નાના કસબામાંથી હોવા છતાં, નવાઝમાં કંઈક અલગ કરવાની ઈચ્છા હતી. પરિવારના સાધારણ જીવન અને મર્યાદિત સંસાધનો વચ્ચે તેણે મોટા સપના જોયા. આ જ સપનું પાછળથી તેને ગામમાંથી બહાર નીકળીને



એક્ટિંગની દુનિયા તરફ લઈ ગયું. તેના માટે આ સફર સરળ નહોતો, પરંતુ બાળપણની પરિસ્થિતિઓએ તેને સંઘર્ષ માટે તૈયાર કર્યા.કેમિસ્ટની નોકરી કરતા સમયે એક્ટિંગનો ચસકો લાગ્યો કોલેજમાંથી કેમેસ્ટ્રીમાં ગ્રેજ્યુએશન કર્યા પછી, નવાઝુદ્દીન સિદ્દીકીએ વડોદરામાં કેમિસ્ટની નોકરી કરી. આ જ સમય હતો જ્યારે તેમણે પહેલીવાર થિયેટરનું નાટક જોયું અને અભિનયનું સપનું તેમના મનમાં જન્મ્યું. એક નાટક જોયા પછી તેને લાગ્યું કે આ જ તે દુનિયા છે જેમાં તે પોતાને જોવા માંગે છે.\ તે રાત્રે તેણે નક્કી કર્યું કે જીવનમાં ગમે તે થાય, પણ અભિનય ચોક્કસ કરશે. આ નિર્ણય તેના જીવનનો સૌથી મોટો વળાંક સાબિત થયો અને તેણે સ્થિર નોકરી છોડીને અભિનયના અનિશ્ચિત માર્ગે ચાલવાનું જોખમ ઉઠાવ્યું. દિલ્હી આવીને થિયેટર જોઈન કરવાનો નિર્ણયનોકરી છોડ્યા પછી નવાઝુદ્દીન દિલ્હી પહોંચ્યો અને થિયેટર સાથે જોડાવાનો નિર્ણય કર્યો. આ પગલું ખૂબ જ જોખમી હતું કારણ કે તેની પાસે સ્થાયી આવકનું કોઈ સાધન નહોતું. પરંતુ એક્ટિંગ પ્રત્યેનો જુસ્સો એટલો મજબૂત હતો કે તેણે દરેક મુશ્કેલીને સ્વીકારી. દિલ્હીના થિયેટર ગ્રુપ્સમાં કામ કરતી વખતે તેમણે મંચની બારીકાઈઓ શીખી અને અભિનયની સમજ વિકસાવી. થિયેટરે તેને આત્મવિશ્વાસ આપ્યો અને આ જ અનુભવ આગળ જતાં ફિલ્મોમાં તેમના અભિનયનો મજબૂત પાયો બન્યો.થિયેટરમાં રુચિ વધ્યા પછી નવાઝુદ્દીન સિદ્દીકીએ દિલ્હીની પ્રતિષ્ઠિત નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા (NSD) માં પ્રવેશ લીધો. અહીં તેને અભિનયની વ્યાવસાયિક તાલીમ મળી અને અભિનયના તકનીકી પાસાઓને સમજવાની તક મળી. NSD ના દિવસોમાં તેણે ઘણા નાટકોમાં કામ કર્યું અને પોતાની કળાને નિખારી.\આ સંસ્થા તેના માટે જીવનનો સૌથી મહત્વપૂર્ણ પડાવ સાબિત થઈ કારણ કે અહીંથી જ તેને અભિનયમાં આત્મવિશ્વાસ મળ્યો અને તેણે મોટા સપના જોવાનું શરૂ કર્યું. નવાઝ કહે છે- NSD એ મને તે આત્મવિશ્વાસ આપ્યો જે બોલિવૂડના ઘણા લોકો પાસે નથી હોતો.દિલ્હીમાં થિયેટર કરતી વખતે નવાઝુદ્દીનને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. ઘણી વાર તેમની પાસે ભાડું ચૂકવવા કે રોજિંદા ખર્ચ માટે પણ પૈસા નહોતા. આવા સમયે મિત્રો અને સાથી કલાકારોએ તેનો સાથ આપ્યો. તે ઘણા લોકો સાથે રૂમમાં રહેતો હતો અને અત્યંત સાદું જીવન જીવતો હતો. સંઘર્ષના આ વર્ષો તેમના માટે શીખવાનો અને પોતાને મજબૂત બનાવવાનો સમય હતો. આ જ અનુભવોએ તેમને જમીન સાથે જોડાયેલા પાત્રો ભજવવાની ક્ષમતા આપી.NSDમાંથી અભ્યાસ પૂરો કર્યા પછી નવાઝુદ્દીન મુંબઈ પહોંચ્યા. અહીં શરૂઆત ખૂબ જ મુશ્કેલ રહી. ફિલ્મોમાં કામ મળતા પહેલા તેણે ગુજરાન ચલાવવા માટે વોચમેનની નોકરી પણ કરી. દિવસ દરમિયાન ઓડિશન અને રાત્રે નોકરી, આ જ તેની દિનચર્યા બની ગઈ હતી. પરંતુ તેણે હાર ન માની અને સતત પ્રયાસ કરતો રહ્યો. આ સંઘર્ષ તેના કરિયરનો મહત્વનો ભાગ રહ્યો જેણે તેને મજબૂત બનાવ્યો.

### 'નવા કલાકારોનું શોષણ કરીને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવાય છે'

# તનુશ્રી દત્તાએ ગ્લેમર પાછળના ગંદા ખેલની પોલ ખોલી- 'મોટા વાયદાની જાળમાં સપનાના સોદા થાય છે



ફિલ્મ 'આશિક બનાયા આપને'થી ફેન્સના દિલમાં ખાસ સ્થાન બનાવનાર તનુશ્રી દત્તાએ લાંબા સમયથી ફિલ્મોથી અંતર જાળવી લીધું છે. જો કે, અવારનવાર તે વિવિધ નિવેદનો આપીને લાઈમલાઈટમાં રહેવાનો પ્રયત્ન કરતી રહે છે. તાજેતરમાં જ તેણે ફિલ્મ ઈન્ડસ્ટ્રી (શોબિઝ) માં નવા કલાકારોના શોષણને લઈને ગંભીર દાવા કર્યા છે. તેણે કહ્યું કે, 'મનોરંજન જગતમાં ઘણા નવા લોકોનું શોષણ થાય છે અને કેટલાકને તો દેહ વ્યાપાર સુધી ધકેલી દેવામાં આવે છે.'યુટ્યુબ ચેનલ 'મેરી સહેલી' સાથેની વાતચીતમાં તનુશ્રીએ કહ્યું કે, 'ઈન્ડસ્ટ્રીમાં આવતા ઘણા નવા લોકોને પહેલા વખાણ અને મોટા વાયદાઓથી આકર્ષિત કરવામાં આવે છે. કોઈને કહેવામાં આવે છે કે, તમે હિરોઈન બનશો કે મોટા સ્ટાર બનશો, પરંતુ ઘણીવાર આ જ વાતો આગળ જતાં એક જાળની શરૂઆત બની જાય છે.' તનુશ્રીએ કહ્યું, 'ઘણા લોકો પહેલા નવા કલાકારોના વખાણ કરે છે અને પછી તેમને અલગ-અલગ લોકો સાથે મળવા માટે કહે છે. આવા માહોલમાં કલાકારોને ખૂબ સંયમ અને સાવધાની સાથે આગળ વધવું પડે છે.'તનુશ્રીએ કહ્યું કે, 'બાળપણમાં માતા-પિતા જે સાવધાન રહેવાની શીખ આપે છે, તે મોટા થયા પછી પણ લાગુ પડે છે. જેમ બાળકોને અજાણ્યા લોકો સાથે ન જવાની સલાહ આપવામાં આવે છે, તેમ જ ઈન્ડસ્ટ્રીમાં પણ સાવચેત રહેવું જરૂરી છે.' તેણે જણાવ્યું કે, 'અહીં લાલચ અલગ રીતે આપવામાં આવે છે. ઘણા લોકો કલાકારોની મહત્વાકાંક્ષા, અપેક્ષાઓ અને સપનાનો ઉપયોગ કરે છે.'

તનુશ્રીએ જણાવ્યું કે, તે આ મુદ્દાઓ પર એટલા માટે બોલે છે, જેથી ઈન્ડસ્ટ્રીમાં આવનારા નવા લોકોને ચેતવણી મળી શકે.તનુશ્રીએ 'આશિક બનાયા આપને', 'ભાગમ ભાગ', 'ઢોલ', 'ગુડ બોય બેડ બોય' અને 'રિસ્ક' જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે.એક્ટ્રેસે એમ પણ કહ્યું, 'ઘણા છોકરા-છોકરીઓ અહીં આવે છે. તેમનો ઉપયોગ કરવામાં આવે છે અને તેમનું શોષણ થાય છે, પછી તેમને છોડી દેવામાં આવે છે. કેટલાક લોકો પછીથી પ્રોસ્ટિટ્યુશનમાં જતા રહે છે, કારણ કે તેમની સાથે એટલું બધું શોષણ થઈ ચૂક્યું હોય છે કે લોકો તેમને તે ધંધામાં ધકેલી દે છે.'તેણે આગળ કહ્યું, 'કેટલાક લોકો એટલા બધા માનસિક રીતે ભાંગી પડે છે કે પોતાના શહેર પાછા જતા રહે છે. અને આ વાર્તાઓ ક્યારેય બહાર આવતી નથી. બહાર ફક્ત સફળતાની વાર્તાઓ જ બતાવવામાં આવે છે.'

તનુશ્રીએ એ પણ જણાવ્યું કે, તેણે એક એક્ટ્રેસ સાથે મિત્રતા તોડી નાખી હતી, કારણ કે તે વાતચીતમાં ઈન્ડસ્ટ્રીમાં સમાધાનને યોગ્ય ઠેરવવા જેવી વાત કહેવામાં આવી હતી. તેણે કહ્યું કે, 'જો કોઈની સાથે અંગત સંબંધમાં રહેવું મારી ઈચ્છા હોય તો તે અલગ વાત છે, પરંતુ તે પોતાના જીવનનો સોદો નહીં કરું.' તેણે કહ્યું, 'હું તે ધંધામાં નથી. હું એક કલાકાર છું.'2018માં તનુશ્રીએ MeToo ચળવળ હેઠળ નાના પાટેકર પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. એક્ટ્રેસના કહેવા પ્રમાણે, નાના પાટેકરે તેને 2009માં ફિલ્મ 'હોર્ન ઓકે પ્લીઝ'ના સેટ પર હેરાન કરી હતી. તનુશ્રીએ આરોપ લગાવતા કહ્યું હતું કે, 'નાના પાટેકર જબરદસ્તી મારી નજીક આવવા માંગતા હતા, તે શૂટિંગ દરમિયાન ગીતનો ભાગ નહતા, તેમ છતા મારી સાથે ઈન્ટીમેન્ટ થવાનો પ્રયાસ કર્યો હતો.' તેણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે તેણે આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે ફિલ્મમાં રાખી સાવંતને રિપ્લેસ કરવામાં આવી હતી.તનુશ્રી દત્તાએ નાના પાટેકર વિરુદ્ધ ગંભીર આરોપ લગાવ્યા હતા.

નાના પાટેકર સામેનો જાતીય સતામણીનો કેસ બંધ.

### ઈમ્તિયાઝની ફિલ્મ 'મૈં વાપસ આઉંગા'નું ટીઝર રિલીઝ

# દિલજિત દોસાંઝ લીડ રોલમાં જોવા મળશે; ભારત-પાક ભાગલા વચ્ચે અધૂરી પ્રેમ કહાણી



ફિલ્મ મેકર ઈમ્તિયાઝ અલીની આગામી ફિલ્મ 'મૈં વાપસ આઉંગા'નું ટીઝર શુક્રવારે બપોરે 1:00 વાગ્યે રિલીઝ કરવામાં આવ્યું છે. ફિલ્મમાં દિલજિત દોસાંઝ, નસીરુદ્દીન શાહ, વેદાંગ રૈના અને શરવરી વાઘ મુખ્ય ભૂમિકાઓમાં છે. ટીઝર પરથી અંદાજ લગાવી શકાય છે કે આ ફિલ્મ ભારત-પાકિસ્તાન વિભાજનની થીમ પર આધારિત એક ઈમોશનલ લવ સ્ટોરી છે. આ ફિલ્મ આ જ વર્ષે જૂનમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. ટીઝરમાં કલાકારોનો પરિચય કરાવવામાં આવ્યો છે. તેમાં દિલજિત દોસાંઝ એક યુટ્યુબરના રોલમાં જોવા મળી રહ્યા છે. વાર્તામાં દિલજીત ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાની મદદથી નસીરુદ્દીન શાહને તેમના દાયકાઓ જૂના પ્રેમ સાથે ફરીથી જોડવાનો પ્રયાસ કરતા જોવા મળી રહ્યા છે. જોકે, આ અટકળો પર સંપૂર્ણ મહોર ફિલ્મનું ટ્રેલર આવ્યા પછી જ લાગશે. ફિલ્મના ટાઈટલ ટ્રેક 'મૈં વાપસ આઉંગા'નો ટીઝરમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. તેને ખુદ દિલજિત દોસાંઝે ગાયું છે.

ફિલ્મના વીડિયોને જોઈને લાગી રહ્યું છે કે વેદાંગ રૈના તેમાં નસીરુદ્દીન શાહના યુવા અવતારની ભૂમિકા ભજવી રહ્યા છે. જ્યારે, શર્વરી વાઘ ફિલ્મમાં તેમની પ્રેમિકાના પાત્રમાં જોવા મળી રહી છે. આ ફિલ્મ એક છોકરા અને એક છોકરીની પ્રેમ કહાણીથી શરૂ થઈને આખા દેશની ભાવનાઓને સ્પર્શતી આગળ વધે છે.'મૈં વાપસ આઉંગા' દ્વારા દિલજિત દોસાંઝ અને ઈમ્તિયાઝ અલી બીજી વાર સાથે કામ કરી રહ્યા છે. આ પહેલા આ જોડીએ 'અમર સિંહ ચમકીલા'માં સાથે કામ કર્યું હતું, જેને એમી એવોર્ડ્સમાં નોમિનેશન મળ્યું હતું. ખાસ વાત એ છે કે આ ફિલ્મમાં ઈમ્તિયાઝ અલી, સંગીતકાર એ.આર. રહેમાન અને ગીતકાર ઈર્શાદ કામિલની મશહૂર ત્રિપુટી ફરીથી પાછી ફરી રહી છે. ફિલ્મ વિશે વાત કરતા નિર્દેશક ઈમ્તિયાઝ અલીએ કહ્યું, શું પ્રેમ ક્યારેય ખોવાઈ શકે છે? આપણા સમયની સૌથી મોટી વાર્તા માઈગ્રેશનની છે. આ વાર્તા વિભાજન સમયે લોકોની યાદો અને અનુભવોથી પ્રેરિત છે. મને આ વાર્તા મોટા પડદા પર કહેવાનો મોકો મળ્યો, આ મારું સૌભાગ્ય છે.

### સચિન, યુવરાજ અને મલાઈકા સહિત અનેક સેલેબ્સ પહોંચ્યાં

# કૃતિકા-ગૌરવે લગ્ન પછી ગ્રાન્ડ આફ્ટર-પાર્ટી આપી કપલે 'મુજસે શાદી કરોગી' ગીત પર ડાન્સ કર્યો



ન્યૂવેડ કપલ કૃતિકા કામરા અને ગૌરવ કપૂરે તેમના લગ્ન પછી 12 માર્ચની રાત્રે મુંબઈમાં આફ્ટર-પાર્ટી આપી હતી. આ ઉજવણીમાં બોલિવૂડથી લઈને સ્પોર્ટ્સ જગતના ઘણા મોટા સેલેબ્સે હાજરી આપી હતી. સચિન તેંડુલકર, વિદ્યા બાલન અને મલાઈકા અરોરા જેવા સ્ટાર્સ આ કપલને અભિનંદન આપવા પહોંચ્યા હતા. આ રિસેપ્શનનો એક વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેમાં ગૌરવ કપૂર 'મુજસે શાદી કરોગી' ગીત પર કૃતિકા કામરા માટે ડાન્સ કરતા જોવા મળી રહ્યા છે. પાર્ટીમાં કૃતિકા બ્લુ બોડી હગિંગ ગાઉન અને ડાયમંડ નેકલેસમાં પહોંચી હતી, જ્યારે ગૌરવ પણ બ્લુ ફોર્મલ સૂટમાં જોવા મળ્યો હતો.પાર્ટીમાં ક્રિકેટ જગતના સચિન તેંડુલકર, વીરેન્દ્ર સેહવાગ, યુવરાજ સિંહ અને ઝહીર ખાન આ કપલને અભિનંદન આપવા પહોંચ્યા હતા. જ્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી વિદ્યા બાલન તેના પતિ સિદ્ધાર્થ રોય કપૂર સાથે હાજર રહી હતી.પાર્ટીમાં મલાઈકા અરોરા તેના રૂમર્ડ બોયફ્રેન્ડ હર્ષ મહેતા સાથે જોવા મળી હતી, તો ફરહાન અખ્તર અને શિબાની દાંડેકરે પણ હાજરી આપી હતી. ઉપરાંત નેહા ધૂપિયા, અંગદ બેદી, સોહા અલી ખાન, નકુલ મહેતા તેની પત્ની જાનકી પારેખ સાથે અને એક્ટ્રેસ પૂજા ગૌર પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. કૃતિકા કામરા અને ગૌરવ કપૂરે 11 માર્ચની સાંજે મુંબઈના બાંદ્રા સ્થિત પોતાના ઘરે એક ખાનગી સમારોહમાં રજિસ્ટર્ડ મેરેજ કર્યા હતા. કૃતિકા અને ગૌરવે કોઈ મોટા ધામધૂમ અને પરંપરાગત લગ્નને બદલે ઘરે જ લગ્ન કરવાનો નિર્ણય કર્યો. આ સમારોહમાં ફક્ત પરિવારના સભ્યો અને કેટલાક નજીકના મિત્રો જ હાજર રહ્યા હતા. ફરહાન અખ્તર અને શિબાની દાંડેકરે પણ હાજરી આપી હતી. ઉપરાંત નેહા ધૂપિયા, અંગદ બેદી, સોહા અલી ખાન, નકુલ મહેતા તેની પત્ની જાનકી પારેખ સાથે અને એક્ટ્રેસ પૂજા ગૌર પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. કૃતિકા કામરા અને ગૌરવ કપૂરે 11 માર્ચની સાંજે મુંબઈના બાંદ્રા સ્થિત પોતાના ઘરે એક ખાનગી સમારોહમાં રજિસ્ટર્ડ મેરેજ કર્યા હતા. કૃતિકા અને ગૌરવે કોઈ મોટા ધામધૂમ અને પરંપરાગત લગ્નને બદલે ઘરે જ લગ્ન કરવાનો નિર્ણય કર્યો. આ સમારોહમાં ફક્ત પરિવારના સભ્યો અને કેટલાક નજીકના મિત્રો જ હાજર રહ્યા હતા.

### સેન્સર વિવાદમાં ફસાઈ છે ફિલ્મ

# થલપતિ વિજયની 'જન નાયકન'ની OTT ડીલ કેન્સલ એમેઝોન પ્રાઈમ વીડિયોએ 120 કરોડનો કોન્ટ્રાક્ટ કેન્સલ કર્યો



થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મ 'જન નાયકન'ની મુશ્કેલીઓ ફરી એકવાર વધી ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સેન્સર બોર્ડ સાથે ચાલી રહેલા વિવાદ અને રિલીઝમાં થઈ રહેલા વિલંબને કારણે OTT પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમ વીડિયોએ ફિલ્મ સાથેની પોતાની ડીલ રદ કરી દીધી છે. એમેઝોન પ્રાઈમ વીડિયોએ 'જન નાયકન'ના ડિજિટલ રાઈટ્સ માટે લગભગ 120 કરોડ રૂપિયાની ડીલ કરી હતી. ચાહકો છેલ્લા બે મહિનાથી ફિલ્મ રિલીઝ થવાની રાહ જોઈ રહ્યા છે, પરંતુ અત્યાર સુધી તેની રિલીઝ ડેટ ફાઈનલ થઈ શકી નથી. હજી સુધી એ સ્પષ્ટ નથી થયું કે ફિલ્મને સેન્સર સર્ટિફિકેટ ક્યારે મળશે અને તે સિનેમાઘરોમાં ક્યારે રિલીઝ થશે. રિપોર્ટ્સ અનુસાર, આ જ કારણોસર એમેઝોન પ્રાઈમ વીડિયોએ આ ડીલ રદ કરી છે. સામાન્ય રીતે, OTT પ્લેટફોર્મ્સ થિયેટર રિલીઝની તારીખના આધારે જ કરાર કરે છે.

'જન નાયકન'ને શરૂઆતમાં 9 જાન્યુઆરીએ રિલીઝ કરવાનું આયોજન હતું. પરંતુ સેન્સર બોર્ડ (CBFC) એ ફિલ્મના કેટલાક સીન પર વાંધો ઉઠાવ્યો અને તેને હટાવવાનો નિર્દેશ આપ્યો. બોર્ડનું માનવું હતું કે કેટલાક દ્રશ્યો ખૂબ જ સંવેદનશીલ છે. આ પછી, નિર્માતાઓ અને સેન્સર બોર્ડ વચ્ચે વિવાદ વધ્યો અને મામલો કોર્ટ સુધી પહોંચી ગયો. બે મહિનાથી વધુ સમય વીતી ગયા પછી પણ ફિલ્મ અધ્ધરતાલ લટકેલી છે.વિજયની ફિલ્મ જન નાયકનમાં બોબી દેઓલ મુખ્ય વિલનની ભૂમિકા ભજવી રહ્યા છે.વિવાદ ઉકેલવા માટે મેકર્સે કોર્ટમાંથી કેસ પાછો ખેંચ્યો અને રિવાઈઝિંગ કમિટી પાસે પહોંચ્યા. 9 માર્ચે ફિલ્મની સ્ક્રીનિંગ રાખવામાં આવી હતી, પરંતુ છેલ્લી ઘડીએ કમિટીના એક સભ્ય બીમાર પડવાને કારણે તેને રદ કરવી પડી. સ્ક્રીનિંગ રદ થવાથી રિવ્યૂ પ્રક્રિયામાં વધુ વિલંબ થયો છે.વિજય હવે 33 વર્ષની લાંબી ફિલ્મી કારકિર્દી છોડીને રાજકારણમાં સંપૂર્ણપણે સક્રિય થશે. વિજય હવે 33 વર્ષની લાંબી ફિલ્મી કારકિર્દી છોડીને રાજકારણમાં સંપૂર્ણપણે સક્રિય થશે. વિજયની આ છેલ્લી ફિલ્મ માનવામાં આવી રહી છે. વિજય તમિલગા વેટ્રી કઝગમ (TVK) પાર્ટીના પ્રમુખ છે. તેની પાર્ટીએ માર્ચ-એપ્રિલમાં યોજાનારી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.તાજેતરમાં વિજયે પોતાની એક્ટિંગ કારકિર્દીમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી હતી. તેણે 33 વર્ષની લાંબી ફિલ્મી કારકિર્દી પછી ફિલ્મોને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો. તેણે આ જાહેરાત મલેશિયામાં ફિલ્મના ઓડિયો લોન્ચ દરમિયાન કરી હતી. હવે તે રાજકારણમાં સંપૂર્ણપણે સક્રિય થશે.